પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૦-૦૨-૨૦૨૬-શુક્રવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૬૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ગુજરાત વિધાનસભામાં લગ્ન નોંધણી સુધારા ખરડો રજૂ

## પ્રેમલગ્ન-ભાગેડુ લગ્ન અંગેની જોગવાઈઓમાં મહત્વપૂર્ણ સુધારા કરાશે : માતા-પિતાને અગાઉથી જાણકારી આપવી ફરજીયાત કરાશે

નવી દિલ્હી, તા. ૨૦

ગુજરાતમાં લાંબા સમયથી લવ-જેહાદ અને તે સાથે પરિવારની સંમતી વગર કરાતા પ્રેમલગ્નથી સર્જાઈ રહેલી સામાજીક સમસ્યાઓ સામે વિવિધ સમાજમાં ઉઠેલી માંગ બાદ રાજય સરકાર હવે લગ્ન નોંધણી ધારામાં ફેરફાર કરવા જઈ રહી હોવાના સંકેત છે.

આજે વિધાનસભામાં આ અંગેનો એક પ્રસ્તાવ રજુ થશે જેમાં લગ્ન નોંધણી સર્ટીફિકેટમાં માતા-પિતાની સંમતી નોંધણી સમયે ફકત કચેરીઓજ જે નોટીસ લગાડવામાં આવે છે તેના બદલે માતા-પિતા કે વાલી ને પણ અગાઉથી જાણ કરવાનું ફરજીયાત બનાવાય તેવા સંકેત છે.

હાલમાં જ ખાસ કરીને પાટીદાર સમાજે દિકરીઓના લગ્નમાં માતા-પિતાની સંમતી ફરજીયાત કરવાની માંગ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ સમક્ષ એક થી વધુ વખત કરી હતી તથા પાટીદાર સહિતના સમાજમાં વિવિધ મંચ પર પણ આ અંગે માંગ કરવામાં આવી હતી.

ખાસ કરીને રાજયમાં જે 'લવ-જેહાદ'ના કિસ્સા બને છે તેમાં હિન્દુઓના તમામ સમાજને સહન કરવું પડે છે અને તેમાં દિકરીને સૌથી વધુ તેનું જીવન બરબાદ થાય તેવી સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે તે અંગે પણ સરકાર ગંભીર છે અને આ અંગે હવે કેવી કાનૂની જોગાવાઈ થાય છે તેના પર નજર છે.

જો કે સરકારના આ સંભવત પ્રસ્તાવિત કાનૂનમાં બંધારણના મૂળભૂત અધિકારનો ભંગ ન થાય તે ખાસ જોવામાં આવશે અને અદાલતોની એરણે તે ખરો ઉતરે તે નિશ્ચિત કરાશે તેવી સરકાર માટે આ કાનૂન તૈયાર કરીને પછી સમય કરવા તે મોટો પડકાર છે. હવે વિધાનસભામાં તેના પર ચર્ચા સમયે પણ સભ્યોના મંતવ્યો મહત્વના બની જશે.

દેશમાં કોઈ રાજયમાં આ કાનૂન નથી તો સરકાર બીજી તરફ સમાન નાગરિક ધારો (કોમન સિવિલ કોડ) પણ તૈયાર કરી રહી છે જેમાં તમામ સમુદાય માટે લગ્ન-છુટાછેડા વિ. માટે પણ કાનૂન આવશે અને તેની સરકાર બેવડા દોરે કામ કરી રહી છે. જો લગ્ન નોંધણી કાનૂન સુધારવામાં આવે તો તેનાથી પ્રેમલગ્નમાં કઈ રીતે ફેર પડશે તે પણ જોવું રસપ્રદ હશે.

પાટીદાર સહિત સમાજના અગ્રણીઓ વિધાનસભામાં હાજર

આજે ગુજરાત વિધાપસભામાં લગ્ન સુધારા વિધેયક ગૃહ વિભાગનો હવાલો સંભાળતા હર્ષ સંઘવીએ રજુ કર્યું છે અને તે સમયે અગાઉ સરકાર સમક્ષ આ અંગે અનેક વખત રજુઆત કરનાર પાટીદાર સમાજના વિવિધ અગ્રણીઓ આજે વિધાનસભામાં પ્રેક્ષક ગેલેરીમાં તેમની માંગણી સ્વીકારાઈ રહી છે તેના સાક્ષી બનવા માટે પહોંચ્યા છે.

એટલું જ નહીં એક વખત વિધેયક પસાર થયા બાદ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી બન્નેને મળીને સરકારે જે રીતે હકારાત્મક વલણ અપનાવ્યું છે તે બદલ તેમનો આભાર પણ માનશે.



# સિંગલ મધરને પૂર્ણ વાલી ગણવા બોમ્બે હાઈકોર્ટે આપેલો ચૂકાદો

## રેપ પીડિત માતાની તરફેણમાં હાઈકોર્ટ ચુકાદો સંભળાવ્યો

નવી દિલ્હી, તા. ૨૦

બોમ્બે હાઈકોર્ટની ઔરંગાબાદ પીઠે બાળકીના પિતાનું નામ સ્કૂલ રેકોર્ડમાંથી હટાવવાની બળાત્કાર પીડિત માતાની અરજી પર સુનાવણી કરી. કોર્ટે કહ્યું કે બાળકનું પાલનપોષણ એકલા કરતી માતાને સંપૂર્ણ વાલી માનવું એ દયા નથી, પરંતુ બંધારણ પ્રત્યેની નિષ્ઠા છે.

જસ્ટિસ વિભા કાંકણવાડી અને જસ્ટિસ હિતેન વેણુગાવકરની પીઠે કહ્યું કે બાળકની ઓળખ એવા પિતા સાથે શા માટે જોડવી, જેનો જીવનમાં કોઈ સંબંધ નથી? બંધારણની કલમ ૨૧ સન્માન સાથે જીવવાનો અધિકાર આપે છે અને ઓળખ પણ તે જ ગરિમાનો એક ભાગ છે.

ખરેખરમાં, આ કેસમાં માતા બળાત્કાર પીડિતા છે. ડીએનએ ટેસ્ટથી આરોપી બાયોલોજિકલ પિતા સાબિત થયો હતો. પરંતુ તેણે બાળકથી અલગ રહેવાનું પસંદ કર્યું. આ છતાં જન્મ પ્રમાણપત્ર અને સ્કૂલના રેકોર્ડમાં પિતાનું નામ નોંધાયેલું હતું. સ્કૂલે તેમાં સુધારા કરવાનો ઈનકાર કર્યો, ત્યારે

માતા-પુત્રી હાઈકોર્ટ પહોંચ્યા. કોર્ટે સ્પષ્ટ કર્યું કે સ્કૂલ જાતિ પ્રમાણપત્ર સત્તાધિકારી નથી, પરંતુ વિશેષ કેસમાં રેકોર્ડને સુધારી શકાય છે.

ઔરંગાબાદ બેઠક પર બેઠેલા જસ્ટિસ વિભા કંકનવાડી અને જસ્ટિસ હિતેન વેનેગાવકરની ડિવિઝન બેન્ચે ૨ ફેબ્રુઆરીએ આ નિર્ણય સંભળાવ્યો હતો. બેન્ચે કહ્યું

અનુસંધાન પાના ૭ પર

# ટ્રમ્પની બોર્ડ ઓફ પીસ મીટિંગમાં ભારત સામેલ : ગાઝા માટે રૂ. ૧.૫ લાખ કરોડનું રાહત પેકેજ

## ૯ દેશો ૬૬ હજાર કરોડ અને અમેરિકા ૯૦ હજાર કરોડનું ફંડ આપશે : ટ્રમ્પ

નવી દિલ્હી, તા. ૨૦

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના 'બોર્ડ ઓફ પીસ'ની પ્રથમ બેઠકમાં ભારતે ગુરુવારે નિરીક્ષક દેશ તરીકે ભાગ લીધો. આ બેઠક વોશિંગ્ટન ડીસીમાં યોજાઈ હતી. ભારત તરફથી ભારતીય દૂતાવાસમાં તહેનાત ચાર્જ દ'અફેયર્સ (સીનિયર અધિકારી) નમગ્યા સી ખમ્પાએ ભાગ લીધો.




ભારતે હજુ સુધી સ્પષ્ટ કર્યું નથી કે તે બોર્ડનો પૂર્ણ-સમયનો સભ્ય બનશે કે નહીં. ભારતે ગયા મહિને દાવોસમાં તેના લોન્ચ કાર્યક્રમમાં ભાગ લીધો ન હતો.'બોર્ડ ઓફ પીસ'ની બેઠકમાં ગાઝાના પુનર્નિર્માણ માટે ૧.૫ લાખ કરોડ રૂપિયાના રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે. ટ્રમ્પે કહ્યું કે ૯ સભ્ય દેશો ગાઝા રાહત પેકેજ માટે ૬૩ હજાર કરોડ રૂપિયા (૭ અબજ ડોલર) આપશે. જ્યારે, અમેરિકા પોતે ૯૦ હજાર કરોડ રૂપિયા (૧૦ અબજ ડોલર) આપશે.તેમજ, ૫ દેશોએ યુદ્ધગ્રસ્ત પેલેસ્ટાઈન વિસ્તારમાં સૈનિકો તહેનાત કરવા સંમતિ આપી છે. વોશિંગ્ટનમાં યોજાયેલી આ બેઠકમાં લગભગ ૫૦ દેશોના અધિકારીઓ સામેલ થયા હતા.આમાંથી ૨૭ દેશો બોર્ડના સભ્યો છે, જેમાં અઝરબૈજાન, બેલારુસ, ઈજિપ્ત, હંગેરી, ઈન્ડોનેશિયા, ઈઝરાયેલ, જોર્ડન, મોરોક્કો, પાકિસ્તાન, કતાર, સાઉદી અરેબિયા, તુર્કી, UAE, ઉઝબેકિસ્તાન અને વિયેતનામનો સમાવેશ થાય છે. ભારત અને યુરોપિયન યુનિયન (EU)

અનુસંધાન પાના ૭ પર

# ટ્રમ્પે દુનિયા સામે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝની ફજેતી કરી

## ટ્રમ્પે ઉભા થઈ જાવ કહેતા જ શાહબાઝ આદેશ પાળતા હોય એમ માથું નમાવીને ઉભા થયા

નવી દિલ્હી, તા. ૨૦

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફ સાથે આખી દુનિયા સામે એક જુનિયર જેવો વ્યવહાર કર્યો, તેમને પોતાના જ વખાણ કરતા પાકિસ્તાની PMને ઊભા રહેવાનો આદેશ આપ્યો. ટ્રમ્પે બોર્ડ ઓફ પીસની પહેલી બેઠકમાં ફરીથી તે જ જૂઠાણું પુનરાવર્તિત કર્યું છે કે તેમણે ૨૦૨૫ના ભારત-પાકિસ્તાન સૈન્ય તણાવ દરમિયાન બંને દેશો વચ્ચે મધ્યસ્થી કરી હતી. તેમણે કહ્યું હતું કે જો યુદ્ધ રોકવામાં નહીં આવે તો બંને દેશો પર ૨૦૦ ટકા ટેરિફ લાગશે. જોકે, ભારતે ગયા વર્ષે મે મહિનામાં થયેલા સૈન્ય સંઘર્ષમાં કોઈ ત્રીજા દેશની મધ્યસ્થી અથવા કોઈ ફાઈટર જેટને નુકસાન થવાના તમામ દાવાઓને સતત નકારી કાઢ્યા છે.બોર્ડ ઓફ પીસ કાર્યક્રમમાં અન્ય દેશોના નેતાઓ સાથે સામેલ થયેલા પાકિસ્તાની પીએમ શાહબાઝ શરીફ માટે એક અસ્વસ્થ મોમેન્ટ ત્યારે આવી, જ્યારે ટ્રમ્પે પોતાની ખોટી મધ્યસ્થીની વાત કરતા PAK પીએમને ઊભા થવા માટે કહ્યું. ટ્રમ્પે કહ્યું, ‘‘પાકિસ્તાન અને ભારત. આ મોટો મામલો હતો. મને લાગે છે કે તમારે (શરીફ) ઊભા થવું જોઈએ. ચાલો, ઊભા થઈ જાઓ. પાકિસ્તાન અને ભારત. ખૂબ ખૂબ આભાર.

અનુસંધાન પાના ૭ પર

# છેલ્લા એક માસમાં સોનાની 3 અને ચાંદીની ૨.૫ ગણી આયાત

## સોના-ચાંદીની વધતી આયાતથી દેશની આર્થિક તંદુરસ્તીને જોખમ

નવી દિલ્હી, તા. ૨૦

દેશની આર્થિક તંદુરસ્તી માટે સોના-ચાંદીની વધતી આયાત મોટી પડકારરૂપ બની છે. આ વર્ષનાં જાન્યુઆરીમાં વેપાર ખાધ વધીને ૩૫ અબજ ડોલર થઈ ગઈ, જે ડિસેમ્બર ૨૦૨૫માં ૨૫ અબજ ડોલર હતી.

વેપાર ખાધમાં આવેલાં આ તેજ ઉછાળાનું એક મોટું કારણ દેશમાં સોના અને ચાંદીની આયાતમાં આવેલો ઝડપી વધારો છે. સોનાની આયાત એક મહીનામાં ૩૫૦ ટકા એટલે કે લગભગ ૩ ગણી વધી ૧૨ અબજ ડોલર થઈ છે અને ચાંદીની આયાત ૧૨૭ ટકા એટલે કે લગભગ ૨.૫ ગણી વધીને ૨ અબજ ડોલર સુધી પહોંચી છે. આ આંકડાઓ બતાવે છે કે કિંમતો રેકોર્ડ હાઈ પર હોવા છતાં બજારમાં કિંમતી ધાતુઓની માંગ કેટલી જોરદાર છે.

ભારત મુખ્યત્વે પોતાની સોનાની જરૂરિયાત માટે પાંચ મોટા દેશો સ્વિટ્ઝર્લેન્ડ, યુએઈ, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને પેરુ પર નિર્ભર છે. સ્વિટ્ઝર્લેન્ડમાંથી લગભગ ૪ અબજ ડોલરનું સોનું ભારત આવ્યું, જે ગયા વર્ષની જાન્યુઆરીની તુલનામાં ૮૩૬ ટકા વધુ છે.

નુવામા રિસર્ચે કહ્યું કે ભારત-યુએસ અને ભારત-ઈયુ ટ્રેડ ડીલ નિકાસને ટેકો આપી શકે છે. રૂપિયામાં ઘટાડાથી નિકાસને લાભ મળી શકે છે અને ટ્રેડ ડિફિસિટ સંભાળવામાં મદદ મળી શકે છે. પરંતુ સોના-ચાંદીની વધતી આયાત વેપાર ખાધ માટે મોટું જોખમ છે.કેન્દ્ર સરકાર ખ્રઝ દેશો સાથે પ્રસ્તાવિત ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA)માં ગોલ્ડ પર કોઈ પણ પ્રકારની ટેરિફ છૂટ આપવાના મૂડમાં

અનુસંધાન પાના ૭ પર

# ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં આરતી દર્શન માટે રૂ. ૨૫૦ ચાર્જ

## મંદિર ઓથોરીટી દ્વારા વિવિધ આરતી દર્શન માટેના ચાર્જ નક્કી કરાયા

નવી દિલ્હી, તા. ૨૦

ભગવાનની ભક્તિ ભાવ અને ભક્તિથી કરવામાં આવે છે પણ મહાકાલની આરતીના દર્શન માટે તમારું ખિસ્સુ પણ ભરેલુ હોવુ જોઈશે, મતલબ કે મહાકાલની આરતીના દર્શન માટે ૨૫૦ રૂપિયા ભરવા પડશે.

સંધ્યા આરતીનું બુકીંગ બપોરે ૧૨ વાગ્યે અને શયન આરતીનું બુકીંગ બપોરે ૪ વાગ્યે શરૂ થશે. દર ભસ્મ આરતી સવારે ૪ વાગ્યે થશે. જેના માટે ૨૦૦ રૂપિયા ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. આરતીના દર્શન માટેનું બુકીંગ ઓનલાઈન થશે.ડિજીટલ સુવિધાના આરંભથી પુર્વ વ્યવસ્થા સમીતીના પ્રશાસક પ્રથમ કૌશિકે ગુરુવારે આરતી સ્થળ, પ્રવેશ માર્ગ, કાઉન્ટર વ્યવસ્થા અને ટેકનીકલ નિયંત્રણ કક્ષનું નિરીક્ષણ કરી વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.પોર્ટલનો પ્રારંભ થતા જ તેમણે પ્રથમ સંધ્યા આરતીની ઓનલાઈન બુકીંગ વ્યવસ્થાનો આરંભ કર્યો હતો. મંદિર પ્રશાસને શ્રદ્ધાળુઓને આગ્રહ કર્યો હતો કે તેઓ માત્ર અધિકૃત વેબસાઈટ પરથી જ બુકીંગ કરાવે. કોઈ વચેટીયા એ અનધિકૃત માધ્યમથી બુકીંગ ન કરાવે અને નિર્ધારિત રકમથી વધુ રકમ કોઈને

અનુસંધાન પાના ૭ પર

# અમિત શાહ માનહાની કેસમાં રાહુલ ગાંધીએ આરોપો નકાર્યા

## સુલતાન પુર કોર્ટમાં ૯ માર્ચે વધુ સુનાવણી હાથ ધરાશે

નવી દિલ્હી, તા. ૨૦

ગૃહમંત્રી અમિત શાહ વિશે કરેલી ટિપ્પણીના સંદર્ભમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ઉત્તર પ્રદેશના સુલતાનપુર ખાતે MP/MLA કોર્ટમાં હાજર થયા હતા. રાહુલ લગભગ ૨૦ મિનિટ સુધી કોર્ટમાં રહ્યા અને પોતાનું નિવેદન નોંધાવ્યું. આ કેસની આગામી સુનાવણી ૯ માર્ચે થશે.

વકીલોના જણાવ્યા અનુસાર, કોર્ટમાં પહોંચ્યા પછી રાહુલ ગાંધીએ હાથ જોડીને જજને પ્રણામ કર્યું. સુનાવણી પછી તેમણે જજનો આભાર પણ માન્યો. ત્યારબાદ તેઓ રામચેત મોચીની દુકાન જવા રવાના થયા. જ્યાં રાહુલ મોચીના પરિવારને મળશે. રામચેતનું ત્રણ મહિના પહેલા કેન્સરથી નિધન થયું હતું. રામચેત એ જ મોચી હતા જેની દુકાન પર રાહુલ ગાંધીએ એક વર્ષ પહેલા તેના જૂતા સીવ્યા હતા. રાહુલે રામચેતને સિલાઈ મશીન મોકલ્યું હતું.

રાહુલ ગાંધી સાથે આવેલા કોંગ્રેસ કાર્યકરોને પોલીસે બહાર અટકાવ્યા હતા, પરંતુ સુરક્ષા કર્મચારીઓ અંદર ગયા હતા. રાહુલ સુલતાનપુર પહોંચતાની સાથે જ કોંગ્રેસના કાર્યકરોએ "રાહુલ ઝિંદાબાદ!"ના નારા લગાવ્યા હતા, તેઓ માળા પહેરાવવા ગયા, પરંતુ રાહુલે ના પાડી હતી. ત્યારબાદ તેઓ હસતા હસતા કોર્ટમાં ગયા અને મીડિયા સાથે વાત પણ કરી નહોતી.

સુલતાનપુર કોર્ટની બહાર પોસ્ટરો લાગેલા છે. તેમાં રાહુલની તસવીર સાથે સત્યમેવ જયતે લખેલું છે. રાહુલ સવારે લગભગ ૯:૩૦ વાગ્યે દિલ્હીથી લખનઉ એરપોર્ટ પહોંચ્યા અને ત્યાંથી સુલતાનપુર જવા રવાના થયા હતા.

મામલો ૮ વર્ષ જૂનો છે. આરોપ છે કે રાહુલે ૨૦૧૮માં કર્ણાટક વિધાનસભા ચૂંટણી દરમિયાન અમિત શાહને લઈને કથિત અપમાનજનક ટિપ્પણી કરી હતી. રાહુલે ત્યારે કહ્યું હતું કે જે પાર્ટી ઈમાનદારીની વાત કરે છે,

અનુસંધાન પાના ૭ પર

# ઓમાનની ખાડીમાં રશિયા-ઈરાનનો યુદ્ધ અભ્યાસ

## અનિર્ણિત ઈરાનને ૧૫ દિવસનું અલ્ટીમેટમ આપતા ટ્રમ્પ

નવી દિલ્હી, તા. ૨૦

અમેરિકા આ સપ્તાહના અંત સુધીમાં ઈરાન પર હુમલો કરી શકે છે તેવા સંકેત વચ્ચે હવે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને પરમાણુ સમજુતી માટે ૧૫ દિવસનું અલ્ટીમેટમ

આપતા પ્રમુખ સામે અમેરિકા પણ વિકલ્પ વિચારતુ હોવાના સંકેત મળ્યા છે.

જો કે ઈરાન જરાપણ ગફલતમાં રહેવા માગતુ નથી અને તે વચ્ચે હવે રશિયાએ પણ સક્રિયતા દર્શાવી ઓમાનની ખાડીમાં અને હીન્દ મહાસાગરમાં ઈરાન સાથે નૌકાદળ યુદ્ધ અભ્યાસ શરૂ કરી દેતા સમગ્ર સ્થિતિને એક નવો વળાંક મળી ગયો છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે એરફોર્સ વનમાં પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે



ઈરાન એ જો પરમાણુ સમજુતી માટે તૈયાર હોય તો તેની પાસે ૧૦-૧૫ દિવસનો સમય છે અને તે સમયમાં કોઈ મહત્વપૂર્ણ સમજુતી નહી થાય તો ઈરાનની સ્થિતિ દુર્ભાગ્યપૂર્ણ હશે અને અમેરિકા આગળનું કદમ ઉઠાવી શકે છે.

અમેરિકાએ દબાણ વધારવા માટે આ ક્ષેત્રમાં તેની તાકાત વધારી છે. યુએસએસ અબ્રાહમ લિંકન બાદ હવે વધુ એક અમેરિકાનું સૌથી મોટુ વિમાનવાહક જહાજ યુએમએમ જેરાલ્ડ ફોર્સ પણ આ ક્ષેત્રમાં આવી રહ્યું છે તો બીજી બાજુ હવે રશિયા પણ સક્રિય બની ગયુ છે. મોસ્કોએ એક કડક સંદેશ મોકલતા જાહેર કર્યુ છે કે ઈરાન પરનો હુમલો સહન કરી લેવાશે નહી.

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકાને એરબેઝ આપવા બ્રિટને કરેલો સ્પષ્ટ ઈન્કાર

## ઈરાન પર યુદ્ધની તૈયારી વચ્ચે બ્રિટનના વલણથી ટ્રમ્પ લાલઘૂમ

નવી દિલ્હી, તા. ૨૦

ઈરાન પર હુમલો કરવાની અમેરિકાની યોજનાને મોટો ફટકો પડ્યો છે. બ્રિટિશ સરકારે આંતરરાષ્ટ્રીય કાયદાનું કારણ આપીને અમેરિકાને પોતાના સૈન્ય મથકોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો ઈનકાર કરી દીધો છે, જેના કારણે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ લાલઘૂમ થયા છે.

બ્રિટિશ સરકારે સ્પષ્ટ કર્યું છે કે તેઓ ઈરાન પરના કોઈપણ હુમલામાં ભાગીદાર બનીને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરવા માંગતા નથી. બ્રિટને ખાસ કરીને ગ્લોસ્ટરશાયર સ્થિત 'રોયલ એર ફોર્સ બેઝ ફેરફોર્ડ' અને હિંદ મહાસાગરમાં આવેલા અત્યંત વ્યૂહાત્મક 'ડિયેગો ગાર્સિયા' સૈન્ય મથકનો ઉપયોગ કરવાની પરવાનગી આપવાનો ઈનકાર કર્યો છે. બ્રિટને સ્પષ્ટ કર્યું છે કે તે માત્ર પોતાની અને સાથી દેશોની સુરક્ષા સુધી જ મર્યાદિત રહેશે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિટિશ સરકારના આ વલણની આકરી ટીકા કરી છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે, જો ઈરાન પરમાણુ કાર્યક્રમ પર સમજૂતી નહીં કરે, તો અમેરિકાને આ સૈન્ય મથકોની જરૂર પડી શકે છે. ટ્રમ્પે બ્રિટિશ વડાપ્રધાનના આ નિર્ણયને 'મોટી ભૂલ' ગણાવીને પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો છે.

આ વિવાદ પાછળ બ્રિટનની ચાગોસ ટાપુ સમૂહ મોરેશિયસને સોંપવાની યોજના પણ કારણભૂત મનાય છે. બ્રિટન આ ટાપુઓ મોરેશિયસને આપીને ડિયેગો ગાર્સિયા બેઝને ૯૯ વર્ષ માટે લીઝ પર પાછો લેવાની તૈયારી કરી રહ્યું છે,

અનુસંધાન પાના ૭ પર

## કામરેજ વિધાનસભામાં રૂ.૧૪૫૦ કરોડના ખર્ચે

# ૩૦.૫૫ હેક્ટરમાં એક જનરલ અને ત્રણ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલો સાકાર થશે

### દક્ષિણ ગુજરાતમાં નિર્માણ પામનાર ૩ અત્યાધુનિક ઇન્ટીગ્રેટેડ હોસ્પિટલોથી મેડિકલ ટુરિઝમ મેપમાં સુરત જિલ્લો મજબૂત સ્થાન પામશેઃ આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા

સુરત, તા.૨૦

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં કામરેજ વિધાનસભા ક્ષેત્રને આરોગ્ય ક્ષેત્રમાં સીમાચિહ્નરૂપ અને અણમોલ ભેટ આપી છે. કામરેજમાં અંદાજિત રૂ.૧૪૫૦ કરોડના ખર્ચે ૩૦.૫૫ હેક્ટર જેટલી વિશાળ જમીનમાં અત્યાધુનિક હોસ્પિટલ કેમ્પસનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે બજેટમાં રૂ.૨૫૦ કરોડની પ્રારંભિક જોગવાઈ કરવામાં આવી છે. જેના ભાગરૂપે ૧૫૦૦ બેડની જનરલ બ્રોડ સ્પેશિયાલિટી હોસ્પિટલ, ૫૦૦થી વધુ બેડની કાર્ડિયાક એન્ડ ન્યુરો સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, ૫૦૦થી વધુ બેડની યુરોલોજી એન્ડ નેફ્રોલોજી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ સાકાર થશે. આ એક જ કેમ્પસમાં જનરલ હોસ્પિટલની સાથે ત્રણ મુખ્ય સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલો ઈન્ટીગ્રેટેડ રીતે નિર્માણ પામશે, જે દક્ષિણ ગુજરાતનું સૌથી મોટું મેડિકલ હબ બની રહેશે. એટલું જ નહીં, મેડિકલ ટુરિઝમ, શિક્ષણ, સંશોધન અને ઈમરજન્સી સેવાઓ માટે એક આદર્શ સ્થળ ઉપલબ્ધ થશે.

આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં નિર્માણ પામનાર ૩ અત્યાધુનિક ઈન્ટીગ્રેટેડ હોસ્પિટલોથી દક્ષિણ ગુજરાતની આરોગ્ય સેવા અને સુવિધાઓમાં મોટો વધારો થશે જે સુરતને દેશના મેડિકલ ટુરિઝમ મેપ પર મજબૂત સ્થાન અપાવશે. વિવિધ રોગોના દર્દીઓ એક જ સ્થળે મલ્ટી સ્પેશિયલ આરોગ્ય સેવાઓ અને નિદાન-સારવારનો લાભ મેળવી શકશે. આ ઐતિહાસિક ભેટ બદલ તેમણે દક્ષિણ ગુજરાત અને કામરેજની જનતા વતી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# સાયણમાં બે ભાઈઓ દ્વારા પરપ્રાંતિય શ્રમિક પર હુમલો

### તું મારી વિરૂધ્ધ કંપનીનાં માણસોને કેમ ખોટી-ખોટી વાતો કરે છે?’તેમ કહી માર મરાયો

સુરત, તા.૨૦

ઓલપાડઃ-મુળ ઉત્તરપ્રદેશ રાજ્યનાં કાનપુર જિલ્લાનો શ્રમિક ધિરેન્દર પ્રદિપકુમાર બૌધ (ઉ.વ.૨૪)હાલમાં સાયણ સુગર રોડ ઉપર સિવાણ ગામની સીમમાં આવેલ ક્રિષ્ણા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની મારૂતિ ફેબ્રિક્સ કંપનીના રૂમમાં તેના બે ભાઈઓ સાથે રહે છે.આ ત્રણે ભાઈઓ મારૂતિ ફેબ્રિક્સ કંપનીમાં વોટરજેટ મશીન ચલાવવાનું કામ કરે છે.ગત તા.૦૩ નાં રોજ રાત્રે-૧૧:૩૦ કલાકના સુમારે ત્રણે ભાઈઓ રૂમમાં નિંદર માણી રહ્યા હતાં,તે સમયે તેઓના વતનના ગામમાં રહેતા અમિતરામ બાબુ બૌધ અને મોહિત રામબાબુ બૌધ બંન્ને તેઓની રૂમ ઉપર આવ્યા હતાં અને ધિરેન્દરને ઉંઘમાંથી ઉઠાડી ગંદી નાલાયક ગાળો બોલી ઝપાઝપી કરીને લડાઈ-ઝઘડો શરૂ કર્યો હતો.જેથી ધિરેન્ડરના અન્ય બે ભાઈઓ પણ ઉંઘમાંથી જાગી જઈ બંન્ને ઈસમોને લડાઈ-ઝઘડો ન કરવા સમજાવ્યા હતાં.તે સમયે અમિતરામ બૌધે રાવ કરી હતી કે,તારો ભાઈ ધિરેન્દર કંપનીમાં કામ કરતા અન્ય માણસોને અમારી વિરૂધ્ધમાં ખોટી-ખોટી વાતો કરે છે.જો કે ધિરેન્દરે આ વાતને નકારી કાઢી હોવા છતાંહાથમાં લાકડાનો ફટકો લઈને આવેલા અમિતરામ બૌધે આવેશમાં આવી જઈ ધિરેન્દરનાં ડાબા હાથમાં ફટકો મારી દેતા તેને ઈજા થઈ હતી. એટલું જ નહીં,આ બંન્ને આરોપી ભાઈઓ જતા-જતા ધિરેન્દરને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. આ બબાલ મામલે ઈજાગ્રસ્તનાં મોટાભાઈ ધર્મેન્દ્રકુમારે ઘટનાનાં દિવસે ઓલપાડ પોલીસ મથકમાં બંન્ને આરોપી ભાઈઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી.પરંતુ પોલીસે જે ફરીયાદનો ગુનો ૧૪ દિવસ પછી ગત તા.૧૭ નાં રોજ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# કામરેજની રામકબીર શાળામાં બોર્ડ વિદ્યાર્થીઓ માટે મોડેલ ટેસ્ટ

### ઇનામ વિતરણ તેમજ વિદાય શુભેચ્છા સમારોહ પણ યોજાયો

સુરત, તા.૨૦

કામરેજ ચારરસ્તા સ્થિત શ્રી ભારતીય વિદ્યામંડળ સંચાલિત શ્રી રામકબીર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા કામરેજ , પલસાણા અને ઓલપાડ તાલુકાના ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ કોઈ પણ જાતના ડર વગર આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી સારુ પરિણામ મેળવી શકે તે માટે બોર્ડની પેટર્ન મુજબ ઉત્તરવહી , ખાખી તેમજ બારકોડ સ્ટીકરનો ઉપયોગ કરી , નિષ્ણાંત, અનુભવી અને તજજ્ઞ પેપર સેટર વડે પેપર કઢાવીને બોર્ડ મુજબ પેપર ચકાસણી કરાવી હતી. કુલ ૭૭૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેનું પરિણામ આજ રોજ જાહેર કરવામાં આવ્યું હતું . જેમાં ધોરણ ૧૦ માં રામકબીર શાળાના પ્રથમ ક્રમે ખોખર રૂતવા પ્રફુલભાઇ ૯૭. ૫૦ % , દ્વિતીય ક્રમે બાંભણિયા ધ્વનિ સોહિલભાઇ ૯૫.૪૨ % , ત્રીજા ક્રમે ઠાકોર ગિરિરાજસિંહ હિંમતસિંહ ૯૫.૦૦ % મેળવ્યા હતા, જ્યારે અન્ય શાળાઓમાં હલધરૂ હાઈસ્કૂલ ના શેખ મોહમ્મદ ઉમર ઈમ્તિયાઝ ૯૦.૦૦ % , દ્વિતીય ક્રમે ડી આર જી ડી હાઈસ્કૂલ ની બારૈયા ધર્મિષ્ઠા ભરતભાઇ ૮૪.૭૯ % અને ત્રીજા ક્રમે બી એન બી હાઈસ્કૂલ ની મહિડા યશવી ૮૩.૫૪ %અને બલદાણિયા માયા ૮૩.૫૪ % મેળવ્યા હતાં. જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રથમ ક્રમે ચૌહાણ ભાર્ગવી દિલીપભાઇ ૯૦.૬૦ % , દ્વિતીય ક્રમે શર્મા શ્રીયા ભરતભાઈ ૮૯.૪૦%અને ત્રીજા ક્રમે રાછડીયા તીર્થ નિતેશભાઇ ૮૬.૮૦%જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ ક્રમે મુલતાની શકીલા ૮૧.૦૦% , દ્વિતીય ક્રમે ડાભી રીયા ૭૯.૨૫ % અને ત્રીજા ક્રમે મુલતાની શમીહા ૭૭.૦૦%સાથે ઉત્તીર્ણ થયા હતા. આ તમામ વિદ્યાર્થીઓને સન્માનપત્ર અને ટ્રોફી અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.તમામ તેજસ્વી તારલાઓનું અભિવાદન કરવા સંસ્થાના પ્રમુખ શ્રી અરવિંદભાઈ ભક્ત , તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પકેશભાઇ ચૌધરી , નાયબ મામલતદાર કામરેજના શ્રી હરપાલસિંહ સોલંકી , સર્કલ ઓફિસર કામરેજના સંકેતભાઇ ઠાકર , યુવરાજસિંહ ઘોડાદરિયા , સામાજિક કાર્યકર ભરતભાઈ ચૌધરી , મનહરભાઇ પરમાર , અન્ય શાળાના આચાર્યમિત્રો , શિક્ષકમિત્રો તેમજ ખૂબ જ મોટી સંખ્યામાં વાલીમિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. સંસ્થાના પ્રમુખ શ્રી એ વિદ્યાર્થીઓએ આખા વર્ષમાં કરેલી મહેનતથી નિડર બનીને બોર્ડ પરીક્ષા આપી ખૂબ જ સારું પરિણામ મેળવવા માટે શુભેચ્છા પાઠવી હતી. શાળાના આચાર્ય શ્રી એ ભાગ લેનાર તમામ શાળાના આચાર્ય શ્રી , શિક્ષકમિત્રોનો આભાર વ્યક્ત કરી શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમના સુંદર આયોજન માટે સંસ્થાના પ્રમુખ શ્રી અરવિંદભાઈ ભક્ત, માનદ્ મંત્રી શ્રી પરેશભાઈ ભક્ત, ખજાનચી શ્રી જીજ્ઞેશભાઈ ભક્ત , તથા અન્ય હોદ્દેદારોએ શાળાના આચાર્ય શ્રી તેમજ સમગ્ર રામકબીર શાળા પરિવારને અભિનંદન પાઠવી તમામ વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષા માં જ્વલંત સફળતા મેળવે તે માટે શુભ આશિષ પાઠવ્યા હતા . ઉદઘોષક તરીકે ઉમેશભાઇ ઠક્કરે ખૂબ જ સુંદર કામગીરી બજાવી હતી.

# ઠગાઈ કેસમાં આરોપી નિલેશ ગોહિલના આગોતરા જામીન મંજૂર

### બેંક સાથે છેતરપિંડી કરનારને કોર્ટે રાહત આપી

પ્રતાપ પ્રતિનિધિ,
સુરત,તા.૧૯

મજુરાગેટ સ્થિત SBI બેંકમાં બોગસ દસ્તાવેજોના આધારે લાખોની છેતરપિંડી આચરવાના વધુ એક કેસમાં મુખ્ય સૂત્રધાર તરીકે સંડોવાયેલા નિલેશ ગોહિલને સુરત સેશન્સ કોર્ટે આગોતરા જામીન મંજૂર કર્યા હતા. અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ આરોપી શીતલબેન સોલંકી (રહે. વડોદરા) એ ખોટી પગાર સ્લીપ અને બેંક ઓફ બરોડાની નકલી NOC રજૂ કરી મજુરા ગેટની sbi બેન્કમાંથી ૯.૧૪ લાખની લોન મેળવી બેંક સાથે વિશ્વાસઘાત કર્યો હતો.

તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, આ કૌભાંડમાં નિલેશ અને પ્રફુલ નામના શખ્સોએ દસ્તાવેજોમાં છેડછાડ કરી લોન મંજૂર કરાવી આપી હતી. તેના બદલામાં શીતલબેને ૩.૨૬ લાખ નિલેશના પિતરાઈ ભાઈ પાર્થ ગોહિલના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. પાર્થે આ રકમ ઉપાડીને નિલેશને આપી હોવાની કબૂલાત કરી છે. હાલમાં મુખ્ય સૂત્રધાર નિલેશ અને પ્રફુલ પોલીસ પકડથી દૂર છે, નિલેશ ગોહિલે પોલીસ પકડથી બચવા માટે વકીલ રહીમ શેખ મારફતે આગોતરા જામીન અરજી કરી હતી. જે કોર્ટે મંજૂર કરી હતી



# કુરૂક્ષેત્ર સ્મશાનભુમિ પર નવી બેઠકનો શિલાન્યાસ કરાયો

સુરત, તા.૨૦

કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ જીણોધ્ધાર ટ્રસ્ટ દ્વારા પિતૃ તર્પણ પૂજા વિધિ તથા સ્વજન ડાઘુઓ માટે નવી બેઠક વ્યવસ્થા નામે નૂતનભવનના નિર્માણનો ફાગણ સુદ બીજનાં દિવસે પ્રારંભ થયો હતો. આ પ્રસંગે ભૂમિ પૂજનનો કાર્યક્રમ રામમઢી આશ્રમના સંત શ્રી મૂળદાસબાપુ, અન્નપૂર્ણા ધામ મંદિરના ટ્રસ્ટી અને નર્મદા પરિક્રમાવાસી શ્રી નીતિનભાઈ મહેતા તથા જેમની જેમની આગામી દિવસોમાં ૫૦મી જન્મ જયંતી ટ્રસ્ટના લાભાર્થે ઉજવવા જઈ રહ્યા છે તેવા અનાવલ ગ્રુપના શ્રી છગનભાઈ પટેલ ના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ જીણોધ્ધાર ટ્રસ્ટના ટ્રસ્ટીગણ, રાંદેર પીપલ્સ બેંકના ચેરમેન શ્રી વિશાલભાઈ સેલર વાઈસ ચેરમેન શ્રી મહેશભાઈ ભારતી સહિત ડિરેક્ટર્સશ્રીઓ આર્કિટેક શ્રી કિરીટસિંહ અટોદરિયા અને શ્રી પ્રવીણભાઈ પરમાર, પૂર્વ ડેપ્યુટી કમિશનર શ્રી સી વાય ભટ્ટ પૂર્વ આસિસ્ટન્ટ કમિશનર શ્રી દિલીપભાઈ જરીવાલા, બેંકનાં પૂર્વ ચેરમેન શ્રી ઈશ્વરભાઇ પટેલ અને રવિન્દ્રભાઇ સેલર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેરગામમાં પરિણીતા પર હુમલો કરનારા ત્રણ સામે ગુનો દાખલ

### પોલીસે ફરિયાદી મહિલાના પતિને પોલીસ મથકમાં બેસાડી રાખતા પોલીસ વડાને રજૂઆત

ખેરગામ, તા.૨૦

ખેરગામ નગરના લહેરકા ફળિયા વિસ્તારમાં એક પરિણીતા પર હુમલો કરી તેને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવાની ઘટનામાં ત્રણ સામે ફરિયાદ નોંધાઈ હતી. આ બનાવમાં પોલીસની કામગીરી વિવાદાસ્પદ રહી હતી. પોલીસે ફરિયાદી ના પતિને જ આરોપી બનાવી બેસાડી રાખ્યા હોવાનો આક્ષેપ સાથે જીલ્લા પોલીસ વડાને લેખિત રજૂઆત બાદ ઉપરથી પ્રેશર આવતાં હવે ગુનો નોંધવાની ફરજ પડી છે.

ખેરગામ લહેરકા ફળિયામાં જય સ્વામિનારાયણ ફોરવ્હીલ ગેરેજ ખાતે રહેતા અને ઘરકામ કરતી ૨૬ વર્ષીય પરિણીતા અંબાબેન ઉર્ફે હેતલબેન અંકિતભાઈ વાધીયા પર ગત તા.૫/૨/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે ૯:૩૦ વાગ્યાના સુમારે હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓ સંજયભાઈ નરેશભાઈ વાધીયા, રેખાબેન સંજયભાઈ વાધીયા તથા મીનાબેન નરેશભાઈ વાધીયા (તમામ રહે.,ખેરગામ, લહેરકા ફળિયા)એ પૂર્વ આયોજિત કાવતરું રચી અથવા એકબીજાની મદદગારી કરી ફરિયાદીના પતિના ગેરેજ પાસે ધસી આવ્યા હતા.

આરોપીઓએ ત્યાં આવીને અગમ્ય કારણોસર ફરિયાદી અંબાબેન સાથે તકરાર શરૂ કરી હતી અને તેમને ઉદ્દેશીને ગાળો ભાંડી હતી.આ ઝઘડા દરમિયાન ઉશ્કેરાયેલા સંજયભાઈ વાધીયાએ અંબાબેનને બે તમાચા ઝીંકી દીધા હતા,જ્યારે અન્ય બે મહિલા આરોપી રેખાબેન અને મીનાબેને અંબાબેનને આડેધડ ઢીકમુક્કીનો માર મારી શારીરિક ઈજાઓ પહોંચાડી હતી. આટલેથી ન અટકતાં આરોપીઓએ જાહેરમાં પરિણીતાને જાનથી મારી નાંખવાની ગંભીર ધમકી આપી ભયનું વાતાવરણ ઊભું કર્યું હતું. આ ઘટના અંગે ખેરગામ પોલીસ મથકે ફરિયાદ આપી હતી. પરતુ ખેરગામ પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવાને બદલે ફરિયાદીના પતિને જ આરોપી બનાવી બેસાડી રાખ્યા હોવાના આક્ષેપ સાથે જીલ્લા પોલીસ વડાને લેખિત રજૂઆત કરીને ન્યાયની ગુહાર લગાવ્યા બાદ ખેરગામ પોલીસે ત્રણેય સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ મામલે ખેરગામ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ ઝવેરભાઈ ઊંડાણપૂર્વકની તપાસ ચલાવી રહ્યા છે.

# બાલવાટિકા તેમજ ધોરણ ૧ અને ૨નાં શિક્ષકોની તાલીમ યોજાઈ

### શિક્ષકોમાં ૩૬૦ ડિગ્રી સર્વગ્રાહી મુલ્યાંકન

સુરત, તા.૨૦

બીઆરસી ઓલપાડ દ્વારા ગુજરાત રાજ્ય સ્પેસિફિક ફાઉન્ડેશનલ સ્ટેજનાં બાલવાટિકા તેમજ ધોરણ ૧ અને ૨ નાં શિક્ષકોની HPC અંગે તાલીમ યોજાઈ

૩૬૦ સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત GCERT દ્વારા તૈયાર કરવામાં આવેલ ફાઉન્ડેશનલ સ્ટેજનાં હોલિસ્ટીક પ્રોગ્રેસ કાર્ડ તૈયાર કરવા માટે ૨૦૨૨ તથા SCF-FS ૨૦૨૪ માં HPC (Holistic Progress Card) અંગે આપેલ ભલામણોને ધ્યાનમાં રાખીને બ્લોક રિસોર્સ સેન્ટર, ઓલપાડ દ્વારા તાલુકાની શાળાઓમાં કાર્યરત બાલવાટિકા તેમજ ધોરણ ૧ અને ૨ નાં તમામ શિક્ષક ભાઈ-બહેનોની તાલીમ યોજવામાં આવી હતી.



સદર તાલીમ અંગે વધુ માહિતીમાં બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦-મુદ્દા ૪.૩૫ અંતર્ગત વિદ્યાર્થીનાં સર્વાંગી વિકાસ માટે મૂલ્યાંકન કરવા માટે ૩૬૦ ડિગ્રી Holistic Progress Card તૈયાર કરવા માટેની ભલામણ કરવામાં આવેલ છે, જેમાં શિક્ષક દ્વારા મૂલ્યાંકનની સાથે સ્વ-મૂલ્યાંકન, સહપાઠી મૂલ્યાંકન અને તેમાં માતાપિતાની સહભાગીદારી વધારવા માટેનો સમાવેશ કરવામાં આવેલ છે.

NCF-FS-૨૦૨૩ તથા ૩૬૦ ડિગ્રી મૂલ્યાંકન અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ થી ફાઉન્ડેશનલ સ્ટેજનાં બાલવાટિકા તેમજ ધોરણ ૧-૨ માં હોલીસ્ટિક પ્રોગ્રેસ કાર્ડનું અમલીકરણ શરૂ કરવામાં આવેલ છે. જે સંદર્ભે તજજ્ઞો એવાં ઈલાબેન મહીડા (BRP નિપૂણ), તેજસ નવસારીવાલા (CRC સાંધિયેર), આશા ગોપાણી (CRC માસમા), અશોક પટેલ (CRC કીમ), રેશ્મા પટેલ

અનુસંધાન પાના ૭ પર




# માંડવીમાં સાંસદ વસાવાના અધ્યક્ષ સ્થાને ટ્રાફિક જનજાગૃતિ કાર્યક્રમ

### કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમોથી અવગત કરાયા

સુરત, તા.૨૦

માર્ગ સલામતી અને ટ્રાફિકના નિયમો પ્રત્યે જનજાગૃતિ લાવવાના ઉમદા હેતુથી માંડવીની વી કેર નર્સિંગ કોલેજ ખાતે પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી (RTO) બારડોલી, સુરત જિલ્લા ટ્રાફિક પોલીસ અને તાપીવન ગ્રામ વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે બારડોલી સાંસદ પ્રભુભાઈ વસાવાના અધ્યક્ષસ્થાને ‘ટ્રાફિક જનજાગૃત્તિ અભિયાન’ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે સાંસદ પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવું એ અધિકાર સાથે એક મોટી જવાબદારી પણ છે. તેમણે ‘સેવ યુવાધન’ અભિયાન હેઠળ કોલેજના વિદ્યાર્થીઓને ‘ટ્રાફિક ગુરૂ’ બની સમાજમાં ટ્રાફિક સિવિક સેન્સ કેળવવા અને ૨૦૪૭ના વિકસિત ભારતના વિઝનમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

લેન ડિસિપ્લીન અને ટ્રાફિક સિગ્નલનું પાલન એ આપણી સભ્યતાનું પ્રતીક છે એમ જણાવી સાંસદ પ્રભુભાઈ વસાવાએ ઉમેર્યું કે, ભારત આજે વિશ્વનો સૌથી યુવા દેશ છે. આપણી પાસે Gen Z તરીકે ઓળખાતી એક એવી પેઢી છે જે ટેકનોલોજીમાં માહિર છે, જાગૃત છે અને પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે. આ યુવા પેઢી ’ભારતના યુવા યોદ્ધા’ છે, પણ માર્ગ અકસ્માતના આંકડા જોઈએ તો મોટાભાગના અકસ્માતોમાં ભોગ બનનાર આ નવયુવાનો હોય છે, જે આપણી કમનસીબી છે એમ જણાવી સાંસદશ્રીએ ’સેફ ડ્રાઈવિંગ’એ પણ એક અનિવાર્ય સ્કીલ હોવાનું જણાવી ટ્રાફિક નિયમ પાલન, યોગ્ય અને સલામત ડ્રાઈવિંગ પર ભાર મૂક્યો હતો.

જિલ્લા ટ્રાફિક શાખાના પી.એસ.આઈ.શ્રી આઈ.એ. સિસોદિયાએ માર્ગ અકસ્માતો સામે જાગૃત્ત થવા જણાવી કહ્યું કે, સમગ્ર

અનુસંધાન પાના ૭ પર

# અસ્નાબાદમાં ઘર આંગણે પાર્ક કરેલી મોટર સાઇકલની ચોરી

### ઈન્કમટેક્ષ કચેરીમાં પટાવાળા ની નોકરી કરતા વ્યક્તિની બાઇક તસ્કરો ઉઠાવી ગયા

સુરત, તા.૨૦

સુરત ખાતેની ઈન્કમટેક્ષ કચેરીની ઓફિસમાં પટાવાળા તરીકે નોકરી કરતા અસ્નાબાદ ગામના રહીશની રૂ.એક લાખની કિંમતની બાઈક કોઈ અજાણ્યો ચોરતો ઉઠાવી ગયો હોવાની પોલીસ ફરીયાદ ઓલપાડ પોલીસ મથકમાં નોંધાઈ છે.ઓલપાડ ગ્રુપ ગ્રા.પં.નાં અસ્નાબાદ ગામના નવાપરા ફળીયામાં રહેતો યુવક વિશાલ કિશોર ભાઈ પટેલ સુરત ખાતેની ઈન્કમટેક્ષ કચેરીની ઓફિસમાં પટાવાળાની નોકરી કરે છે.તેમની માલિકીની મો.સા. નં:જીજે-૦૫,એન. યુ-૩૧૧૮ ગત તા.૦૪ ફેબ્રુઆરીનાં રોજ રાત્રે ઘરના આંગણામાં પાર્ક કરેલ હતી.પરંતુ આ મો.સા.રાત્રીના સુમારે કોઈ અજાણ્યો ચોર બાઈકની ઉઠાંતરી કરી ફરાર થઈ જવાથી બીજા દિવસે સવારે આ મો.સા.જોવા મળી ન હતી.જો કે વિશાલ પટેલે બાઈકની શોધખોળ કરવા છતાં ન મળતા તેમણે તે સમયે પોલીસના સિટીઝન પોર્ટલ ઉપર ઓનલાઈન અરજીથી મો.સા.ચોરીની ફરીયાદ કરી હતી. ત્યાર બાદ વિશાલ પટેલ ગત તા.૧૮ ના રોજ ઓલપાડ પોલીસ મથકમાં રૂબરૂ પહોંચ્યા હતાં અને અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ રૂપિયા ૧,૦૦,૦૦૦કિંમતની મો.સા. ચોરીની ફરીયાદ નોંધાવી હતી.જેના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જળ સંરક્ષણની દિશામાં નિરંકારી મિશનનું સશક્ત પગલું

### સુરત ઝોનમાં ૭ સેક્ટરમાં ૩૯ જગ્યા પર પ્રોજેક્ટ અમૃતનું આયોજન

સુરત, તા.૨૦

સુરત, ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬: સેવા જ્યારે સાધના બને અને પ્રકૃતિ પ્રત્યે સંવેદના જીવનનું મૂળ મંત્ર બને, ત્યારે પવિત્ર સંકલ્પો જન્મ લે છે. માનવ સેવા અને લોક કલ્યાણની આ જ દિવ્ય ચેતનાને સાકાર કરવા માટે સંત નિરંકારી મિશન દ્વારા ‘પ્રોજેક્ટ અમૃત’ હેઠળ ‘સ્વચ્છ જળ, સ્વચ્છ મન’ અભિયાનના ચોથા તબક્કાનો ભવ્ય શુભારંભ રવિવાર, ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ પ્રાતઃ ૮ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી પરમ શ્રદ્ધેય સત્ગુરુ માતા સુદીક્ષા જી મહારાજના નિર્દેશાનુસાર સમગ્ર ભારતમાં ભવ્ય રીતે આયોજિત કરવામાં આવી રહ્યો છે.

સુરત ઝોનમાં સુરત, વલસાડ, કપરાડા, ઉમરગામ, વાપી, નૌગામા અને સેલવાસ માં કુલ ૭ સેક્ટરમાં ૩૯ જગ્યા પર જળસ્ત્રોતોની સફાઈનું અભિયાન આ પ્રોજેક્ટ અંતર્ગત ચલાવવામાં આવી રહ્યું છે.

સંત નિરંકારી મંડળના સચિવ આદરણીય શ્રી જોગિંદર સુખીજા જીએ માહિતી આપતાં જણાવ્યું કે આ વિશાળ અભિયાન દેશભરમાં ૧૫૦૦થી વધુ સ્થળોએ એકસાથે આયોજિત થશે. આ વ્યાપક વિસ્તારને કારણે આ પ્રયાસ ઐતિહાસિક સ્વરૂપ ધારણ કરશે, જે જળ સંરક્ષણ તથા સ્વચ્છતાના સંદેશને સમાજના દરેક વર્ગ સુધી અસરકારક રીતે પહોંચાડશે.

આ પહેલનો મુખ્ય ઉદ્દેશ સમાજને આ અનુભૂતિ કરાવવાનો છે કે જળ માત્ર સંસાધન નથી, પરંતુ જીવનનો આધાર અને ઈશ્વરની અમૂલ્ય દેન છે, જેની રક્ષા કરવી દરેક માનવનો નૈતિક કર્તવ્ય છે. સંત નિરંકારી મિશને બાબા હરદેવ સિંહ જીની પ્રેરણાદાયી શિક્ષાઓને આત્મસાત કરીને વર્ષ ૨૦૨૩માં સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકારના સહયોગથી ‘પ્રોજેક્ટ અમૃત’નો પ્રારંભ કર્યો હતો. આ પવિત્ર પહેલ જળ સંરક્ષણને કોઈ એક દિવસ કે અભિયાન સુધી મર્યાદિત ન રાખીને તેને જીવનશૈલી, સંસ્કાર અને સેવાભાવના સ્વરૂપે અભિવ્યક્ત કરવાની પ્રેરણા આપે છે, જ્યાં સ્વચ્છ જળથી સ્વચ્છ મન અને સ્વચ્છ સમાજનું નિર્માણ શક્ય બને.

નદીઓ, તળાવો, કૂવા તથા ઝરણાં જેવા કુદરતી જળ સ્ત્રોતોના સંરક્ષણ અને સંવર્ધન માટે સમર્પિત આ જનઆંદોલને પોતાના પ્રથમ ત્રણ તબક્કાઓમાં સેવા, સમર્પણ અને સહભાગિતાનું અદભૂત ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. આ જ સિદ્ધિઓથી પ્રેરિત થઈને આ તબક્કાને વધુ વિસ્તૃત, સંગઠિત અને દૂરદર્શી દૃષ્ટિકોણ સાથે અમલમાં મૂકવામાં આવી રહ્યો છે જેથી

અનુસંધાન પાના ૭ પર

# અંકલેશ્વર ખાતે નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટની પૂર્ણાહુતી

### અંકલેશ્વર ઉદ્યોગ મંડળ અને નોટીફાઇડ એરીયા ઓથો.દ્વારા ટુર્નામેન્ટ યોજાઈ હતી

અંકલેશ્વર, તા.૨૦

અંકલેશ્વર ઉદ્યોગ મંડળ અને નોટિફાઇડ એરીયા ઓથોરીટી આયોજિત નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. અંકલેશ્વર ઉદ્યોગ મંડળ અને નોટિફાઇડ એરીયા ઓથોરિટી દ્વારા પ્રતિવર્ષ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે ત્યારે આ વર્ષે પણ છૈંછ કપ ૨૦૨૬ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું ડી.એ.આનંદપુરા સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

પંદર દિવસ ચાલેલી ટુર્નામેન્ટની ફાઈનલ બે મેચ બુધવારે રાતે યોજાઈ હતી. જેમાં રેઈની લાયનને હરાવી ડેક્કન ફાઈનકેમ અને સ્મિત ઈલેવનને હરાવી ગુરૂકૃપા વોરિયર્સ વિજેતા બની હતી.

બન્ને વિજેતા ટીમોને ઉદ્યોગ મંડળના પ્રમુખ વિમલ જેઠવા, સેક્રેટરી નિલેશ પટેલ, નોટીફાઈડ એરિયા ઓથોરિટીના ચેરમેન પ્રબોધ પટેલ, સોશ્યલ વેલફેર કમિટીના ચેરમેન ભુપેન્દ્ર પટેલ, જોઈન્ટ સેક્રેટરી ભરત પટેલ, ચંદુ અકબરી, કમલેશ પટેલ, સિક્યુરિટી ચેરમેન ડેનિસ ભૂત, હિરેન ચોધરી, સંદીપ વિઠલાણી સહિતના હોદ્દેદારો ઉપસ્થિતમાં ટ્રોફી વિતરણ કરાઈ હતી.

# નવી દિલ્હીમાં યોજાઈ રહેલા AI ઇમ્પેક્ટ સમિટમાં અદાણી ગ્રુપના જીત અદાણીનું સંબોધન

## ભારતની બૌદ્ધિક સદી:સાર્વભૌમત્વ, વ્યાપક્તા અને રાષ્ટ્રીય નવીકરણ

આજે આપણે ઈતિહાસના એક નિર્ણાયક વળાંક પર ભેગા થયા છીએ. આપણું વિશ્વ બદલાઈ રહ્યું છે અને તેને આકાર આપી રહેલા એવા પ્રતિષ્ઠિત શ્રોતાગણને સંબોધવાનો અવસર મળવો મારા માટે સન્માનની વાત છે

વીજળી એ ઉદ્યોગને શક્તિ આપી। તેલ એ વૈશ્વિક રાજનીતિના પરિમાણો બદલી નાખ્યા ઈન્ટરનેટે વેપારને પરિવર્તિત કર્યો અને આજે છૈં (કૃત્રિમ બુદ્ધિ) સ્વાવલંબનની વ્યાખ્યા જ બદલવા જઈ રહી છે। આપણાં ભારત માટે અહીં મુખ્ય પ્રશ્ન એ નથી કે આપણે AI અપનાવીશું કે નહીં.

મૂળ પ્રશ્નો તો આ છે — શું ભારત ઈન્ટેલિજન્સ આયાત કરશે – કે પોતે રચશે? શું આપણે માત્ર ઉત્પાદનક્ષમતા વાપરીશું – કે નવી બનાવશું? શું આપણે બીજાની સિસ્ટમમાં જોડાશું – કે પોતાની સિસ્ટમ ઊભી કરીશું? હવે આ પ્રશ્ન પૂછવાનો સમય પૂરો થયો છે. કારણ કે મારો દેશ ભારત જ્યારે ઉઠે છે, ત્યારે તે શાસન માટે નહીં, પરંતુ, સ્થિરતા માટે ઉઠે છે. સંતુલન શોધતાં વિશ્વને દિશા આપવા ઉઠે છે. સર્વસમાવેશક અને ટકાઉ પ્રણાલીઓ બનાવવા ઉઠે છે. ભારત જ્યારે ટેક્નોલોજી બનાવે છે, ત્યારે તે બહિષ્કાર માટે નહીં, પરંતુ સમાવેશ માટે બનાવે છે. પરંતુ, આ ભૂમિગત રાજકીય સ્થિતિથી ભરપૂર સદીમાં ક્ષમતા વિનાનો સમાવેશ એ નબળાઈ છે. અને સાર્વભૌમત્વ વિનાની ક્ષમતા એ વિદેશી નિર્ભરતા છે. અને તેથી જ, હું આજે ભારતની છૈં સદી માટે સ્વાવલંબનના ત્રણ મુખ્ય સ્તંભોની વાત કરવી ઈચ્છું છું. કૃત્રિમ બુધ્ધિ(AI)ભારતની સદીને વ્યાખ્યાયિત કરશે:

૧. ઊર્જા સ્વાવલંબન ૨. કમ્પ્યુટ અને ક્લાઉડ સ્વાવલંબન ૩. સેવાઓમાં સ્વાવલંબન ઊર્જા સાર્વભૌમત્વના પ્રથમ સ્તંભ એ બુદ્ધિ સાર્વભૌમત્વ AI કોડમાં લખાયેલ છે, પરંતુ તે વીજળી પર ચાલે છે. આપણે સુપેરે વાકેફ છીએ કે પીક લોડ હેઠળ અદ્યતન પ્રોસેસર્સ અસાધારણ ગરમી પેદા કરે છે. જ્યારે વીજ પુરવઠો ખોરવાઈ જાય છે ત્યારે સિસ્ટમ્સ રુંધાઈ જાય છે. પરિણામે કામગીરી ઘટી જાય છે. આ એક ફક્ત ઈજનેરી વિગત નથી. પરંતુ એક વ્યૂહાત્મક સત્ય છે. જો કોઈ રાષ્ટ્રની ઊર્જા પ્રણાલીઓ નાજુક હશે તો તેની ઈન્ટેલિજન્સ પ્રણાલીઓ નાજુક હોવાની. છૈંના યુગમાં પાવર ગ્રીડ અને ડેટા ગ્રીડ અવિભાજ્ય બની જાય છે. અર્થાત ભારતનું સૌર, પવન, સંગ્રહ પ્રેરીત નવીનીકરણીય ઉર્જા વિસ્તરણ હવે ફક્ત ક્લાયમેટ નીતિ નહી પણ તે વ્યૂહાત્મક માળખાગત નીતિ છે. ઊર્જા સુરક્ષા એ ઈન્ટેલિજન્સ સુરક્ષા છે. અને ટકાઉ ઊર્જા સ્પર્ધાત્મક લાભદાયક બની જાય છે. તેથી આ કારણોસર ભારતમાં શું અલગ હશે? નવીનીકરણીય ક્લસ્ટરો અને AI ડેટા કેન્દ્રો એક સાથે સહ-સ્થિત થશે. ઔદ્યોગિક કોરિડોર ઊર્જા અને ગણતરીના આયોજનને એકીકૃત કરશે. સંગ્રહ અને ગ્રીડની સ્થિરતા રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ બનશે. બીજા સ્તંભ વિષે વાત કરું તો ગણતરી અને ક્લાઉડ સાર્વભૌમત્વ જો ઊર્જા ઈંધણ છે, તો ગણતરી એ કારખાનું છે. અગાઉની સદીઓમાં રાષ્ટ્રોએ સ્ટીલ પ્લાન્ટ અને શિપયાર્ડ બનાવ્યા. જ્યારે ડિજિટલનાજમાનામાં રાષ્ટ્રોએ સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમમાં રોકાણ કર્યું. AIના યુગમાં સાર્વભૌમ ગણતરીની ક્ષમતા વ્યૂહાત્મક માળખાગત સુવિધા બની રહે છે.



તે મહત્વનું છે કે કમ્પ્યુટ ક્યાં રહે છે, કોના અધિકારક્ષેત્ર હેઠળ કાર્ય કરે છે. તેની પહોંચને કોણ નિયંત્રિત કરે છે. ક્લાઉડ સાર્વભૌમત્વનો અર્થ અલગતા નહી. સ્વાયત્તતા છે. મતલબ કે ભારતે સ્થાનિક સ્તરે મહત્વપૂર્ણ AI વર્કલોડનું આયોજન કરવું જોઈએ. અર્થાત આપણે ડેટા સેન્ટર ઈકોસિસ્ટમનું મોટા પાયે નિર્માણ કરીએ છીએ. ત્યારેઆપણા સ્ટાર્ટ-અપ્સ, શિક્ષણ, સંરક્ષણ, આરોગ્યસંભાળ અને ઉત્પાદન માટે ઉચ્ચ-પ્રદર્શન કમ્પ્યુટની સ્થાનિક પહોંચ જરુરી છે. જો ગુપ્તચર માળખાકીય સુવિધા બાહ્ય રીતે કેન્દ્રિત હોય, તો વ્યૂહાત્મક લાભ બાહ્ય રીતે કેન્દ્રિત થાય છે. અને બાહ્ય એકાગ્રતા રાષ્ટ્રીય નાજુકતા બનાવે છે. પહેલાની સદીઓમાં, રાષ્ટ્રોએ વેપાર માર્ગો સુરક્ષિત કરવા માટે નૌકાદળ બનાવ્યા હતા. આજે, આપણે ગુપ્તચર માર્ગો સુરક્ષિત કરવા માટે સાર્વભૌમ કમ્પ્યુટ બનાવીએ છીએ. અને છેલ્લા ત્રીજો સ્તંભ ભારતના AI ડિવિડન્ડને જાળવી રાખવા માટે સેવાઓનું સાર્વભૌમત્વ જરુરી છે. આપણે જાણીએ છીએ કે ભારતની IT ક્રાંતિએ આપણને વૈશ્વિક ડિજિટલ સેવાઓનું પાવરહાઉસ બનાવ્યું. પરંતુ ઉત્પાદકતાનો મોટો ભાગ આપણા દેશમાં નહીં પણ અન્યત્ર પ્રાપ્ત થયો. AIની ક્રાંતિ ભારતને તેના સમીકરણ બદલવા માટે સદીમાં એક વાર તક આપે છે. આપણી કૃત્રિમ બુદ્ધિએ સૌ પ્રથમ ભારતીય ઉત્પાદકતામાં, આપણી કૃષિ સ્થિતિસ્થાપકતામાં વધારો કરવો જોઈએ. આપણા શિક્ષણને મોટા પાયે વ્યક્તિગત બનાવવું જોઈએ, આપણા લોજિસ્ટિક્સ અને બંદરોના નેટવર્કને ઑપ્ટિમાઇઝ કરી આપણી ઊર્જા અને વિતરણ કાર્યક્ષમતામાં સુધારો કરવો જોઈએ. આ સિવાય આપણી ઉત્પાદન સ્પર્ધાત્મકતાને આધુનિક બનાવવી, ગ્રામીણ ભારતમાં આપણા આરોગ્યસંભાળ નિદાનનો વિસ્તાર કરવો. ટાયર ૨/૩ શહેરો અને ગામડાઓમાં આપણા નાણાકીય સમાવેશને વધુ ગાઢ બનાવવો જોઈએ અર્થા તેનો અર્થ એ છે કે કૃત્રિમ બુદ્ધિ અન્ય લોકો માટે માર્જિન ગુણક બનતા પહેલા ભારતીય નાગરિકો માટે બળ ગુણક બનવું જોઈએ. તેનો અર્થ સંરક્ષણવાદ નહી પણ તૈયારી છે, આ અલગતા નથી. પરંતુ વ્યૂહાત્મક પરિપક્વતા છે.

આ સંદર્ભમાં આ સપ્તાહના આરંભે અદાણી સમૂહના ચેરમેન અને મારા પિતાશ્રી ગૌતમ અદાણીએ ભારતના ટેકનોલોજી ઈતિહાસમાં સૌથી પરિવર્તનકારી જાહેરાતોમાંની એક એવી ઘોષણા કરતા કહ્યું હતું કે અદાણી સમૂહ રાષ્ટ્ર માટે એક સાર્વભૌમ, ગ્રીન-એનર્જી-સંચાલિત AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મ બનાવવા માટે ૧૦૦ અબજ ડોલરનું રોકાણ કરશે. આ ફક્ત ડેટા સેન્ટરનું વિસ્તરણ નથી. પરંતુ તે ભારતની ગુપ્તચર ક્રાંતિને એન્કર કરવા માટે રચાયેલ ૫-ગીગાવોટની ક્ષમતાના ૨૫૦ અબજ ડોલરના સંકલિત ઊર્જા-અને-કમ્પ્યુટ ઈકોસિસ્ટમ માટેનું આ ટ્રિગર એક નિર્ણાયક પરિવર્તનનો સંકેત આપે છે. ગુપ્ત માહિતી આયાત કરવાથી લઈ તેને આકાર આપવા સુધી, છૈં વપરાશથી લઈ તેનું નિર્માણ કરવા સુધી નવીનીકરણીય ઊર્જા, ગ્રીડ સ્થિતિસ્થાપકતા અને હાઈપરસ્કેલ કમ્પ્યુટને એકીકૃત કરીને કંડારવા સાથેની, આ પ્રતિબદ્ધતા ખાતરી કરે છે કે ભારતનું AI ભવિષ્ય માત્ર સંચાલિત જ નહીં પરંતુ સુરક્ષિત, સાર્વભૌમ અને રાષ્ટ્રીય સ્તરે નિર્માણ થયેલુ છે. મારા સંબોધનને વિરામ આપતા હું કહીશ કે નવા ભારતના નાગરિક તરીકે આજે અહીં આપની સમક્ષ ઉભો છું. હું એવી પેઢીનો છું જેને સ્વતંત્રતા માટે લડવાની જરૂર પડી નથી. અમે તેને બલિદાન દ્વારા પ્રાપ્ત ભેટ તરીકે મેળવી છે.. પરંતુ ઈતિહાસ વારસાને પુરસ્કૃત કરતો નથી. તે વાલીપણાને પુરસ્કાર આપે છે. આપણી જવાબદારી હવે સ્વતંત્રતા જીતવાની નથી. પણ તેને મજબૂત બનાવવી, સુરક્ષિત રાખવી. અને તેનું રક્ષણ કરવાની છે. આ આધુનિક રાષ્ટ્રવાદ તેની વાણીકતા પર ક્ષમતા, નબળાઈ પર સ્થિતિસ્થાપકતા, હકદારી પર અમલના ઉચ્ચતમ સ્વરૂપમાં છે.. પ્રશ્ન હવે સવાલ એ નથી કે ભારત છૈં સદીમાં શામેલ થશે કે નહીં. પણ પ્રશ્ન એ છે કે શું છૈં સદી તેની માળખાગત સુવિધાઓમાં, તેની બુદ્ધિમાં, તેના ધોરણોમાં અને સૌથી અગત્યનું તેના મૂલ્યોમાં ભારતની છાપ વહન કરશે. હું ઊંડાણપૂર્વક અને ખચકાટ વિના માનું છું કે તે કરશે. કારણ કે જ્યારે ભારત ખડું થાય છે, ત્યારે તે પ્રભુત્વ મેળવવા માટે ખડું નથી પણ તે સ્થિર થવા માટે ઉભું રહે છે. તેનો ઉદય નિર્માણ કરવા માટે, સમાવેશ કરવા માટે થાય છે.






# સર્જકના ચતુર્મુખ રતિબાપા ધરાવે છેઃ મોરારિબાપુ

## રતિલાલ બોરીસાગરનો પદ્મશ્રી સન્માન ઉત્સવ કુંડલામાં સંપન્ન

**વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)**

સાવરકુંડલાના પનોતા પુત્ર અને હાસ્યકાર શ્રી રતિલાલ બોરિસાગરને ૨૦૨૬ નો પદ્મશ્રી પુરસ્કાર અર્પણ કરવાની ભારત સરકાર દ્વારા જાહેરાતથી સાવરકુંડલામાં નગર ગૌરવ અનુભવે તે સ્વાભાવિક છે.તે ગૌરવને વધુ ગૌરવાન્વિત કરવા તારીખ ૧૯ ફેબ્રુઆરીની સાંજે વિદ્યાગુરુ ફાઉન્ડેશન સાવરકુંડલા દ્વારા એ ગરિમામય કાર્યક્રમ પૂજ્ય મોરારિબાપુની પાવન ઉપસ્થિતિમાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે યોજાઈ ગયો.

વિદ્યાગુરુ ફાઉન્ડેશનનો પાયો શ્રી હરેશ મહેતા જેવા આ. રતિલાલ બોરીસાગરના શિષ્યોએ ૨૦૧૧માં નાખીને એક ઉત્તમ આરોગ્ય મંદિર ઉભું કરવાનું છે શ્રેય પણ પ્રાપ્ત કર્યું છે. આજના કાર્યક્રમમાં મુંબઈના એકાંકી નાટ્ય કલાકાર શ્રી રાજુલ દીવાન દ્વારા રતિલાલ બોરીસાગરની હાસ્ય કૃતિ 'એન્જોય પ્લાસ્ટિ' પર એકાંકી પ્રસ્તુત થયું. કાર્યક્રમમાં સ્વાગત કરતા સંસ્થાના પ્રમુખ શ્રી હરેશ મહેતાએ સૌને આવકાર્યા. સર્જક શ્રી રતિલાલ બોરીસાગરે કહ્યું કે મને આ પ્રકારનું સન્માન પ્રાપ્ત થાય તેવું કલ્પનામાં પણ ન હતું પરંતુ ઈશ્વરે અને પૂજ્ય બાપુ જેવી વિભૂતિના સદૈવ આશીર્વાદથી આ શક્ય બન્યું છે તેનો રાજીપો છે. ધારાસભ્ય શ્રી મહેશ કસવાલાએ કહ્યું કે સેવા અનેક રીતે થઈ શકે છે અને તેમાંની એક સેવા કલમ સેવા પણ છે. તે સાવરકુંડલાના પનોતા પુત્ર શ્રી રતિલાલ બોરીસાગરના કર્મથી સાબિત થઈ શક્યું છે.અને કલમથી ભારત સરકારનું શ્રેષ્ઠત્વ પ્રાપ્ત થઈ શકે છે. હું સાવરકુંડલાના પ્રતિનિધિ તરીકે તેને આવકારું છું. પૂજ્ય મોરારિબાપુએ કહ્યું કે સર્જકના ચતુર્મુખ હોય છે તેમાં વિવેક, વિનોદ, વિશ્વાસ અને વીતરાગને આપણે મૂકી શકીએ.મને આ ચાર મુખો રતિબાપામા દેખાઈ રહ્યાં છે.આપણા સૌ માટે આ ગૌરવ રૂપ ઘડી છે.

કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રણવ પંડ્યા એ કર્યું હતું. વ્યવસ્થા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના સંચાલકો અને વહીવટદાર શ્રી ડો. પ્રકાશભાઈ કટારીયાએ કરી હતી.આ પ્રસંગે માનવમંદિરના પુ.ભક્તિરામ બાપુ અને સાવરકુંડલાના ગણમાન્ય લોકો ઉપસ્થિત હતાં.

# સાબેકિયાનામાં સંસ્કૃતિનો જયગાન



ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતાઃ- નવા વર્ષની શરૂઆતમાં એક અનોખા સાંસ્કૃતિક માહોલમાં વિશેષ વાર્ષિક કેલેન્ડરનું અનાવરણ કરવામાં આવ્યું, ત્યારબાદ આયોજિત થયો પરંપરાગત ફોટોશૂટ "સાબેકિયાના". બાંગાલિયાના ફોટોગ્રાફીના કર્ણધાર અનેક ત્રિવેદી અને દીપિકા વિશ્વાસના માર્ગદર્શન હેઠળ આ આકર્ષક કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો. બંગાળીની મૂળ અને સંસ્કૃતિને કેન્દ્રમાં રાખીને આયોજિત આ કાર્યક્રમમાં શહેરના પ્રતિષ્ઠિત કલાકારો, અલોકચિત્રકારો અને સંસ્કૃતિપ્રેમીઓ હાજર રહ્યા. નવા કેલેન્ડરના દરેક પાનાં પર બંગાળની લોકસંસ્કૃતિનું રૂપ ઝળહળી ઊઠ્યું. આયોજકોના શબ્દોમાં, "આ કેલેન્ડર માત્ર સમય જણાવવાનું સાધન નથી, પરંતુ તે બંગાળીની પરંપરાનું દસ્તાવેજ છે."

કેલેન્ડર અનાવરણ પછી શરૂ થયો "સાબેકિયાના" ફોટોશૂટ. લાલ-સફેદ સાડી, આલ્તાથી રંગાયેલા પગ, શાખા-પોલા અને ધુતી-પંજાબી પહેરેલા મોડેલોએ એક અલગ જ સમયનો માહોલ સર્જ્યો. પ્રકાશ અને છાયાના રમતમાં કેમેરામાં કેદ થઈ બંગાળની ખોવાઈ રહેલી પરંપરાઓ અને રીતિ-રિવાજોની સુંદરતા. કાર્યક્રમએ જાણે યાદ અપાવ્યું કે આધુનિકતાની ભીડમાં પોતાના મૂળને ભૂલવું નહીં.

"સાબેકિયાના" હવે કોઈ એક નિશ્ચિત દેશની સીમામાં બંધાયેલું નથી. આયોજકોના જણાવ્યા મુજબ, આ પહેલ દેશ, સમય, સમુદાય, જાતિ અને મહાદ્વીપોની સીમાઓ પાર કરીને વિશ્વભરમાં ફેલાયેલી પરંપરા અને પ્રાચીનતાના સ્વરને એક મંચ પર લાવવાનો પ્રયાસ છે. તેઓનો દાવો છે કે વિવિધ સંસ્કૃતિઓ, વસ્ત્રો, આચાર અને કલાત્મક અભિવ્યક્તિઓ દ્વારા વિશ્વના વિવિધ પ્રાંતોની સાબેકિયાનાને એકત્રિત રીતે રજૂ કરવાની જાગૃત કોશિશ કરવામાં આવી છે. વૈવિધ્યમાં એકતાનો સંદેશ અહીં મુખ્ય પ્રતિપાદ્ય છે.

આયોજકો કહે છે કે "સાબેકિયાના" માત્ર એક થીમ નથી, પરંતુ વિશ્વ સંસ્કૃતિ પ્રત્યે આદર અને જોડાણનું સર્જનાત્મક માધ્યમ છે—આત્મપરિચયનું પુનઃઆવિષ્કાર.

મોડેલોમાં કેયા પાલ, પ્રિયંકા મંડલ, સુસ્મિતા દાસ, પિંકી દાસ, આકાશ મિસ્ત્રી, રાહુલ કેશ, શ્રાબણી કુન્ડુ, શ્રેયા મિત્રા, અનામિકા દાસ, ચૈતાલી મુખર્જી, સોમા બેરા, કૃષિતા પાલ, બુલબુલ ગુહા રાય, કેયા ચેટર્જી, શુભદીપ દાશશર્મા, તંદ્રિમ માઝી, મલ્લિકા મંડલ, પ્રથમા માઈતી, પિયુષ વિશ્વાસ અને રિમા તપસ્વી હાજર રહ્યા. મેકઅપ કલાકારોમાં દેવી અધિકારી, અપરના મજુમદાર, અંતરા બોસ, શ્રેયા દેવનાથ, અનિશા ખાતુન, રમા માલી, અંતરા બડાલ અને મલ્લિકા મંડલ ઉપસ્થિત રહ્યા.

એકંદરે, નવા વર્ષની શરૂઆતમાં આયોજિત આ કેલેન્ડર અનાવરણ અને "સાબેકિયાના" ફોટોશૂટે સાબિત કર્યું કે પરંપરા જ વિશ્વની સાચી શક્તિ છે. સંસ્કૃતિના મૂળને મજબૂતીથી પકડીને આગળ વધવાનો સંદેશ આ અનોખા આયોજન દ્વારા પ્રસરી ગયો.

# સુંદરતાઃ પસંદગી બ્રાની

તમારા દિલની સૌથી નજીક તમારી બ્રા હોય છે અને બ્રાની સુંદરતા જ લોકોને તમારી નજીક લાવી દે છે. એટલે જ્યારે પણ બ્રા ખરીદો અને પહેરો ત્યારે થોડું વિચારજો.

જેમ કે, તમારા આકારનું સાચું માપ લો અને તેને અનુસાર બ્રા ખરીદો.

અંદાજથી કામ ના ચલાવો.

મેઝરસ્ટેપને તમારી પીઠ પાછળથી ફેરવીને આગળ સ્તન સુધી લઈ આવો અને પછી એક આંગળી જેટલી મેઝરસ્ટેપ દબાવીને માપ જુઓ.

ખરીદતાં પહેલાં બ્રા ટ્રાય કરો કે કપ્સ બરાબર છે કે નહીં.

શરીર પર કપ્સનું દબાણ વધારે હોય તો પછીનો નંબર અર્થાત્ મોટી સાઈઝની બ્રા લેવી.

જો કપ્સ બરાબર હોય, પરંતુ પીઠ પર સ્ટ્રેપના હૂક્સ બંધ થતા ના હોય તો તેનો અર્થ એ છે કે તમારી પીઠ અને ખભા સ્ટેન્ડર્ડ માપ કરતાં વધારે પહોળા છે.

હવે તમારે બ્રાનો ઉપયોગ કરતાં પહેલાં તેમાં સુધારો કરવો પડશે.

પીઠની બાજુએથી અલગ કપડું જોડીને બ્રાનો ઘેરાવો વધારવો પડશે નહીં તો પરાણે ખેંચતાણ કરીને હૂક લગાડવાથી તમારા શરીરની ત્વચામાં ઉઝરડા પડી શકે છે, ઉધરસ થઈ શકે છે અથવા શ્વાસ લેવામાં પણ ગૂંગળામણ થઈ શકે છે.

બ્રાનું કપડું અથવા ડિઝાઈન જે પણ હોય, આકાર સ્વાભાવિક હોવો જોઈએ. તેનાથી શારીરિક રચનાની ખૂબસૂરતી વધશે. જો તમે ઊંડા ગળાનું ખમીસ અથવા બ્લાઉઝ પહેરતાં હો તો આગળ હૂકવાળી બ્રા પહેલો. – બ્રેસ્ટ લાઈન દેખાઈ તો તે ખરાબ નથી લાગતું, પરંતુ બ્રા દેખાય તો તે ખરાબ લાગે છે. શૉલ્ડર લેસ કપડાં માટે શૉલ્ડર લેસ બ્રા ખરીદો, પણ તેને પહેલાં સારી રીતે ટ્રાય કરી લો.

યોગ્ય માપ અને આકારઃ

બ્રા હંમેશાં ઈવન નંબર (સમાન નંબર)ની મળે છે, જેમ કે ૩૦, ૩૨, ૩૪ ઈંચ વગેરે સાઈઝમાં. જો તમારા સ્તનનો આકાર ૩૧, ૩૩ જેવો હોય તો હંમેશાં એક નંબર મોટા આકારની બ્રા ખરીદવી જોઈએ.

નાની સાઈઝની બ્રામાં શરીર દબાઈને અદોદળું શરીર હોવાનો અહેસાસ આપે છે. બ્રા પહેરતી વખતે ખભા પર સ્ટ્રેપ એવી રીતે રાખો કે ખભા પર નિશાન પણ ના પડે અને થોડા સમયમાં સ્ટ્રેપ નીચેની તરફ ઊતરી ના પડે. જેવા કપડાં અથવા ડ્રેસ પહેર્યો હોય એવી જ બ્રા પહેરો. આછાં કપડાંની નીચે નાયલોનની બ્રા પહેરી શકો છો, પરંતુ જાડાં કપડાં અથવા સ્વેટરની નીચે નાયલોનની બ્રા તમારા સ્તનના ઉભારને જ ખતમ કરી દેશે.



# આર યુ રેડી ફોર સમર કલેક્શાન?

આ સવાલ બધી જ મહિલાઓના મગજમાં આવતો હશે. કે આપણે કેટલા રેડી છીએ. ઉનાળાની શરૂઆત થાય એટલે, વિન્ટર વેર ધીરે ધીરે પેક થતા જાય. ઘણી એવી મહિલાઓ હોય છે કે જે ખાસ કરીને ઉનાળા માટે શોપિંગ કરે છે. સૌથી પહેલા તો તમારે એ ડિસાઈડ કરવું કે, તમારે કેવા ટાઈપના કપડાં પહેરવા છે. કોલેજ માટે, ઘરમાં પહેરવા છે કે પછી તમે ર્વકિંગ છો. ઉનાળામાં પણ સિમ્પલ છતાં સ્ટાઈલાઈઝ્ડ લાગી શકાય. તો ચાલો જાણીએ ઉનાળામાં કઈ રીતનું સ્ટાઈલિંગ કરી શકાય.

પ્લાઝો- ઉનાળામાં પ્લાઝો એ બેસ્ટ ઓપ્શન છે. કોટન, રેયોન, લિનેનના પ્લાઝો ઉનાળામાં એક બેસ્ટ ઓપ્શન છે. કોટન ફેબ્રિક પરસેવો એબ્સોર્બ કરી લે છે તેથી કોટન ફેબ્રિકમાંથી બનેલા કપડામાં ગરમી થતી નથી. પ્લાઝો સાથે પહેરવામાં ઘણા ઓપ્શન છે, જેમ કે, જો તમારું શરીર ભરેલું હોય તો તમે લોન્ગ કોટન કુર્તા પહેરી શકો. અને જો તમે તમારા હેવી શરીરને લઈને જો કોન્શિયસ ન હોવ તો, તમે હિપ લેન્થના ઓવર સાઈઝ શર્ટ પણ પહેરી શકો. અથવા તો હિપ લેન્થની શોર્ટ કુર્તી પહેરી શકો.

પ્લાઝો લૂઝ હોય તો ટોપ ફિટિંગ વાળું સારું લાગશે. જો તમારું શરીર સુડોળ હોય તો, પ્લાઝો સાથે ક્રોપ ટોપ સારા લાગી શકે. અથવા તો હોલ્ટર નેક ટોપ કે સ્પેગેટી ટોપ પહેરી શકાય. જો તમે કોલેજ ગોઈંગ હોવ તો લિનેનના પ્લાઝો સાથે ઓવર સાઈઝ શર્ટ પણ પહેરી શકાય. જો તમે ર્વકિંગ છો તો, લિનેનના પ્લાઝો સાથે ની લેન્થના શર્ટ પેટર્ન વાળા ટોપ પહેરી શકાય, અથવા તો કોઈ પ્લેન કુર્તા પણ સારા લાગી શકે.ખાસ ધ્યાન એ રાખવું કે, સિન્થેટિક ફેબ્રિકના પ્લાઝો ન પહેરવા. ઘણી મહિલાઓને ઉનાળામાં સિન્થેટિક ફેબ્રિક પહેરવાથી બળતરા થાય છે. તેથી સિન્થેટિક કપડા પહેરવા ટાળવા. જો પ્લાઝો સાથે તમે શોર્ટ ટોપ પહેરવાના હોવ તો તમારા બોડી ટાઈપ પ્રમાણે તમે થીન કે બ્રોડ બેલ્ટ પહેરી શકો. અથવા લોન્ગ શ્રગ પણ પહેરી શકાય.

મીડી- મીડી ડ્રેસ બધી જ મહિલાઓનો પ્રિય ડ્રેસ હોય છે. કોઈ પણ આઉટિંગમાં કે વર્ક પ્લેસ પર મીડી સારા જ લાગે છે. જો તમે પ્રિન્ટેડ મીડી ડ્રેસ પહેરવા માંગતા હોવ તો બોલ્ડ પ્રિન્ટ કે બોલ્ડ કલર્સ પહેરવા ટાળવા. તેના બદલે આછા પેસ્ટલ કલર્સ અથવા ફ્લોરલ પ્રિન્ટ્સ વાળા મીડી ડ્રેસ પસંદ કરો. આ કલર્સ ગરમીમાં ઠંડક આપે છે અને તમને તાજગીભર્યું લુક આપે છે.

મીડી ડ્રેસમાં વી-નેક અથવા રાઉન્ડ નેક વાળા ડિઝાઈન્સ આરામદાયક હોય છે. જો તમે ર્વકિંગ વુમન છો તો, કોટન અથવા લિનેનના મીડી

ડ્રેસ સાથે મિનિમલ જ્વેલરી અને ફ્લેટ સેન્ડલ્સ પહેરી શકો. કોલેજ ગર્લ્સ માટે ફ્લેયર વાળા મીડી ડ્રેસ સ્નીકર્સ સાથે પર્ફેક્ટ છે. ઉનાળામાં મીડી ડ્રેસ પહેરતા સમયે લૂઝ ફિટિંગને પ્રાધાન્ય આપો જેથી ત્વચા શ્વાસ લઈ શકે.

શોર્ટ્સ- ઉનાળાની ગરમીમાં શોર્ટ્સ એક આરામદાયક અને ટ્રેન્ડી વિકલ્પ છે. ખાસ કરીને યુવા મહિલાઓ અને કોલેજ ગર્લ્સ માટે શોર્ટ્સ અનિવાર્ય છે. કોટન અથવા ડેનિમના હાઈ-વેસ્ટ શોર્ટ્સ પસંદ કરો, જે પરસેવાને શોષી લે અને ત્વચાને ઠંડક આપે. જો તમારું શરીર સ્લિમ છે તો, બર્મુડા સ્ટાઈલના શોર્ટ્સ સાથે ટેન્ક ટોપ અથવા ક્રોપ ટોપ પહેરી શકો. ર્વકિંગ વુમન્સ માટે શોર્ટ્સને કેઝ્યુઅલ ફ્રાઈડેમાં અજમાવી શકાય, જેમ કે ડેનિમ શોર્ટ્સ સાથે બ્લાઉઝ અને જેકેટ. ઘરમાં પહેરવા માટે કોટન શોર્ટ્સ સાથે ઓવરસાઈઝ ટી-શર્ટ આદર્શ છે.

ધ્યાન રાખો કે શોર્ટ્સ પહેરતા સમયે સનસ્ક્રીન લગાવો જેથી ત્વચા સનબર્નથી બચી રહે. ફેશનની વાત કરીએ તો, પ્રિન્ટેડ શોર્ટ્સ જેમ કે સ્ટ્રાઈપ્સ અથવા ચેક્સ વાળા, તમને યુથફુલ લુક આપે છે. જો તમે આઉટડોર એક્ટિવિટી કરો છો તો, એથ્લેઝર શોર્ટ્સ પસંદ કરો જે સ્ટ્રેચેબલ અને મોઈસ્ચર વિકિંગ હોય.

સાડી- ભારતીય મહિલાઓ માટે સાડી એક ક્લાસિક વસ્ત્ર છે, અને ઉનાળામાં પણ તેને સ્ટાઈલ કરીને પહેરી શકાય. કોટન, ચંદેરી અથવા લિનેનની સાડીઓ પસંદ કરો જે હળવી અને શ્વાસ લેવા યોગ્ય હોય. સિલ્ક અથવા હેવી ફેબ્રિકની સાડીઓ ગરમીમાં અસ્વસ્થતા પેદા કરી શકે છે, તેથી તેમને ટાળો. વર્ક પ્લેસ પર સાડી પહેરનારી મહિલાઓ માટે પ્લેન અથવા આછા પ્રિન્ટ વાળી કોટન સાડીઓ આદર્શ છે. તેને કોટન બ્લાઉઝ સાથે પહેરો જેથી પરસેવાની સમસ્યા ન વધે.

કોલેજ અથવા કેઝ્યુઅલ આઉટિંગ માટે ચંદેરી સાડીઓ સ્ટાઈલિશ લાગે છે. સાડીને મોડર્ન ટચ આપવા માટે બેલ્ટ અથવા ક્રોપ્ડ બ્લાઉઝ અજમાવી શકો. જો તમારું શરીર ભરેલું છે તો, વર્ટિકલ સ્ટ્રાઈપ્સ વાળી સાડીઓ પસંદ કરો જે તમને સ્લિમ લુક આપે. ઉનાળામાં સાડી પહેરતા સમયે લૂઝ પ્લીટ્સ રાખો જેથી વાયુપ્રવાહ રહે.

આ ઉપરાંત, ઉનાળામાં વસ્ત્રોની પસંદગીમાં કલર્સનું મહત્વ છે. વ્હાઈટ, પેસ્ટલ બ્લુ, પિંક અને યલો જેવા આછા કલર્સ ગરમીને પરાવર્તિત કરે છે. ડાર્ક કલર્સ ગરમીને શોષી લે છે, તેથી તેમને ટાળો. એક્સેસરીઝમાં હેટ, સનગ્લાસ અને સ્કાર્ફનો ઉપયોગ કરો જેથી તમને સન પ્રોટેક્શન મળી શકે. ફૂટવેરમાં ફ્લેટ સેન્ડલ્સ અથવા સ્નીકર્સ પસંદ કરો જે આરામદાયક હોય.

આરોગ્યની દૃષ્ટિએ, ઉનાળામાં વસ્ત્રો તમને હીટ સ્ટ્રોકથી બચાવે છે. હળવા અને કુદરતી ફેબ્રિક્સ ત્વચાને તંદુરસ્ત રાખે છે.વસ્ત્રોની જાળવણી પણ મહત્વપૂર્ણ છે તેને નિયમિત ધોવા અને સુકાવા જરૂરી છે. ઓનલાઈન શોપિંગથી તમે સરળતાથી આ વસ્ત્રો ખરીદી શકો છો.

છેલ્લે, ઉનાળા માટે તૈયારી તમારા વોર્ડરોબને અપડેટ કરીને કરો. આ સીઝનને સ્ટાઈલ અને આરામ સાથે માણો. જો તમે હજુ તૈયાર નથી તો આજથી શરૂઆત કરો!

## તંત્રી લેખ...-

**શુક્રવાર, તા. ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬**

# ફ્રાન્સ અને ભારતની મિત્રતામાં નવો અધ્યાય જોડતા કરારો

ભારતે તેની આર્થિક અને વ્યૂહાત્મક તાકાતનો વિસ્તાર કરવા માટે નક્કર કાર્યયોજના અમલી બનાવી છે. આ યોજના તળે મિત્ર દેશોની સાથેના સંબંધોને નવા પરિમાણ આપતી સંધી અને કરાર પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. મંગળવારે મુંબઈમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મેક્રોં વચ્ચે થયેલી વાટાઘાટો બાદ બંને દેશ વચ્ચે અલગ-અલગ વિષયો પર ૨૧ સમજૂતી થઈ છે. આ સમજૂતીઓથી બંને દેશ વચ્ચેની મિત્રતા વધુ ગાઢ બની છે અને તેને પગલે સંબંધોને ખાસ વૈશ્વિક વ્યૂહાત્મક

ભાગીદારીનું નવું સ્વરૂપ મળ્યું છે. ભારત અને ફ્રાન્સ વચ્ચેની મિત્રતા અતૂટ રહી છે. નવા-નવા કરારથી આ મિત્રતાને નવું સ્વરૂપ મળતું રહ્યંઅ છે, પણ હાલના વૈશ્વિક સમીકરણોમાં આ સંબંધોને દ્વિપક્ષીય પરીભાષાની સાથોસાથ દુનિયાની સ્થિરતાની જરૂરતોને અનુરૂપ ઢાળવાની અનિવાર્યતા સતત સામે આવતી રહી છે. ફ્રાન્સ સાથે થયેલી ૨૧ સમજૂતીથી બંને દેશ વચ્ચેના વેપાર અને આધુનિક ટેક્નોલોજીના આદાન-પ્રદાનને વધુ મજબૂત કરાશે તેની સાથોસાથ સંરક્ષણ ક્ષેત્રે પણ ભારતની સ્થિતિ મજબૂત બનશે. ખાસ તો ભારત અને ફ્રાન્સે પરસ્પર રોકાણને વધારવા માટે એક ખાસ સમજૂતી કરી છે, જેનાથી બંને દેશના નાગરિકો અને કંપનીઓને બેવડો કર ચૂકવવામાંથી રાહત મળશે. આ સમજૂતીથી દ્વિપક્ષીય વેપાર, રોકાણ અને આવનજાનને નવો વેગ મળી શકશે. સાથોસાથ ફ્રાન્સની મદદથી કર્ણાટકમાં એરબસ એચ ૧૨૫ હેલિકોપ્ટરોના એસેમ્બલી પ્લાન્ટ શરૂ કરાયો છે. કાર્યરત થઈ ગયેલા આ પ્લાન્ટમાં માઉન્ટ એવરેસ્ટ જેવા ઊંચા પર્વતો સુધી ઊડી શકે એવા શક્તિશાળી હેલિકોપ્ટરો તૈયાર કરાશે. રાફેલ યુદ્ધ વિમાનોની ખરીદી અંગે સંમતિ જાહેર થઈ ગઈ છે. આવનારા દિવસોમાં આ માટેના સત્તાવાર કરારની પણ તૈયારી છે. દરમ્યાન ફ્રાન્સની સરંક્ષણ ઉત્પાદન કંપની સૈફરાન અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ દ્વારા સંયુક્ત રીતે હૈમર મિસાઈલોના ઉત્પાદનનો પણ કરાર થયો છે. આ કરારથી બંને દેશ વચ્ચેના સંરક્ષણ ક્ષેત્રના સહયોગમાં નવો અધ્યાય જોડાઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા થોડા સમયથી ભારતે વેપાર સહયોગ વધારતા કરાર વિવિધ દેશો સાથે કર્યા છે. બ્રિટન અને ઓમાન સાથે વેપાર કરાર બાદ ન્યૂઝીલેન્ડ અને યુરોપીયન યુનિયનની સાથે મુક્ત વેપારના કરારને આખરી ઓપ અપાયો છે. ભારતની સામે ૫૦ ટકા ટેરિફ લગાવીને વેપારના સંબંધોમાં કડવાશ ઊભી કરનારા અમેરિકાને પણ હવે આ ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવાની ફરજ પડી છે. બંને દેશે વચગાળાના વેપાર કરારની જાહેરાત કરીને આર્થિક સહયોગ ફરી પાટે ચડાવ્યો છે. ફ્રાન્સ સાથે વેપારની સાથોસાથ સંરક્ષણ ક્ષેત્રના સહયોગને વધારવા જે રીતે પ્રગતિ સધાઈ રહી છે તે સાવ અનોખી છે. બંને દેશ વચ્ચેની મિત્રતા વિકાસના નવા-નવા સોપાન સર કરી રહી છે.

# ઐયરનો રાહુલ સામે જંગ

રાહુલ ગાંધી ભારત સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે જંગે ચડયા છે, ત્યારે કોંગ્રેસના - એમના ઘરમાં ચરુ ઊકળી રહ્યો છે! અને મણિશંકર ઐયર એક વખતના એમના ચાણક્ય અને વિશ્વાસુ ગણાતા હતા તે - હવે રાહુલ સામે જંગ છેડવા તૈયાર થયા છે. તાજેતરમાં કેરળની મુલાકાતમાં એમણે કહ્યું કે, કેરળમાં ડાબેરી મોરચાની સરકાર ફરીથી સત્તા ઉપર આવશે. કોંગ્રેસ મોરચા માટે આ નિવેદન નકારાત્મક - નિરાશાવાદી હોવાથી કોંગ્રેસ હાઈકમાન્ડે ગંભીર નોંધ લીધી છે અને ઐયરની 'આગાહી' સાથે કોંગ્રેસને કોઈ સંબંધ નથી એમ જણાવ્યું છે. આ પછી ઐયરે રાહુલ ગાંધીની નેતાગીરીને ઉતારી પાડી છે, પોતે રાજીવ-વાદી (રાજીવ ગાંધીના ટેકેદાર છે) રાહુલ ગાંધી-વાદી નથી... એમ પણ કહ્યું છે! હવે આવા ખુલ્લેઆમ પડકાર પછી 'હાઈકમાન્ડ' કેવાં પગલાં ભરે છે - ઐયરની પક્ષમાંથી હકાલપટ્ટી કરે છે કે પછી ઉંબરા બહાર ઊભા રાખે છે તે જોવાનું છે. મણિશંકર ઐયર કોઈની પરવા કરે એવા નથી. રાહુલ ગાંધીના વિશ્વાસુ હોવા છતાં બેફામ આક્ષેપબાજીથી કોંગ્રેસને ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં નુકસાન થયું હતું. રાહુલ ગાંધીના ખભા ઉપર જનોઈ ટાંગીને 'જનોઈધારી બ્રાહ્મણ' બનાવીને હાસ્યાસ્પદ બનાવ્યા હતા. હવે રાહુલ ગાંધી અને 'હાઈકમાન્ડ' જયરામ રમેશ અને પવન ખેડામાં વધુ વિશ્વાસ અને જવાબદારી મૂકે છે! ઐયર કોંગ્રેસ વિરુદ્ધ બોલે છે અને લખે છે - એમ ઠસાવી દીધું છે અને એમને 'ઘર બહાર' કાઢયા છે તે પછી ઐયર વધુ છેડાયા છે અને કહે છે કે નેહરુ અને ગાંધી પરિવારની ઉન્નતિ કોંગ્રેસી કાર્યકરોને આભારી છે. રાહુલ ગાંધીના કહેવાતા મિત્રો પણ કોંગ્રેસ પક્ષ છોડી ગયા છે. જો તમે નેહરુ - ગાંધી પરિવારની નેતાગીરી સ્વીકારો નહીં તો કોંગ્રેસમાં સ્થાન નથી. હું હજુ કોંગ્રેસમાં છું, મેં પક્ષ છોડયો નથી. પવન ખેડા મને બરતરફ કરવા માગે છે તો ભલે કરે. હું ખુશીથી બહાર જઈશ અને પછી એમને 'પૂંઠે' લાત મારીશ. પોતે ગાંધીવાદી હોવાનો - સત્યવાદી હોવાનો દાવો પણ કર્યો છે. આટલું કહ્યા પછી મણિશંકર કહે છે કે, કોંગ્રેસના 'ઈન્ડિયા મોરચા'ને બચાવવો હોય તો તામિલનાડુના ડીએમકેના મુખ્યપ્રધાન સ્ટાલીન જ બચાવી શકશે અને રાહુલ ગાંધીને વડાપ્રધાન બનવામાં મદદ કરશે. પણ તેઓ જાણતા જ હશે કે, અત્યારે કોંગ્રેસ અને ડીએમકે વચ્ચે મતભેદ છે - તંગદિલી છે. કોંગ્રેસ સત્તામાં ભાગીદારી માગે છે અને ડીએમકે વિધાનસભામાં બેઠકો આપે પણ સત્તામાં ભાગીદારી - પ્રધાનપદ આપવા તૈયાર નથી. કર્ણાટક અને કેરળમાં પણ કોંગ્રેસ અને ભાગીદાર પક્ષો વચ્ચે ખેંચતાણ ચાલે છે. આ સંજોગોમાં 'જૂથવાદી રાજકારણ' ગંભીર બન્યું છે! રાહુલ ગાંધી માટે મણિશંકર ઐયરનો મોરચો ખુલવો સારા સંકેત નથી. તાજેતરમાં સંસદના બજેટ સત્ર દરમ્યાન પૂર્વ સેનાધ્યક્ષ નરવણેના અપ્રગટ પુસ્તકનો ઘટસ્ફોટ કરીને તેમણે શાસક ભાજપને મૂંઝવણમાં મૂક્યો. તેઓ આક્રમકતાથી આગળ વધી રહ્યા છે, પણ લાંબાગાળાની લડાઇ લડવા માટે તેમને કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓનો સાથ જોઇશે. અણગમતું બોલનારાને મૂકી દેવાને બદલે સૌને સાથે લઇને ચાલે એ ખુદ રાહુલનાં હિતમાં છે.

**આ બધું સંમતિથી થયું છે એ જોતાં આ પ્રકારના કેસ ચલાવવાના જ ના હોય ને કોઈને દોષિત ઠેરવવાના જ ના હોય**

# ગલગોટિયાઓનો ભવાડો, આખું એઆઈ સમિટ શંકાના દાયરામાં

## આ ભવાડા પછી ગલગોટિયા યુનિવર્સિટીને 'ઇન્ડિયા આઈ ઇમ્પેક્ટ સમિટ ૨૦૨૬'માંથી લાત મારીને તગેડી મૂકાઈ છે

દેશની રાજધાની દિલ્હીમાં 'ભારત મંડપમ'માં ચાલી રહેલા 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬'માં ગ્રેટર નોઈડાની ગલગોટિયા યુનિવર્સિટીએ દેશની ઈજ્જતનો ફાલુદો કરી નાખ્યો. ગલગોટિયા યુનિવર્સિટીએ ચાઈનીઝ રૉબૉ ડોગને પોતે બનાવેલો ગણાવીને આખી દુનિયાને મૂરખ બનાવવાની કોશિશ કરી પણ તેની પોલ ખૂલી જતાં સોશિયલ મીડિયા પર આપણી ભારે મજાક ઊડી રહી છે.રૉબૉ ડોગ જેવી બીજાંએ બનાવેલી સાવ સામાન્ય પ્રોડક્ટને પોતાના નામે ચડાવીને ટેક્નોલોજી માં ખાં થઈ ગયા હોવાનાં બણગાં ફૂંકનારનો ભાંડો ફૂટે પછી મજાક ઊડવી સ્વાભાવિક જ છે. ગલગોટિયા યુનિવર્સિટીના સ્ટોલ પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)થી સંચાલિત 'ઓરિયન' (એઆરઆઈઓએન) નામનો રૉબૉ ડોગ રજૂ કરીને દાવો કરાયેલો કે, આ રૉબૉ ડોગ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ બનાવ્યો છે.

આ ભવાડા પછી ગલગોટિયા યુનિવર્સિટીને 'ઈન્ડિયા આઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬'માંથી લાત મારીને તગેડી મૂકાઈ છે. યુનિવર્સિટીએ પોતાની ભૂલ પણ સ્વીકારી છે પણ પોતે કશું ખોટું કર્યું હોવાનું કે આખી દુનિયાને બેવકૂફ બનાવવા નિકળેલાં એવું સ્વીકાર્યું નથી. બલકે સ્ટોલ પર ઊભી રહેલી નેહા સિંહ નામની અધ્યાપિકાને બલિનો બકરો બનાવીને તેના માથો દોષનો ટોપલો ઢોળી દેવાયો છે.યુનિવર્સિટીના કહેવા પ્રમાણે, નેહા સિંહે ખોટી માહિતી આપી તેના કારણે લોકોમાં ભ્રમ ઊભો થયો. નેહા સિંહને પ્રોડક્ટ અંગે કોઈ ચોક્કસ માહિતી નહોતી અને મીડિયા સાથે વાત કરવાની મંજૂરી પણ ન હતી. યુનિવર્સિટીએ એવો બચાવ પણ કર્યો છે કે, નેહા સિંહનો ઈરાદો ખોટી માહિતી ફેલાવવાનો ન હતો પણ છતાં અતિ ઉત્સાહમાં આવીને પ્રોડક્ટના ટેકનિકલ સ્રોત અંગે ખોટી માહિતી આપી દીધી હતી.યુનિવર્સિટી આ બચાવ કરીને લોકોને ફરી મૂરખ બનાવી રહી છે એ કહેવાની જરૂર નથી કેમ કે યુનિવર્સિટીના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પણ રોબોટ 'ઓરિયન' (એઆરઆઈઓએન) 'ગલગોટિયાસના સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા વિકસિત' કરાયો હોવાનું જૂઠાણું ચલાવીને તેને ભારતીય એન્જિનિયરિંગનો ઉત્તમ નમૂનો' ગણાવવામાં આવ્યો હતો.નેહા સિંહે મીડિયાને ઈન્ટરવ્યૂ આપ્યો અને સરકારી ટીવી ચેનલ ડીડી ન્યૂઝ પર આ ઈન્ટરવ્યુ બ્રોડકાસ્ટ થયો તેમાં પોલ ખૂલી, બાકી યુનિવર્સિટીનો ઈરાદો તો ચાઈનીઝ રોબોટને પોતાના નામે ચડાવીને વાહવાહી અને સરકારી સહાય મેળવવા જ માગતા હતા. ડીડી ન્યૂઝના સમાચાર જોયા પછી સોશિયલ મીડિયા પર ટેક્નોલોજીના નિષ્ણાતોએ કોમેન્ટ કરી કે, આ રોબોટ ગલગોટિયાના ગોટિયાઓએ નહીં પણ ચીની કંપની યુનિટ્રી રોબોટિક્સ (યુએનઆટીઆરઈઈઆરઓબીસોટીઆઈ-સીએસ)એ બનાવ્યો છે. જીઓટુ (ઘ્ર) નામનો આ રોબોટ ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર ૩,૦૦૦ ડોલર એટલે કે લગભગ ૩ લાખ રૂપિયામાં સરળતાથી મળે છે.આ કોમેન્ટ્સ પછી સોશિયલ મીડિયા પર થયેલા 'ફેક્ટ-ચેક'માં આ વાત સાચી સાબિત થઈ એ પછી પણ યુનિવર્સિટી તો ભૂલ સ્વીકારવા તૈયાર નહોતી પણ વિદેશથી પણ પસ્તાળ પડવાની શરૂ થઈ એટલે સરકાર સફાળી જાગી અને ગલગોટિયાઓના ગોટા વેરાઈ ગયા. વિદેશી પ્રોડક્ટ પર પોતાનું લેબલ ચિપકાવીને તેને સ્વદેશી ઈનોવેશન તરીકે રજૂ કરનારી યુનિવર્સિટીને તાત્કાલિક સ્ટોલ ખાલી કરવા ફરમાન કરાયું પણ બીજાં કોઈ પગલાં લેવાયાં નથી તેના પરથી સ્પષ્ટ છે કે, સરકાર ભીનું સંકેલવા મથી રહી છે.યુનિવર્સિટીએ નેહા સિંહ પર દોષનો ટોપલો ઢોળીને હાથ ખંખેરી નાખ્યા એ રીતે કેન્દ્ર સરકાર પણ યુનિવર્સિટી પર દોષારોપણ કરીને હાથ ખંખેરી રહી છે પણ આ ભવાડાની સીધી જવાબદારી કેન્દ્ર સરકારની છે. 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬'નું આયોજન ભારત સરકારના ઈન્ડિયન એઆઈ મિશને કર્યું છે અને કેપીએમજી તેમાં નોલેજ પાર્ટનર છે. ભારત સરકારની બીજી એજન્સીઓ પણ તેમાં સહ આયોજક છે. ટૂંકમાં આ આખો કાર્યક્રમ ભારત સરકારે જ કર્યો છે. આ કાર્યક્રમ વૈશ્વિક કક્ષાનો છે ને દુનિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સેક્ટરના ખાનખાનાઓ પધાર્યા છે. ભારતમાં અંઈ ક્ષેત્રે થઈ રહેલી કામગીરી બતાવીને ભારત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)માં સુપર પાવર બની રહ્યું છે એ આ ખાનખાનાઓને બતાવીને દેશની તાકાત બતાવવાનો આ સમિટનો ઉદ્દેશ છે તેથી ભારતની પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે.આ સંજોગોમાં સમિટમાં રજૂ થનારી દરેક પ્રોડક્ટ ખરેખર ભારતીય જ છે એ ચકાસ્યા પછી જ તેમને સ્ટોલ પર મૂકવાની મંજૂરી અપાવી જોઈતી હતી. એવી કોઈ ચકાસણી ના કરાઈ ને ચાઈનીઝ પ્રોડક્ટને ભારતની પ્રોડક્ટમાં ખપાવી દેવાઈ તો તેના માટે સરકારી અધિકારીઓ જવાબદાર કહેવાય કે નહી ? બિલકુલ કહેવાય એ જોતાં સરકારની જ જવાબદારી ગણાય.સરકારે આખું આયોજન ટેકનિકલ ક્ષેત્રના નિષ્ણાતોને સોંપ્યું હોત તો પણ આ ભવાડો ના થયો હોત પણ સરકાર અધિકારીઓના ભરોસે ચાલે છે તેમાં પણ આબરૂનો ધજાગરો થઈ ગયો. મંત્રીઓને સાયન્સ ને ટેકનોલોજીમાં કોઈ ગતાગમ પડતી નથી ને તેમને તેમાં રસ પણ નથી. સમિટ આખું ઈનોવેશન વિશે છે પણ તેના પર વધારે ધ્યાન આપવાના બદલે ગિનેસ બુક ઓફ વર્લ્ડમાં ફલાણા માટે સ્થાન મળ્યું એવા તાયફા કરાય તેના પરથી જ મંત્રીઓનું બૌધ્ધિક સ્તર શું છે એ ખબર પડી જાય.આઘાતજનક વાત એ છે કે, ગલગોટિયાઓના કારણે સમિટ હાંસીને પાત્ર બની ગયું છતાં ગલગોટિયા યુનિવર્સિટી સામે કોઈ પગલાં જ નથી લેવાયાં. દેશની ઈજ્જતનો કચરો કરનારને માત્ર સ્ટોલ ખાલી કરીને જવા દેવાય એ કેવું? આખી દુનિયા સામે દેશની ઈજ્જતનો ફાલુદો કરી નાંખનારી ગલગોટિયા યુનિવર્સિટીની માન્યતા રદ કરી દેવી જોઈએ અને તેના કારભારીઓને જેલમાં નાખી દેવા જોઈએ કે જેથી ભવિષ્યમાં બીજું કોઈ આવું અપકૃત્ય કરતાં પહેલાં સો વાર વિચાર કરે. એવાં કશાં પગલાં ભરવાના બદલે સરકાર સાવ ચૂપ છે.ગલગોટિયાઓના કારણે મોટા ઉપાડે યોજાયેલું આ સમિટ શંકાના દાયરામાં આવી ગયું છે. ગલગોટિયા તો છીંડે ચડેલા ચોર છે પણ બીજાંએ પણ આ ધંધો નહીં કર્યો હોય તેની શું ગેરંટી? ગલગોટિયા સાવ સસ્તી પ્રોડક્ટ ખરીદીને પોતાની ગણાવવા ગયા તેમાં ભરાઈ પડ્યા પણ બીજા સ્માર્ટનેસ બતાવીને કોઈને ખબર ના પડે એ રીતે વિદેશમાં બનેલી પ્રોડક્ટ્સને ખરીદીને મેઈક ઈન ઈન્ડિયાનું લેબલ ચિપકાવીને બેસી નહીં ગયા હોય તેની ખાતરી નથી એ જોતાં સમિટમાં કેટલું સાચા અર્થમાં સ્વદેશી એ સવાલ છે.આ તાયફાએ ભારતમાં શિક્ષણ અને એઆઈ સેક્ટરની દયનિય હાલત પણ છતી કરી દીધી છે. ગલગોટિયા યુનિવર્સિટીએ બીજું કંઈ ના કર્યું હોત ને ૩ લાખમાં ખરીદેલા રોબો ડોગની નકલ કરીને નવો રોબો ડોગ બનાવી દીધો હોત તો પણ ચાલત પણ યુનિવર્સિટીએ ના કરી શકી કેમ કે તેની પાસે એવી તાકાત જ નથી. જે યુનિવર્સિટી ૩૫૦ કરોડ રૂપિયાની એઆઈ ઈસીઓ એસવાયએસટીઈએમ હોવાનો દાવો કરે એ રૉબૉ ડોગની નકલ ના કરી શકે તેનો અર્થ એ થયો કે, યુનિવર્સિટી પાસે ખરેખર કોઈ સિસ્ટમ નથી અને ખોટા દાવા કરીને વિદ્યાર્થીઓને ઉલ્લુ બનાવાય છે. આવા લોકોના ભરોસે આપણે એઆઈમાં સુપર પાવર બનવા નિકળ્યા છીએ!

**ભારતમાં મારિજુઆના શબ્દ કે ભાંગ શબ્દ સાંભળીને એક અલગ પ્રકારની ઉત્તેજના જોવા મળે છે.**

# ભાંગના બીજ સ્વાસ્થ્ય માટે છે કમાલના ગુણકારી!

- આયુર્વેદમાં ભાંગના બીજને તેના ઔષધીય ગુણોને કારણે ખાસ ઉપયોગ કરવામાં આવે છે. તેમાં વિવિધ પોષક ગુણો હોવાની સાથે તેમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન, મિનરલ્સ સમાયેલાં છે.

'હોરી આઈ રે કાન્હા વ્રજ કે રસિયા હોરી આઈ રે'... ભારતમાં વસંત ઋતુનું ઘણું મહત્ત્વ છે. માનવીય જીવનમાં ઉત્સાહ-ઉમંગ ભરી દે તેવી આ ઋતુ હોય છે. વસંતનો મુખ્ય તહેવાર એટલે જ 'હોળી'. જેમ યુવાનીમાં 'વૅલેન્ટાઈન ડે'ની અગાઉથી તૈયારી થતી હોય છે.નાની-મોટી પ્રત્યેક વ્યક્તિઓની સાથે વ્રજવાસીઓ ખાસ હોળીની રાહ આતુરતાથી જોતાં હોય છે. જીવનમાં એક વખત વ્રજની હોળીનો આનંદ અચૂક માણવો જોઈએ. હોળીની વાત આવે તેની સાથે ભાંગની યાદ આવે. ભાંગ શબ્દ વાંચીને તરત જ આપણા મનમાં એવો જ વિચાર આવે કે તેનું સેવન સ્વાસ્થ્ય માટે ગુણકારી નથી. વાસ્તવમાં કુદરતે જેમ પ્રત્યેક વ્યક્તિને એક અનોખી આવડત સાથે પૃથ્વી ઉપર મોકલી છે, તે જ પ્રમાણે પ્રત્યેક વનસ્પતિમાં કાંઈક અલગ જ ગુણો સમાવી દીધા છે.

ભારતમાં મારિજુઆના શબ્દ કે ભાંગ શબ્દ સાંભળીને એક અલગ પ્રકારની ઉત્તેજના જોવા મળે છે. મારિજુઆનાના ત્રણ સ્વરૂપ એટલે ગાંજો-ચરસ-ભાંગને રાખવી, ખાવી કે તેનો વ્યાપાર કરવો ગૈર-કાનૂની ગણાય છે. તેમાં એક અપવાદ છે જે છે ભાંગના બીજ. ભાંગના બીજ કૈનાબિસ સૈટિવા છોડમાંથી મળે છે. જે મારિજુઆનાના છોડથી અલગ પ્રકારનો છોડ છે. ભાંગના બીજથી નશો થતો નથી. કેમ કે તેમાં ટેટ્રાહાઈડ્રોકેનાબિનોલનો અત્યંત નાનો ભાગ હોય છે. જેનો આરોગ્ય ઉપર કોઈ મનોવૈજ્ઞાનિક પ્રભાવ નથી પડતો. આ બીજ સ્વાદમાં કુકકુરા હોય છે. હળવી મીઠાશની સાથે તેનો સ્વાદ અખરોટ જેવો લાગે છે. અનેક લોકોને તે છોતરાં સાથે ખાવા પસંદ હોય છે. તો કેટલાંક લોકોને તે છોતરાં સાફ કરીને ખાવા ગમે છે. દેખાવમાં તે અત્યંત નાના બીજ હોય છે, પરંતુ તેમાં પૌષ્ટિક તત્ત્વોનો ખજાનો સમાયેલો હોય છે. ભાંગના બીજમાં પોષક તત્ત્વોનો ખજાનો સમાયેલો છે. પહાડી પ્રદેશોમાં ભાંગના બીજનો વિવિધ વ્યંજનોમાં ખાસ ઉપયોગ કરવામાં આવે છે. હવે તો ભાંગના બીજના ખાસ ગુણોને કારણે તેની નિકાસ મોટા પાયે થવા લાગી છે. ભાંગના બીજ રોગપ્રતિકારક શક્તિ વધારવાની સાથે ત્વચા, પાચન ક્રિયા, મગજ માટે લાભકારક ગણાવા લાગ્યા છે. ભાંગના બીજનો નિયમિત ઉપયોગ પ્રમાણભાન રાખીને કરવો આવશ્યક છે.

આયુર્વેદમાં ભાંગના બીજને તેના ઔષધીય ગુણોને કારણે ખાસ ઉપયોગ કરવામાં આવે છે. તેમાં વિવિધ પોષક ગુણો હોવાની સાથે તેમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન, મિનરલ્સ સમાયેલાં છે. શાકાહારી ભોજન પસંદ કરતાં જનસમૂહ માટે ભાંગના બીજ એક સારો પર્યાય ગણવામાં આવે છે. ભાંગના બીજનો સમાવેશ સૂકા મેવા તરીકે કરવામાં આવે છે. તેના બીજમાં ૩૦ ટકા તેલ તથા ૨૫ ટકા પ્રોટીન સમાયેલું હોય છે. ભાંગના બીજના તેલનું ઑક્સિડેશન તાપમાન ઓછું હોય છે. તેથી તેના તેલનો ઉપયોગ પ્રોસેસ્ડ ખાદ્યપદાર્થો કે લાંબા સમય સુધી રાખી શકાય તેવી વસ્તુના ઉપયોગમાં કરી શકાતો નથી. ભાંગના તેલમાં સ્વાસ્થ્ય માટે આવશ્યક પ્રત્યેક એમિનો એસિડ હોય છે. મુખ્યત્વે આર્જિનિન જે હૃદયના સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. બેક્ટેરિયા, ફંગસ કે વાયરસથી ફેલાતાં રોગથી બચાવે છે. તેથી જ તો આજે આપણે હોળીમાં ખાસ ઉપયોગમાં લેવાતાં ભાંગના બીજના ગુણો વિશે જાણકારી મેળવી લઈએ :

ચા સંબંધિત સમસ્યાને સુધારવામાં લાભકારક : ભાંગના બીજનો ઉપયોગ આહારમાં કરવાની સાથે ભાંગના બીજનું તેલ ત્વચા ઉપર ચમત્કારિક પરિણામ ધરાવે છે. કેમ કે ભાંગના બીજના અર્કમાં ઍન્ટિ બેક્ટેરિયલ, ઍન્ટિ ઈન્ફ્લેમેટરી તથા ઍન્ટિ ઑક્સિડન્ટ ગુણો સમાયેલાં હોય છે. જે ત્વચા સંબંધિત વિવિધ સમસ્યાને દૂર કરવામાં મદદ કરે છે. જે કૉલેજન ઉત્પાદનનમાં વધારો કરે છે. જેની ગણતરી પ્રોટીનમાં થાય છે. ત્વચા ઉપર દેખાતા કાળા ડાઘ, લાલ ચકામાની સમસ્યામાં રાહત અપાવે છે. બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં લાભકારક : ભાંગના બીજને અંગ્રેજીમાં હેંપ સીડસ્ તરીકે ઓળખવામાં આવે છે. ભાંગના બીજમાં ઑમેગા-૩ તથા ઑમેગા-૬ જેવા સ્વાસ્થ્યવર્ધક ફેટી એસિડની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જે પૉલી-અનસેચ્યુરેટેડ ફેટ હોય છે. હૃદયની તંદુરસ્તી જાળવવા માટે તે અત્યંત ઉપયોગી ગણાય છે. તેનું સેવન કરવાથી ખરાબ કૉલેસ્ટ્રોલનું પ્રમાણ નિયંત્રણમાં રહે છે. વળી સારા કૉલેસ્ટ્રોલની માત્રા વધારવામાં મદદ કરે છે. જેથી નસોમાં લોહી ગંઠાઈ જવાની શક્યતા ઘટે છે. હૃદય તેનું કામ સુચારુ રીતે કરવા સક્ષમ બને છે. નેશનલ લાઈબ્રેરી ઑફ મેડિસિન દ્વારા પ્રકાશિત એક અધ્યયન મુજબ ભાંગના બીજમાં રહેલું ઑમેગા-૩ ફેટી એસિડ જેથી તેનું સેવન કરવાથી ઈસ્કેમિક હૃદય રોગ જેવી સમસ્યાને રોકવાની ક્ષમતા વધે છે. હૃદયની તંદુરસ્તી જાળવવા પ્રત્યે સજાગ વ્યક્તિએ ભાંગના બીજ તથા બીજના તેલનો ઉપયોગ અવશ્ય કરવો.મગજના સ્વાસ્થ્યને સુધારવામાં ગુણકારી : ઑમેગા-૩ ફેટી એસિડ નશો તેમ જ મગજના સ્નાયુઓને થતાં નુકસાનથી બચાવે છે. સ્વસ્થ મગજ ચોક્કસ રીતે વધુ સારું કામ કરી શકે છે. વય વધવાની સાથે યાદશક્તિ ઘટી જવાની તકલીફ કે અન્ય તકલીફને રોકવાનું કામ કરે છે. કેમ કે વય વધવાની સાથે શરીરમાં ઑમેગા-૩ ફેટી એસિડની માત્રા ઘટવાની શરૂ થતી હોય છે. જેનાથી બચવું હોય તો ઑમેગા-૩ ફેટી એસિડ ધરાવતો આહાર લેવો આવશ્યક ગણાય છે.હોર્મોનલ સંતુલન જાળવવામાં મદદરૂપ : પારંપારિક ચિકિત્સાનો ઉપયોગ અનેક વર્ષોથી સ્ત્રી રોગ તથા હોર્મોનલ સમસ્યાના ઈલાજ માટે થતો જોવા મળે છે. જેમાં ભાંગના બીજનો ઉપયોગ અસરકારક ગણાય છે. ભાંગના બીજમાં ગામા લિનોલેનિક એસિડ સમાયેલું હોય છે. જે મહિલાઓમાં રજોનિવૃત્તિનાં લક્ષણોને કારણે થતી તકલીફને નિયંત્રિત કરીને તેને નિયમિત કરવામાં મદદ કરે છે. પોષણનો ખજાનો : ભાંગમાં પોષણનો ખજાનો સમાયેલો છે. તેમાં મેગ્નેશ્યિમ, ઝિંક આયર્નની માત્રા ભરપૂર છે. રોગપ્રતિકારક શક્તિ વધારવાની સાથે શરીરને ઊર્જાવાન બનાવે છે. ઍન્ટિ ઑક્સિડન્ટ તથા ઍન્ટિ ઈન્ફ્લેમેટરી ગુણો સમાયેલાં હોવાને કારણે ઈમ્યૂન સૅલ્સની રક્ષા કરવામાં મદદરૂપ થાય છે. શરીરમાં અચાનક દેખાતાં સોજાના અણુઓ જેને કારણે વ્યક્તિ અશક્તિ અનુભવે છે તેને રોકવામાં મદદ કરે છે.

કીટો ડાયેટમાં લાભકારી : આજકાલ યુવા-વર્ગ કીટો ડાયેટ પ્રત્યે વધુ આકર્ષાયો છે. ભાંગના બીજની સુગંધ તથા સ્વાદ સૂકામેવા જેવા હોવાથી તેને ટોસ્ટ ઉપર કે ઑટસ્માં ભેળવીને ખાઈ શકાય છે. જે વજન ઘટાડવાની સાથે શરીરમાં કાર્બ્સની માત્રા ઘટાડવામાં મદદ કરે છે.

**એક્સરસાઇઝ : એક્ટિવ અને ફિટ રહેવામાં ભૂમિકા રહેલી છે જેથી...**

# કસરત ખુબસુરતીને પણ વધારે છે

## નિયમિત કસરતથી આત્મવિશ્વાસમાં વધારો થાય છે : કસરતથી ચહેરા પર નિખાર આવે છે અને મૂડ સુધરે છે : વયમાં વધારો થાય છે

આધુનિક સમયમાં ખુબસુરતી વધારવા માટે અનેક પ્રકારના પ્રયોગ મહિલાઓ અને પુરૂષો કરતા રહે છે. આના માટે જંગી નાણા પણ ખર્ચ કરે છે. નિયમિતરીતે કસરત કરવાથી વ્યક્તિ વધારે એક્ટિવ અને ફિટ અનુભવ કરે છે. તેમાં આત્મવિશ્વાસમાં જોરદાર વધારો થઇ જાય છે. તેના ચહેરા પર તાજગી વધતી જાય છે. યુનિવર્સિટી ઓફ બ્રિટીશ કોલંબિયાના રિસર્ચમાં આ મુજબની બાબત સપાટી પર આવી ગઇ છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૩૦ મિનિટની કસરત મહિલાઓ અને પુરૂષોની ખુબસુરતીમાં અનેક ગણો વધારો થાય છે. મહિલાઓમાં પણ આત્મવિશ્વાસ વધી જાય છે. અભ્યાસ દરમિયાન સંશોધકોએ કસરત કરનાર અને ન કરનાર મહિલાઓ અને પુરૂષોને બે જુદા જુદા વર્ગમાં વિભાજિત કરી લીધા હતા. તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યુ કે જે મહિલાઓ નિયમિત રીતે કસરત કરી રહી હતી તે વધારે ખુબસુરત અને ફિટ હતી. તેમનામાં આત્મવિશ્વાસ પણ આસમાને હતો. જ્યારે કસરત ન કરનાર મહિલાઓ ઉદાસીન દેખાઇ છે. દરરોજ બ્રિસ્ક વોક અથવા તો જોગિંગથી સ્કીન પર ચમક આવે છે. કસરત વેળા હાર્ટ ઝડપથી પંપ કરે છે. આના કારણે લોહી સરક્યુલેશન વધે છે. આના કારણે સ્કીન સુધી ઓક્સિજન યુક્ત લોહી પહોચે છે. જે ડિટોક્સીફિકેશન અને કોષને નવા બનાવી દેવામાં ભૂમિકા અદા કરે છે. કાર્ડિયોવેસ્કુયલર એકસરસાઇઝ ઉપરાંત અન્ય ગતિવિધી જેના કારણે લોહી સરક્યુલેશન વધે છે તે કરવાથી ફાયદો થાય છે. સારી સ્કીન માટે પુરતા પ્રમાણમાં ઉંઘ જરૂરી છે. હકીકતમાં ઉંઘ દરમિયાન કેટલાક એવા હાર્મોન નિકળે છે જેના કારણે સ્કીનને ફાયદો થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે કસરતથી લાઈફમાં પાંચ વર્ષનો ઉમેરો કરી શકાય છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બિનસક્રિય પુખ્તવયના લોકોની સરખામણીમાં સક્રિય રહેલા લોકો પાંચ વર્ષ વધારે આયુષ્ય ધરાવે છે. તેની લાઇફમાં પાંચ વર્ષનો વધારો કસરતથી થઈ જાય છે. એક સપ્તાહમાં ઓછામાં ઓછી ૧૫૦ મિનિટ સુધી કસરત કરનાર લોકો વધારે લાંબા સમય સુધી જીવે છે. કેનેડાના ઓનટારીયોમાં ક્વીન યુનિવર્સિટીના તબીબ અને સંશોધક જેનસેનનું કહેવુ છે કે કસરતથી ઘણા લાભ થાય છે. આનાથી ફિટનેશને જાળવી રાખવામાં મદદ મળે છે. સાથે સાથે આયુષ્યમાં પણ વધારો થાય છે. કસરત નહીં કરનાર લોકોને સાવધાની રાખવા અને ઓછા પ્રમાણમાં પણ કસરત કરવાની પણ સલાહ આમા આપવામાં આવી છે. આ ટીમે અભ્યાસ કરતી વેળા નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રીશન એક્ઝામીનેશન સર્વેના આંકડા ધ્યાનમાં લીધા હતા. આ ઉપરાંત નેશનલ હેલ્થ ઇન્ટરવ્યૂ સ્ટડીના આંકડા પણ લીધા હતા. જેમાં એક્ટીવ રહેતા અને એક્ટીવ નહીં રહેતા લોકોના મત લેવામાં આવ્યા હતા. એક્ટીવ અંગેની પરિભાષામાં જણાવવામાં આવ્યું છે કે એક સપ્તાહમાં ઓછામાં ઓછી ૧૫૦ મિનિટની કસરત થવી જોઈએ. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૨૦ વર્ષની વયમાં પુરુષ મધ્યમ કસરતથી આયુષ્યમાં ૨.૪ વર્ષનો વધારો કરે છે. જ્યારે ૨૦ વર્ષની વયમાં મહિલાઓ ઓછી કસરત કરીને આયુષ્યમાં ત્રણ વર્ષનો વધારો કરે છે. પરંતુ ૧૫૦ મિનિટ સુધી કસરત કરનાર લોકો તેની લાઈફમાં પાંચ વર્ષનો વધારો કરી લે છે. સંશોધકોએ દાવો કર્યો છે કે અભ્યાસના હકારાત્મક સંદેશાઓ કસરતના મહત્વને સમજાવવામાં પણ મદદરૂપ થશે. કસરતથી ફિટનેશને પણ જાળવી શકાય છે. દિવસભરની ભાગદોડ બાદ અમારા શરીરની એનર્જી ખતમ થઈ જાય છે. અમે વારંવાર એવી ફરિયાદ કરીએ છીએ કે નવા કામને કરવાની હવે હિંમત રહી નથી. આવી ફરિયાદ વારંવાર કરતા લોકો જોવા મળે છે. આ વાસ્તવિકતા છે કે અમે સામાન્ય રીતે ઘણી લાપરવાહી પણ રાખીએ છીએ. જમવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરીને અમે ઘણી મુશ્કેલીઓને દૂર કરી શકીએ છીએ. ખાવા પીવાની ચીજવસ્તુઓ સાથે જોડાયેલી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. આના કારણે રોગપ્રતિકારક શક્તિમાં પણ વધારો થાય છે. આરોગ્ય નિષ્ણાંતોનું કહેવું છે કે સંતુલિત ભોજન ખૂબ જ જરૂરી છે. શરીરના પોષણ મુજબ ધ્યાન આપવામાં આવે તે ખૂબ મહત્વપૂર્ણ છે. કેટલીક એનર્જીની જરૂર છે તે પણ મહત્વપૂર્ણ છે. બિન જરૂરી આડેધડ ડાઈટીંગ કરવાથી નુકસાન થાય છે. લાંબા સમય સુધી ખાવાની કોઈ ખાસ ચીજથી દૂર રહેવાની બાબત પણ યોગ્ય નથી આનાથી અમારા શરીરમાં એ ચીજવસ્તુથી મળનાર પોષક તત્ત્વોની કમી થઈ જાય છે જેથી સંતુલિત ભોજન ખૂબ જ જરૂરી છે. જરૂર કરતા વધુ પ્રમાણમાં ખાવાથી શરીરને નુકસાન થાય છે. વધુ પ્રમાણમાં ભોજન કરવાથી બચી ગયેલી ચીજવસ્તુ શરીરમાં ફેટના રૂપમાં જમા થાય છે. વધુ પ્રમાણમાં કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન અને ફેટ ખાવાની સ્થિતિમાં પણ યોગ્ય નથી. ફળ અને શાકભાજી કાર્બોહાઈડ્રેડથી ભરપૂર ચીજવસ્તુ છે. આમા પોષક તત્ત્વોનું પ્રમાણ ખૂબ વધારે રહે છે. આમા ફાઈબરની સાથે સાથે મિનરલ અને વિટામીન પણ ખૂબ વધુ પ્રમાણમાં હોય છે. ભોજનમાં જુદા જુદા રંગના ફળ અને શાકભાજીને આવરી લેવામાં આવે તેવી સલાહ આપવામાં આવી છે.

# કલ્યાણી પ્રિયદર્શન 'લોકાહ : ચેપ્ટર ૨'માં વાપસી કરશે

## કલ્યાણીએ કહ્યું ફિલ્મનું શૂટિંગ સપ્ટેમ્બરમાં શરૂ થશે



'લોકાહ'ની સ્ટાર કલ્યાણી પ્રિયદર્શને તાજેતરમાં કહ્યું છે કે તે ફિલ્મના બીજા ભાગનો હિસ્સો છે. તેણે એવું પણ જણાવ્યું કે ફિલ્મનું શૂટિંગ આ વર્ષે સપ્ટેમ્બરમાં શરૂ થવાની શક્યતા છે.

'લોકાહ ચેપ્ટર ૧: ચંદ્રા'ની રેકોર્ડતોડ સફળતા બાદ સિક્વલ પર કામ શરૂ થઈ ગયું છે. તેનાં પ્રોડક્શન શેડ્યૂલ અંગે આવી રહેલી નવી અપડેટ્સથી ચાહકો ઉત્સાહમાં આવી ગયા છે. ત્યારે હવે પહેલી ફિલ્મની લીડ એક્ટ્રેસ કલ્યાણી પ્રિયદર્શને હવે કહી દીધું છે કે તે 'લોકાહ ચેપ્ટર ૨'માં વાપસી કરશે.

ધનલક્ષ્મી શ્રીનિવાસન યુનિવર્સિટીમાં તાજેતરના એક કાર્યક્રમમાં હાજરી દરમિયાન કલ્યાણીને સિક્વલ વિશે પૂછવામાં આવ્યું હતું. તેણે ખુલાસો કર્યો કે હાલ સિક્વલની સ્ક્રિપ્ટ પર કામ ચાલી રહ્યું છે અને આ વર્ષનાં પાછળના ભાગમાં શૂટિંગ શરૂ થવાની શક્યતા છે. કલ્યાણીએ કહ્યું, "લોકાહ ૨ની સ્ક્રિપ્ટ પર કામ ચાલી રહ્યું છે. આશા છે કે સપ્ટેમ્બરમાં શૂટિંગ શરૂ થશે. હા, હું ફિલ્મનો ભાગ છું, તેથી રાહ જુઓ."

'લોકાહ ચેપ્ટર ૧: ચંદ્રા'નું ડિરેક્શન ડોમિનિક અરુણે કર્યું હતું અને તેમાં લોકકથા, ફેન્ટસી અને ઈમોશનલ ડ્રામાનો સંયોગ હતો. ફિલ્મમાં કલ્યાણીએ ચંદ્રા, એટલે કે કલ્લિયાનકાટ્ટુ નીલીનું પાત્ર નિભાવ્યું હતું. તેણે આધુનિક દુનિયામાં પડકારોનો સામનો કરતી એક અલૌકિક શક્તિ ધરાવતી છોકરીનું પાત્ર ભજવ્યું હતું.

'લોકાહ' ગયા વર્ષે એક સરપ્રાઇઝ સફળ મલયાલમ ફિલ્મ બની રહી હતી. કેટલાંક અહેવાલો મુજબ ફિલ્મે વર્લ્ડવાઇડ ૩૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી. ઉપરાંત, આ મલયાલમ સિનેમાની પ્રથમ મહિલા સુપરહીરો ફિલ્મ તરીકે પણ લોકપ્રિય થઈ હતી.

બોક્સ ઑફિસ પર ફિલ્મની રેકોર્ડતોડ સફળતા બાદ મેકર્સે ૨૦૨૫ની ફિલ્મની સિક્વલ અંગે પહેલેથી જ સંકેત આપ્યો હતો. અહેવાલો સૂચવે છે કે ટોવિનો થોમસ 'માઈકલ' નામના એક ચથન તરીકે ફ્રેન્ચાઈઝીમાં જોડાઈ શકે છે. બીજી તરફ, ફિલ્મનો પ્રોડ્યુસર દુલકીર સલમાન 'ચાર્લી' એટલે કે 'ઓડિયાન' તરીકે પોતાના પાત્રમાં વાપસી કરી શકે છે. જોકે, આ માત્ર અહેવાલો છે અને સત્તાવાર જાહેરાતની રાહ જોવાઈ રહી છે.



# બીજા કોઈ પ્રોજેક્ટ માટે ઓડિશન આપ્યું અને ઇક્કિસ મળી ગઈ : સીમર

તાજેતરમાં ઈક્કિસ ફિલ્મથી અક્ષય કુમારની ભત્રીજી સીમર ભાટીયાએ એક્ટિંગમાં ડેબ્યુ કર્યું છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું છે કે તેની પહેલી ફિલ્મને મળેલા પ્રતિસાદથી હવે તેની હિંમત વધી છે. સિમર હવે પોતાના ભવિષ્યના પ્રોજેક્ટ્સ અંગે આશાવાદી દેખાઈ રહી છે. તાજેતરના એક ઈન્ટરવ્યુ દરમિયાન સિમરે પોતાના અનુભવો વિશે વાત કરી હતી.

શ્રીરામ રાઘવને ડિરેક્ટ કરેલી આ વોર ડ્રામા પછી જીવનમાં આવેલાં પરિવર્તન વિશે સિમર કહ્યું, "ખુબ સારો પ્રતિસાદ મળ્યો, તેનાથી મને પ્રોત્સાહન મળ્યું છે. એક ક્ષણ જે હંમેશા યાદ રહેશે, જ્યારે અમિત જી (અમિતાભ બચ્ચન)એ મારા પરફોર્મન્સ વિશે પોતાનો પ્રતિભાવ પણ આપ્યો હતો અને ફિલ્મમાં તેમનાં મનપસંદ સીન વિશે પણ વાત કરી હતી. તેમને આવું કરવું જરૂરી નહોતું, છતાં તેમણે ખૂબ ઉદારતા અને સ્નેહ સાથે પ્રતિભાવ આપ્યો હતો. કારકિર્દીના શરૂઆતના તબક્કે આવો પ્રતિસાદ મળવો ખૂબ આશ્વાસન આપનારો અને પ્રેરણાદાયી છે."

આ ફિલ્મમાં કામ મળવા વિશે સિમર કહે છે, "હું તો બીજી એક ફિલ્મ માટે ઓડિશન આપવા ગઈ હતી. તે પ્રક્રિયા દરમિયાન મને 'ઇક્કિસ' માટે ઓડિશન આપવા કહેવામાં આવ્યું. કેટલાક રાઉન્ડ પછી મને એક ફોન આવ્યો, 'તમે સિલેક્ટ થઈ ગયા છો.' જે કોઈ પણ માટે જીવન બદલી નાખે એવી વાત હોય છે. દિનુ સર (દિનેશ વિજાન)એ ફોન કરીને અભિનંદન આપ્યા અને કહ્યું કે ચાર દિવસમાં શૂટ માટે નીકળવાનું છે. મારું દિલ જોરથી ધબકતું હતું, હાથ કાંપતા હતા. એવું લાગ્યું જાણે સ્કૂલનો સૌથી કૂલ વ્યક્તિ તમને પસંદ કરે... બસ એ ભાવનાથી પણ આ ઉત્સાહ સો ગણો વધુ હતો!"

'ઇક્કિસ' પછી આગળ શું, એ સવાલ પર સિમર કહે છે, "હજુ કંઈ ચોક્કસ કહેવું થોડું વહેલું છે. ઘણું બધું હજુ મારા હાથમાં નથી. પરંતુ હું આશા રાખું છું કે આગળ જે પણ કામ આવે તે ઘણા દર્શકોને પસંદ આવે અને ફરી એક વાર હું દિલનો એક હિસ્સો તેના માટે આપી શકું."

# ફિલ્મમાંથી કાઢીને કહેવાયું, ડિરેક્ટરે ભૂલથી કાસ્ટ કરી

### પ્રિયંકાએ હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાં આપેલા વક્તવ્યમાં ઐશ્વર્યા અને ઇરફાનનો આભાર માન્યો

પ્રિયંકા ચોપરાએ તાજેતરમાં હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાં એક ચર્ચામાં ભાગ લીધો હતો. જેમાં તેણે ખુલાસો કર્યો કે કારકિર્દીની શરૂઆતમાં એક હિન્દી ફિલ્મમાંથી તેને કોન્ટ્રાક્ટ સાઈન કર્યા બાદ પણ કાઢી નાખવામાં આવી હતી. તેના એક સહ-અભિનેતાએ જણાવ્યું હતું કે ફિલ્મમાં તેની પસંદગી ડિરેક્ટરની "ભુલ" હતી.

પ્રિયંકા ચોપરાએ હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાં થયેલી ચર્ચા દરમિયાન આ ઘટના યાદ કરી. તેણે જણાવ્યું કે, ૨૦૦૭ની ફિલ્મ 'સલામ-એ-ઈશ્ક'ના સેટ પર તેની આવનારી ફિલ્મના સહ-અભિનેતા મળવા આવ્યા હતા. પ્રિયંકાને લાગ્યું કે તેઓ સપોર્ટ કરવા માટે આવ્યા છે, કારણ કે તેમની સાથેની ફિલ્મનું શૂટિંગ પછીના મહિને શરૂ થવાનું હતું.

પરંતુ તેમણે આવીને કહ્યું, "ડિરેક્ટરે તને આ ફિલ્મ ભૂલથી આપી છે. આ ફિલ્મ તો પહેલાંથી જ બીજી એક એક્ટ્રેસને જ મળવાની હતી. આપણે પછી કોઈ બીજી ફિલ્મ કરીશું." ત્યારબાદ તેઓ ચાલ્યા ગયા. તે સમયે પ્રિયંકાની ઉંમર માત્ર ૨૨ વર્ષ હતી. તેણે આગળ કહ્યું, "આ ફિલ્મ મારા માટે ખૂબ જ મહત્વની હતી અને પળવારમાં મારી પાસેથી છીનવાઈ ગઈ. મેં કોન્ટ્રાક્ટ કર્યો હતો. તો આ વાતનો શું અર્થ થાય? પણ એ સમય એવો જ હતો."

૨૦૦૩માં 'અંદાઝ'થી પ્રિયંકાએ ડેબ્યુ કર્યું હતું, જેમાં અક્ષય કુમાર અને લારા દત્તા પણ હતા. તે સમયગાળામાં રિતિક રોશન, અભિષેક બચ્ચન, કરીના કપૂર અને ઝાયેદ ખાન જેવા ફિલ્મી પરિવારોમાંથી આવેલા કલાકારો પણ ફિલ્મોમાં પ્રવેશી રહ્યા હતા. નેપોટિઝમ અંગે વાત કરતાં

પ્રિયંકાએ જણાવ્યું, "તે સમયે મને નેપોટિઝમનો અર્થ ખબર નહોતો. દરેક માતા-પિતા પોતાના બાળકોને શ્રેષ્ઠ ભવિષ્ય આપવા માંગે છે—જે સ્વાભાવિક છે. પરંતુ



પછી મને સમજાયું કે મારી માટે કોઈ ફિલ્મ બનાવતું નથી."

તેણે જણાવ્યું કે ઘણી વખત લીડ રોલ મળ્યા પછી અચાનક તેને સેકન્ડ લીડમાં બદલી દેવામાં આવ્યા. આ રાજકારણ સમજાતા તેણે પોતાની કારકિર્દી પર ફરી વિચાર કર્યો, પણ અંતે પોતાની કળા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય લીધો—જે સફળ સાબિત થયો. હાર્વર્ડ ઈન્ડિયા કોન્ફરન્સ દરમિયાન પ્રિયંકા ચોપરાએ ઐશ્વર્યા રાય, ઈરફાન ખાન અને મિન્ડી કેલિંગને હોલિવૂડનો રસ્તો બનાવવાનો શ્રેય આપ્યો હતો.

તેણે કહ્યું, "હું માનું છું કે હું મારી પહેલાં આવેલાં અદભૂત કલાકારોના ખભા પર ઊભી છું. ઐશ્વર્યા રાય, ઈરફાન ખાન અને મિન્ડી કેલિંગે જે કર્યું તેના કારણે હું દરવાજો થોડો વધુ ખોલી શકી."

પ્રિયંકા હવે પોતાની આગામી ફિલ્મ 'ધ બ્લફ'ની રિલીઝની રાહ જોઈ રહી છે, જેનું નિર્દેશન ફ્રેંક ઈ ફ્લાવર્સ દ્વારા કરવામાં આવ્યું છે અને ૨૫ ફેબ્રુઆરીએ એમેઝોન પ્રાઈમ વિડિયો પર રિલીઝ થવાની છે. તે ઉપરાંત તે એસ.એસ. રાજામૌલીની ફિલ્મ 'વારાણસી'માં મહેશ બાબુ અને પૃથ્વીરાજ સુકુમારન સાથે જોવા મળશે. આ ફિલ્મ ૨૦૨૭માં રિલીઝ થવાની છે.

# ભૂષણ કુમાર અને વિવેક અગ્નિહોત્રી 'ઓપરેશન સિંદૂર' પર ફિલ્મ બનાવશે





### બોર્ડર ૨ પછી, ભૂષણ કુમારે વધુ એક દેશભક્તિ ફિલ્મની તૈયારી કરી

'બોર્ડર ૨'ના પ્રોડ્યુસર ભૂષણ કુમારે ડિરેક્ટર વિવેક અગ્નિહોત્રી સાથે વધુ એક દેશભક્તિ ફિલ્મ બનાવવા માટે હાથ મિલાવ્યો છે. આ જોડી હવે 'ઓપરેશન સિંદૂર' પર આધારિત એક હાઈ-પ્રોફાઈલ ફિલ્મ માટે સાથે કામ કરવા તૈયાર છે. આ પ્રક્રિયા સાથે સંકળાયેલા એક સુત્રે જણાવ્યું, "ભુષણ કુમાર અને વિવેક અગ્નિહોત્રી તેમની આગામી ફિલ્મ 'ઓપરેશન સિંદૂર' માટે સાથે આવી રહ્યા છે. આ ફિલ્મ ટી-સિરીઝ અને આઈ એમ બુદ્ધા પ્રોડક્શન હેઠળ બનશે અને ફિલ્મનું ડિરેક્શન વિવેક અગ્નિહોત્રી કરશે."

તાજેતરમાં ટી-સિરીઝે 'બોર્ડર ૨' પણ પ્રોડ્યુસ કરી હતી. જે એક કલ્ટ વૉર ફિલ્મ બોર્ડરની સ્પિરિચ્યુઅલ સીક્વલ છે. આ ફિલ્મમાં સની દેઓલ, વરુણ ધવન, દિલજીત દોસાંઝ અને અહાન શેટ્ટી સહિતના કલાકારો મુખ્ય ભુમિકામાં છે. ત્યારે હવે ભુષણ કુમાર એક્ટર હર્ષવર્ધન રહાણે સાથે ફરીથી જોડાઈને એક નવી ફિલ્મ પણ પ્રોડ્યુસ કરી રહ્યા છે, જેનું નામ હજુ જાહેર થયું નથી.

ફિલ્મમેકર વિવેક અગ્નિહોત્રીની છેલ્લી ફિલ્મ 'ધ બેંગાલ ફાઈલ્સ' હતી, જે ૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ રિલીઝ થઈ હતી. આ ફિલ્મ તેની 'ફાઈલ્સ' ટ્રિલોજીની અંતિમ કડી તરીકે રજૂ થઈ હતી, જેમાં પહેલાં 'ધ કાશ્મીર ફાઈલ્સ' અને 'ધ તાશ્કંત ફાઈલ્સ' ફિલ્મો આવી હતી.

## વિન ડીઝલે પ્રિયંકાની તુલના નેલ્સન મંડેલા સાથે કરી


# પ્રિયંકાની ધ બ્લફના પ્રીમિયરમાં વિન ડિઝલે તેનાં વખાણ કર્યાં

વિન ડીઝલે 'ધ બ્લફ'ના પ્રીમિયરમાં પ્રિયંકા ચોપરાનાં અભિનયના વખાણ કર્યા અને તેની પ્રતિભા સાથે સાથે યુરોપમાં સ્ક્રીનિંગ દરમિયાન તેનાં બાળકો સાથે તે કેટલી હળી-મળી ગઈ હતી, તેનાં પણ વખાણ કર્યા હતા.


હોલિવૂડ સ્ટાર વિન ડીઝલ લોસ એન્જેલિસમાં યોજાયેલા એક્શન થ્રિલર ફિલ્મ 'ધ બ્લફ'ના પ્રીમિયરમાં પ્રિયંકા ચોપરાને મળ્યો અને તેનાં અભિનયના ખૂબ ખાણ કર્યા હતા. તેણે પ્રિયંકાને અદ્ભુત પ્રતિભાશાળી ગણાવી અને કહ્યું કે યુરોપમાં ફિલ્મના એક સ્ક્રીનિંગ દરમિયાન તે તેમના બાળકો સાથે ખૂબ પ્રેમથી મળી હતી. તેણે બંનેનો જન્મદિવસ એક જ દિવસે હોવાનો ઉલ્લેખ કર્યો અને પ્રિયંકાએ પોતાના કામથી જે અસર ઉભી કરી છે, તેની સરખામણી નેલ્સન મંડેલા જેવા મહાન વ્યક્તિત્વ સાથે કરી, જેમણે દુનિયાને વધુ સારી બનાવવાનો પ્રયત્ન કર્યો હતો.

પ્રિયંકા વિશે મીડિયા સાથે વાત કરતા વિન ડીઝલે કહ્યું, "સૌ પ્રથમ, હું તમને એક નાનું રહસ્ય કહું છું. આ ફિલ્મમાં પ્રિયંકાનું કામ અદ્ભુત છે અને તેનામાં અવિશ્વસનીય પ્રતિભા છે અને યુરોપમાં જ્યારે મારા બાળકો માટે સ્ક્રીનિંગ હતું ત્યારે પ્રિયંકા તેમની સાથે ખૂબ જ પ્રેમથી હળી-મળી ગઈ હતી. રસપ્રદ વાત તો એ છે કે અમારો જન્મદિવસ એક જ દિવસે છે અને પ્રિયંકાને જોઇને મને સ્વર્ગસ્થ નેલ્સન મંડેલાની યાદ આવે છે. તો પ્રિયંકા, નેલ્સન મંડેલા અને હું—અમે બધા આ દુનિયાને વધુ સારી બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ."

લોસ એન્જેલસના ટીસીએલ ચાઈનીઝ થિયેટરમાં યોજાયેલા 'ધ બ્લફ'ના વર્લ્ડ પ્રીમિયરમાં ફિલ્મના કલાકારો સિવાય પણ ગ્લેમરસ હાજરી જોવા મળી.




# જોન અબ્રાહમે કહ્યું, અક્ષય-શાહરુખ સાથે કોઈ સ્પર્ધા નથી, અમે પૂરક છીએ



જોન અબ્રાહમે કહ્યું છે કે ૨૦૦૩માં ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કરતી વખતે તેને ભારે ટીકા સહન કરવી પડી હતી. તેમ છતાં, આ વર્ષો દરમિયાન તેણે પોતાની પ્રતિભાથી પોતાનું સ્થાન બનાવ્યું અને આજે તે મોટા સ્ટાર્સ સાથે મજબૂત મિત્રતા ધરાવે છે. ૨૦૦૩માં 'જિસ્મ'થી ડેબ્યુ કરીને તાજેતરની ફિલ્મ 'તેહરાન' સુધી, જોન અબ્રાહમે પોતાની અભિનય ક્ષમતા સાબિત કરી છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું કે તેની તેના કો-એક્ટર્સ સાથે કોઈ સ્પર્ધા નથી પરંતુ તેની તો તેના સાથી કલાકારો સાથે દોસ્તી અને હુંફભર્યો સંબંધ છે, તેણે મજાકમાં એમ પણ કહ્યું કે અભિષેકને તો તેણે કિસ પણ કરી છે.

જોને કહ્યું, "હું મારા મેલ કો-સ્ટાર્સ સાથે વધારે સારો સંબંધ ધરાવું છું." તેણે ઉમેર્યું કે તેણે અક્ષય કુમાર, શાહરુખ ખાન, વરુણ ધવન અને અભિષેક બચ્ચન જેવા કલાકારો સાથે કામ કર્યું છે. જોનનું માનવું છે કે તેની આ સહકલાકારો સાથે કોઈ સ્પર્ધા નથી, પરંતુ તેઓ એકબીજાના પૂરક બને છે. "હું તેમને સ્પર્ધક તરીકે નહી, પરંતુ મારા કામના પૂરક તરીકે જોઉં છું અને તેઓ પણ મને એ જ રીતે જુએ છે. હું એ મિત્રો સાથે બહુ કન્ફર્ટેબલ છું અને એ હુંફ ફિલ્મોમાં દેખાય છે."

ઘણી હિટ ફિલ્મો આપ્યા પછી જોન આજે બોલિવૂડમાં પોતાનું મજબૂત સ્થાન ધરાવે છે.

# ઝિમ્બાબ્વેનો સપાટો

## યજમાન શ્રીલંકા સામે પણ શાનદાર વિજય

### ટીર૦ વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વે અચાનક જ જોખમી ટીમ બની ગઈ, શ્રીલંકાને છ વિકેટે હરાવી મોખરે પહોંચી





ઓપનર બ્રાયન બેનેટની આકર્ષક અડધી સદી અને અંત ભાગમાં કેપ્ટન સિકંદર રઝાની આક્રમક બેટિંગની સહાયથી ઝિમ્બાબ્વેએ વર્તમાન ટીર૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં પોતાનું વર્ચસ્વ જમાવી દીધું હતું અને ગુરુવારે અહીં રમાયેલી અંતિમ લીગ મેચમાં સહ યજમાન શ્રીલંકાને હરાવીને દમામભેર સુપર-૮માં પ્રવેશ કરી લીધો હતો. અગાઉ ઝિમ્બાબ્વેએ જાયન્ટ ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું અને હવે ગ્રૂપની સર્વશ્રેષ્ઠ એવી શ્રીલંકન ટીમને પણ હરાવીને પોતાનું પ્રભુત્વ જમાવી દીધું હતું. આ સફળતા સાથે ઝિમ્બાબ્વે તેના ગ્રૂપમાં મોખરે પહોંચી ગયું હતું એટલું જ નહીં પરંતુ સુપર-૮ રાઉન્ડમાં તે સૌથી જોખમી ટીમ બની ગઈ છે.

ગુરુવારે અહીં રમાયેલી મેચમાં શ્રીલંકાએ પ્રથમ બેટિંગ કરીને ૨૦ ઓવરમાં લડાયક કહી શકાય તેવો સાત વિકેટે ૧૭૮ રનનો સ્કોર રજૂ કર્યો હતો પરંતુ આ સ્કોરને ઝિમ્બાબ્વેએ નાનો બનાવી દીધો હતો અને ૧૯.૩ ઓવરમાં માત્ર ચાર વિકેટ ગુમાવીને ૧૮૨ રનના સ્કોર સાથે મેચ જીતી લીધી હતી.

૧૭૯ રનના ટારગેટ સામે રમતાં ઝિમ્બાબ્વેએ આર. પ્રેમદાસા સ્ટેડિયમની અઘરી પિચ પર પણ મજબૂત બેટિંગ કરી હતી. બ્રાયન બેનેટે માત્ર ૪૮ બોલમાં અણનમ ૬૩ રન ફટકાર્યા હતા તો ઈનિંગ્સના અંત ભાગમાં સિકંદર રઝાએ આક્રમક બેટિંગ કરીને ૨૬ બોલમાં ૪૫ રન ફટકારી દીધા હતા.

ઝિમ્બાબ્વે અને શ્રીલંકા બંને ટીમ અગાઉથી જ સુપર-૮ રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો અને આ મેચ ઔપચારિકતા જ હતી પરંતુ ઝિમ્બાબ્વેએ ગૂપમાં પોતાનું વર્ચસ્વ જમાવી દીધું હતું કેમ કે તે સાત પોઈન્ટ સાથે મોખરે રહ્યું હતું. આ મેચના પરિણામ સાથે બી ગ્રૂપમાં માત્ર ઝિમ્બાબ્વેની ટીમ જ અજેય રહી હતી. શ્રીલંકાએ તેની ચાર મેચમાંથી એકમાં પરાજય હાંસલ કર્યો હતો પરંતુ ઝિમ્બાબ્વે ત્રણ મેચ જીત્યું છે અને તેની એક મેચ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી.

ઝિમ્બાબ્વેએ મક્કમ પ્રારંભ કર્યો હતો અને પાવર પ્લે પૂરો થાય ત્યાં સુધીમાં વિના વિકેટે ૫૫ રન કરી દીધા હતા. ઓપનર તાડી મારુમાનીએ ૨૬ બોલમાં ૩૪ રન ફટકાર્યા હતા. તેણે બેનેટ સાથે મળીને પહેલી વિકેટ માટે ૮.૩ ઓવરમાં ૬૯ રનની ભાગીદારી નોંધાવીને ટીમના વિજયનો પાયો રચી દીધો હતો. આ ઉપરાંત ઝિમ્બાબ્વેની બેટિંગ લય જળવાઈ રહેશે તેની ખાતરી કરાવતા રાયન બુર્લે ૧૨ બોલમાં ૨૩ રન ફટકાર્યા હતા. આ દરમિયાન શ્રીલંકન બોલર લાચાર બની ગયા હતા. કેપ્ટન દાસુન શનાકાએ બુર્લને આઉટ કર્યો ત્યારે થોડી આશા જાગી હતી પરંતુ સિકંદર રઝાએ આવીને ગૃહટીમને આશા ઉપર પાણી ફેરવી દીધું હતું. રઝાએ તેની ૪૫ રનની ઝઝાવાતી ઈનિંગ્સમાં ચાર સિક્સર ફટકારી હતી.

અગાઉ શ્રીલંકા માટે ઓપનર પાથુમ નિસાન્કાએ આકર્ષક બેટિંગ કરીને ૪૧ બોલમાં ૬૨ રન ફટકાર્યા હતા તો પવન રત્નાયકેએ પણ એવી જ શાનદાર બેટિંગ કરીને ૨૫ બોલમાં બે સિક્સર સાથે ૪૪ રન ફટકાર્યા હતા. જોકે ત્યાર પછીના બેટર્સ ખાસ નોંધપાત્ર યોગદાન આપી શક્યા ન હતા. ઝિમ્બાબ્વે માટે બ્લેસિંગ્ટન મુઝારાબાની, બ્રાડ ઈવાન્સ અને ગ્રીમ ક્રિમરે બે બે વિકેટ લીધી હતી.

# બીજી ટીર૦માં ભારતને હરાવી ઓસી. વિમેન્સે સ્કોર સરભર કર્યો

### વિમેન્સ ટીર૦માં ઓસી.નો ૧૯ રનથી વિજય



જ્યોર્જિયા વોલ અને બેથ મૂનીએ પહેલી વિકેટ માટે વિક્રમી ભાગીદારી નોંધાવતાં ઓસ્ટ્રેલિયા વિમેન્સ ટીમે અહીં રમાયેલી બીજી ટીર૦ ક્રિકેટ મેચમાં ભારતીય વિમેન્સ ટીમને ૧૯ રનથી હરાવીને ત્રણ મેચની સિરીઝનો સ્કોર ૧-૧થી સરભર કરી દીધો હતો. પહેલી મેચમાં ભારતનો વિજય થયો હતો.

ગુરુવારે અહીં રમાયેલી બીજી ટીર૦ ક્રિકેટ મેચમાં ઓસ્ટ્રેલિયન વિમેન્સ ટીમે પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૩ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેમાં પહેલી વિકેટ માટે વોલ અને મૂનીએ ૧૨૮ રન ઉમેર્યા હતા. ભારત વિમેન્સ ટીમે શરૂઆતની ઓવર્સમાં લડત આપી હતી પરંતુ અંતે તે ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૪૪ રન કરી શકી હતી.


મેચ જીતવા માટે ૧૬૬ રનના ટારગેટ સામે રમતાં ભારતે ઓપનર સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માની મદદથી નોંધપાત્ર શરૂઆત કરી હતી. બંનેએ સાતમી ઓવર સુધીમાં ૫૭ રન ઉમેરી દીધા હતા અને ભારતની સફળતાની અપેક્ષા જગાડી હતી. મંધાનાએ ૨૩ બોલમાં ૨૯ અને શેફાલી વર્માએ ૨૪ બોલમાં ૩૧ રન ફટકાર્યા હતા. આ ઉપરાંત કેપ્ટન હરમનપ્રિત કૌરે ઝડપી બેટિંગ કરીને ટીમ માટે આશા જીવંત રાખી હતી પરંતુ કેપ્ટન આઉટ થઈ તે સાથે ભારતના પડકારનો અંત આવી ગયો હતો. હરમનપ્રિત કૌરે ૩૦ બોલમાં પાંચ ચોગ્ગા સાથે ૩૬ રન ફટકાર્યા હતા. આ સિવાય રિચા ઘોષના ૧૯ રનને બાદ કરતાં ભારત તરફથી બાકીની કોઈ બેટર લડત આપી શકી ન હતી. અગાઉ ઓસ્ટ્રેલિયન ઓપનર્સ જ્યોર્જિયા વોલ અને બેથ મૂનીએ શાનદાર બેટિંગ કરી હતી. બંનેએ ૧૪.૫ ઓવરમાં જ ૧૨૮ રનની ભાગીદારી નોંધાવી દીધી હતી. જ્યોર્જિયા વોલે આક્રમક બેટિંગ કરીને ૫૭ બોલમાં ૮૮ રન ફટકાર્યા હતા જેમાં ૧૧ ચોગ્ગા અને એક સિક્સરનો સમાવેશ થતો હતો. તેની સાથે બેથ મૂનીએ પણ આક્રમક બેટિંગ કરીને ૩૯ બોલમાં ૪૯ રન ફટકાર્યા હતા. જ્યોર્જિયા વોલને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. જોકે આ બંનેની વિકેટ પડ્યા બાદ ઓસ્ટ્રેલિયા વિમેન્સ ટીમ તેની લય જાળવી રાખવામાં સફળ રહી ન હતી અને ભારતીય બોલર્સે મેચ પર અંકુશ મેળવી લીધો હતો. આમ છતાં ઓસ્ટ્રેલિયાના ૧૬૩ રનનો સ્કોર ભારતીય વિમેન્સ ટીમ માટે પડકારજનક પુરવાર થયો હતો.

ભારત માટે અરૂંધતી રેડ્ડીએ ચાર ઓવરમાં ૩૦ રન આપીને બે વિકેટ લીધી હતી તો રેણુકાસિંઘ ઠાકુરને એક વિકેટ મળી હતી. ઓસ્ટ્રેલિયાની બે બેટર રનઆઉટ થઈ હતી.

ભારતીય બેટિંગમાં આ મેચમાં ખામી જોવા મળી હતી પરંતુ તેની સામે ઓસ્ટ્રેલિયાની બોલિંગ પણ પ્રશંસનીય રહી હતી. એશ્લે ગાર્ડનરે ૨૨ રનમાં ત્રણ વિકેટ લીધી હતી તો કિમ ગાર્થ, એનાબેલ સધરલેન્ડ અને સોફી મોલિનોક્સે બે બે વિકેટ લીધી હતી.

# ક્રિકેટર શિખર ધવન ફરી લગ્ન માટે તૈયાર!

### આઈરિશ ગર્લફ્રેન્ડ સોફી સાથે ઇન્સ્ટાગ્રામ પર ફોટોઝ પોસ્ટ કર્યા; લખ્યું- સંગીત નાઈટ



શિખર ધવનના ઘરે શરણાઈઓ વાગવાની છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર પોતાની થનારી દુલ્હન સોફી શાઈન સાથે સંગીત નાઈટની તસવીર શેર કરી છે. ફેન્સ શિખર ધવનની આ જાહેરાત જોઈને ખુશીથી ઝૂમી ઊઠ્યા છે.

ક્રિકેટપ્રેમીઓ જેમને 'ગબ્બર'ના નામથી બોલાવે છે તે શિખર ધવન ફરી એકવાર ચર્ચામાં છે. એવા ન્યૂઝ છે કે તે પોતાની લોંગ-ટાઈમ ગર્લફ્રેન્ડ સોફી શાઈન સાથે લગ્ન કરવા જઈ રહ્યો છે. ક્રિકેટરે ઈન્સ્ટાગ્રામ પર પોતાની મંગેતર સોફી સાથે તસવીરો શેર કરી છે. પોસ્ટમાં તેણે કંઈક એવું લખ્યું છે, જે વાંચીને તેના ચાહકો સરપ્રાઈઝ થઈ ગયા છે.

શું શિખર ધવન બીજીવાર લગ્ન કરી રહ્યો છે? ઈન્સ્ટાગ્રામ પર શેર કરવામાં આવેલા ફોટોમાં શિખર ધવન ઓફ-વ્હાઈટ કલરના ઈન્ડિયન આઉટફિટમાં જોવા મળ્યો છે. સોફીએ ગોલ્ડન કલરનો શિમરી લહેંગો પહેર્યો છે. આ કપલ એકબીજામાં ખોવાયેલું જોવા મળી રહ્યું છે. શિખર પોતાની થનારી હમસફરનો હાથ પકડીને ખુલ્લા આકાશ નીચે ચાલતો દેખાય છે. કપલના ચહેરા પર એક મોટું સ્મિત છે.

ક્રિકેટરે પોતાના પ્રેમ સાથે ફોટો શેર કરતાં લખ્યું, "સંગીત નાઈટ. Almost the Dhawans". કેપ્શન વાંચીને ફેન્સમાં હલચલ મચી ગઈ છે. ચાહકો અટકળો લગાવી રહ્યા છે કે ક્રિકેટર લગ્ન કરવા જઈ રહ્યા છે. કેપ્શન તેના જીવનની નવી શરૂઆતની સાક્ષી આપી રહ્યું છે, જોકે તેણે સત્તાવાર રીતે લગ્ન અંગે કંઈ કહ્યું નથી.

# ક્રિકેટ મેચમાં મધમાખીઓનો હુમલો, અમ્પાયરનું મોત

### કાનપુરમાં અંતિમયાત્રા નીકળી ત્યારે પત્નીનું કરુણ આક્રંદ; પુત્રી ચહેરો લૂછતી રહી, મુખાગ્નિ આપી



UPના ઉન્નાવમાં ક્રિકેટ મેચ દરમિયાન મધમાખીઓના ઝુંડે હુમલો કર્યો. મધમાખીઓએ ખેલાડીઓને ડંખ મારવાનું શરૂ કર્યું. આ જોઈને અમ્પાયર બચવા માટે ભાગ્યા, પરંતુ પડી ગયા અને મધમાખીઓએ તેમના પર હુમલો કર્યો.

મધમાખીઓએ ૫૮ વર્ષીય અમ્પાયર માણિક ગુપ્તાને ૫૦ થી વધુ ડંખ માર્યા. લગભગ ૧૦ મિનિટ સુધી મધમાખીઓ તેમને ડંખ મારતી રહી. મધમાખીઓએ ખેલાડીઓ, અમ્પાયરો અને ગ્રાઉન્ડ સ્ટાફ સહિત ૪૦ થી ૫૦ લોકોને ડંખ માર્યા.

તેમાંથી અમ્પાયર સહિત ૧૦ લોકોને કાનપુરની એક નર્સિંગ હોમમાં લઈ જવામાં આવ્યા, પરંતુ ડોક્ટરોએ અમ્પાયરની હાલત નાજુક જોઈને પ્રાથમિક સારવાર પછી તેમને કાનપુરની હેલટ હોસ્પિટલમાં રિફર કર્યા. રસ્તામાં તેમનું મૃત્યુ થયું.

ઘટના ગંગાઘાટ કોતવાલી વિસ્તારના રાહુલ સપ્રુ મેદાનની છે. કાનપુરના રહેવાસી અમ્પાયર માણિક ગુપ્તા છેલ્લા ૩૦ વર્ષથી કાનપુર ક્રિકેટ એસોસિયેશન (KCA) માટે અમ્પાયરિંગ કરી રહ્યા હતા. મૃતદેહ ઘરે પહોંચતા જ ચીસો પાડી ઉઠ્યા.

પતિનો મૃતદેહ જોઈને પત્ની બેભાન થઈ ગઈ. ગુરુવારે સવારે અંતિમ દર્શન પછી જ્યારે મૃતદેહ ઉઠાવવામાં આવ્યો, ત્યારે પત્ની રડી પડી. જ્યાં મૃતદેહ રાખ્યો હતો, ત્યાં વારંવાર હાથ ફેરવતી રહી. મૃતદેહ ભાગવત દાસ ઘાટ પહોંચ્યો ત્યારે નાની દીકરી પિતાના ચહેરાને વારંવાર લૂછતી રહી અને અંતિમ સંસ્કારની વિધિઓ કરી. પિતાને મુખાગ્નિ આપી.

# હાર્દિક-માહિકાનો સ્વિમિંગ પુલમાં રોમાન્સ

### ગર્લફ્રેન્ડના ૨૫મા બર્થ ડે પર પંડ્યાએ લખ્યું- ૨૫ વર્ષ પહેલાં આ વર્લ્ડમાં જન્મ લેવા માટે થેન્ક યુ



ટીમ ઈન્ડિયાનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા ફરી એકવાર પોતાની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં છે. હાર્દિકે તેની કથિત ગર્લફ્રેન્ડ માહિકા શર્માના જન્મદિવસ પર એક ખાસ અને રોમેન્ટિક વીડિયો શેર કરીને તેને શુભકામનાઓ પાઠવી છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થયો છે.

હાર્દિક પંડ્યા ગુરુવાર, ૧૯ ફેબ્રુઆરીના રોજ તેની પ્રેમિકા મહિકા શર્માનો ૨૫મો જન્મદિવસ ઉજવી રહ્યો છે. આ ખાસ દિવસને ઉજવવા માટે, ક્રિકેટરે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક રોમેન્ટિક વીડિયો પોસ્ટ કર્યો જેમાં તે અને માહિકાનો સમાવેશ થાય છે. ક્લિપમાં, બંને એકબીજા સાથે થોડો સમય વિતાવતા જોવા મળ્યા હતા જ્યારે બેકગ્રાઉન્ડમાં 'સાથિયા' સોંગ વાગી રહ્યું હતું.

હાર્દિક પંડ્યાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર માહિકા સાથેની કેટલીક સુંદર પળોનો વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં બંને સાથે સમય વિતાવતા અને મસ્તી કરતા જોવા મળે છે. હાર્દિકે આ પોસ્ટ સાથે કેપ્શનમાં લખ્યું છે, "હેપી બર્થ-ડે માય પ્રિન્સેસ... ૨૫ વર્ષ પહેલાં આ વર્લ્ડમાં જન્મ લેવા માટે થેન્ક યુ. તું ખૂબ જ અદભુત વ્યક્તિ છે..આઈ લવ યુ".

આજે વહેલી સવારે, હાર્દિકે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર તેના પાર્ટનર સાથેનો એક સુંદર ફોટો શેર કર્યો. આ ફોટોમાં, પ્રેમમાં પાગલ યુગલ એકબીજાને ભેટીને એક સ્વિમિંગ પુલમાં ઉભા રહેલા જોવા મળે છે. રોમેન્ટિક તસવીરમાં તેમની કેમેસ્ટ્રી સુંદર રીતે કેદ થઈ છે. આ ફોટોની સાથે, હાર્દિકે લખ્યું, "હેપ્પી બર્થડે, માય પ્રિન્સેસ."

થોડા દિવસ પહેલાં, સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ એક નવું ટેટૂ જાહેર કર્યું છે, જે ખરેખર અનોખું છે. એલિયન્સ ટેટૂની ટીમે બનાવેલું ટેટૂ, તેની ગર્લફ્રેન્ડ મહિકા સાથે પ્રેમ, ઓળખ અને રિલેશનશિપની ખૂબ જ વ્યક્તિગત વાર્તા દર્શાવે છે. હાર્દિક પંડ્યાએ તેના ગળા પર "M" અક્ષરનો ટેટૂ બનાવ્યો છે, જેમાં બે ચિત્તા પણ છે. આ એક કાયમી ટેટૂ છે. આ ટેટૂ બનાવનાર ટીમે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર વીડિયો શેર કર્યો છે. એમાં કેપ્શનમાં પણ લખ્યું છે હાર્દિક રાત્રે ૨ વાગ્યે માહિકાને સાથે લઈને આવ્યો હતો. હાર્દિકના ગળા પર આ ખાસ ટેટૂ બનાવનાર ટીમના જણાવ્યા પ્રમાણે, હાર્દિક પંડ્યા માહિકાને એક સરપ્રાઈઝ આપવા માગતો હતો, જેમાં કોઈ અર્થ અને આત્મીયતાની ભાવના હોય, જોકે તેમના સંબંધો અને એકબીજા માટે તેમનો શું અર્થ છે એની ચર્ચા કર્યા પછી ખ્યાલ વધુ સ્તરીય પાત્ર અપનાવે છે.

# પાકિસ્તાનમાં નવો ડ્રામા, હોકી ટીમના કેપ્ટનના આરોપો બાદ બોર્ડના અધ્યક્ષે રાજીનામું ધર્યું

પાકિસ્તાની હોકીમાં એક નવો વિવાદ છેડાયો છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસથી પરત ફર્યા બાદ પાકિસ્તાન હોકી ટીમના કેપ્ટન શકીલ અમ્માદ બટ્ટે PHF (પાકિસ્તાન હોકી ફેડરેશન) પર ગંભીર આરોપો લગાવ્યા હતા. આ મામલે હવે મોટું સ્વરૂપ ધારણ કર્યું છે, કારણ કે PHFના પ્રમુખ તારિક બુગતીએ અચાનક પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેણે પોતાનું રાજીનામું પાકિસ્તાનના વડાપ્રધાન શહેબાઝ શરીફને સોંપ્યું છે. જેઓ પાકિસ્તાન હોકી એસોસિએશનના પેટ્રન-ઈન-ચીફ પણ છે.

ઓસ્ટ્રેલિયા પ્રવાસથી પરત ફર્યા બાદ કેપ્ટન શકીલ અમ્માદ બટ્ટે ચોંકાવનારો ખુલાસો કરતા જણાવ્યું કે, કેવી રીતે ખેલાડીઓએ જાતે રસોડું સાફ કરવું પડ્યું અને વાસણો માંજવા પડ્યા હતા. તેણે એમ પણ જણાવ્યું કે, જ્યારે ટીમ હોટેલ પહોંચી ત્યારે હોટેલ મેનેજમેન્ટે કહ્યું હતું કે તેમને પેમેન્ટ મળ્યું નથી. આથી જ્યાં સુધી રહેવાની વ્યવસ્થા ન થઈ ત્યાં સુધી ખેલાડીઓએ ભટકવું પડ્યું હતું. આ ઉપરાંત, પાકિસ્તાની હોકી ટીમને સિડની એરપોર્ટ પર ૧૩-૧૪ કલાક વિતાવવા પડ્યા હતા.

આ તમામ ગંભીર આરોપો બાદ તારિક બુગતીએ PHF પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું છે. તેમણે વડાપ્રધાન શહેબાઝ શરીફ ઉપરાંત ફિલ્ડ માર્શલ અસીમ મુનીરને અપીલ કરી છે કે આ આરોપો અંગે નિષ્પક્ષ તપાસ કરાવવામાં આવે.


નબળું પ્રદર્શનઃ FIH પ્રો લીગના ઓસ્ટ્રેલિયન લેગમાં પાકિસ્તાન ટીમ ઓસ્ટ્રેલિયા અને જર્મની સામે પોતાની બંને મેચ હારી ગઈ હતી.

ફંડનો વિવાદઃ પાકિસ્તાન સ્પોર્ટ્સ બોર્ડે દાવો કર્યો છે કે તેમણે ઓસ્ટ્રેલિયામાં વ્યવસ્થા માટે પાકિસ્તાન હોકી ફેડરેશનને ૧૦ મિલિયન રૂપિયાથી વધુની રકમ ફાળવી હતી.

તપાસના આદેશઃ વડાપ્રધાન શહેબાઝ શરીફે આ સમગ્ર મામલાની તપાસના આદેશ આપી દીધા છે.



# જુનિયર ટાઇટન્સની ત્રીજી આવૃત્તિનું જોશભેર સમાપન



ગુજરાત ટાઈટન્સે જુનિયર ટાઈટન્સની ત્રીજી એડિશનનું સમાપન કર્યું હતું જેમાં ગુજરાતભરની ૧૦૦+ સરકારી અને ખાનગી શાળાઓનું પ્રતિનિધિત્વ કરતા ૫૧૦૦ થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. શાળાઓ તરફથી સતત ભાગીદારી અને મજબૂત પ્રતિસાદ દર્શાવે છે કે ફ્રેન્ચાઈઝની પાયાના સ્તરની પહેલની અસરમાં વધારો થઈ રહ્યો છે. આ પહેલનો હેતુ ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ઘરની બહાર રમાતી રમતો અને શારીરિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાનો છે.

જુનિયર ટાઈટન્સની શરૂઆત ૨૦૨૪માં ગુજરાતના મુખ્ય શહેરી કેન્દ્રો, જેમ કે વડોદરા અને રાજકોટમાં થઈ હતી, અને ત્યારથી તેણે રાજ્યમાં વધુને વધુ વિસ્તાર કર્યો છે. તેની ત્રીજી એડિશનમાં આ પહેલ અમદાવાદની સાથે સુરેન્દ્રનગર, મોરબી, અમરેલી અને આણંદ સુધી પહોંચી છે, જે ગુજરાત ટાઈટન્સના માળખાકીય રમતગમતના અનુભવોને ગુજરાતના દરેક ખૂણા સુધી પહોંચાડવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

દરેક શહેરમાં એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમાવેશક, બિન-સ્પર્ધાત્મક સત્રો અને વિવિધ આકર્ષક રમતો તથા પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. શારીરિક પ્રવૃત્તિને ઈન્ટરેક્ટિવ ફોર્મેટ સાથે જોડીને આ કાર્યક્રમે મનોરંજક અને સહાયક વાતાવરણમાં યુવા સહભાગીઓમાં રમતગમત દ્વારા આત્મવિશ્વાસ અને ટીમવર્કનું નિર્માણ કરતી વખતે ભાગીદારીને સતત પ્રોત્સાહન આપ્યું હતું.

અમદાવાદમાં અંતિમ તબક્કામાં, ટોરેન્ટ ગ્રુપની પરોપકારી શાખા યુએનએમ ફાઉન્ડેશન દ્વારા સમર્થિત ૨૬૯ બાળકોએ પણ ભાગ લીધો હતો. ગુજરાત ટાઈટન્સના ચીફ ઓપરેટિંગ ઓફિસર કર્નલ અરવિંદર સિંહે ત્રીજી એડિશનના સફળ સમાપન અંગે જણાવ્યું હતું કે, "જુનિયર ટાઈટન્સની ત્રીજી એડિશનનું સફળ સમાપન રમતગમતની સંસ્કૃતિ ઊભી કરવાના અમારા સતત પ્રયાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. પાંચ શહેરોમાં ભાગીદારી જે સ્તરે પહોંચી છે તે આ પહેલની વધતી જતી સુસંગતતા અને શાળાઓ, પરિવારો અને સમુદાયો દ્વારા અમારામાં મૂકેલા વિશ્વાસને દર્શાવે છે.





# મનોમંથન માટે શ્રમ કરવો પડે છે : પૂ. કીરીટભાઈજી

સુરત, તા.૨૦

શ્રી રામ કથાના છઠ્ઠા દિવસે વાલ્મિકી પીઠ પરથી આચાર્ય બ્રહ્મર્ષિ ઋષિવર પરમ પૂજ્ય શ્રી કિરીટભાઈજીએ આધ્યાત્મિક જીવનના સૂક્ષ્મ તત્ત્વો પર પ્રકાશ પાડ્યો.

જ્યારે મનોરંજન માટે શરમ કરવી પડતી નથી. ધર્મકાર્યથી ચિત્તની શુદ્ધિ થાય છે અને પ્રભુના નામના શ્રવણથી આત્મશક્તિ પ્રાપ્ત થાય છે. સફળતા અને પ્રસિદ્ધિ વચ્ચેનો તફાવત સમજાવતા કહ્યું કે સફળતા અને પ્રસિદ્ધિ બંને એકસાથે ટકી શકતી નથી. કથામાં અનસૂયા જી અને જયંતજીની કથા દ્વારા નારીના સ્થાન અને મહિમા પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે નારી માટે ખાસ અનૂષ્ઠાન ન હોવા છતાં, પુરુષ જે પણ અનૂષ્ઠાન કરે તેમાં અડધો ભાગ નારીને પ્રાપ્ત થાય છે. સાધુ અને સદ્ગુરુનો ભેદ સમજાવતા જણાવ્યું કે સાધુ પરંપરાથી થાય છે, જ્યારે સદ્ગુરુ પોતાની ગાદી પોતે સ્થાપિત કરે છે. જ્ઞાન ત્યાં જ છે જ્યાં માન (અહંકાર) નથી. માતા લક્ષ્મી ક્યાં નિવાસ કરતી નથી તે અંગે સમજાવ્યું: ગંદા ઘરમાં લક્ષ્મીજી આવતી નથી જ્યાં પરિવારમાં ઝઘડા હોય ત્યાં લક્ષ્મી નથી.

# માતૃભાષા જતનના મહત્વને રેખાંકિત કરતા પ્રાધ્યાપક નરેશભાઈ શુકલા

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે 'માતૃભાષા' મહોત્સવ



સુરત, તા.૨૦

વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને અંગ્રેજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે "માતૃભાષા મહોત્સવ – ૨૦૨૬"નું ૧૭/૦૨/૨૦૨૬ ના રોજ નવલરામ હોલ, અંગ્રેજી વિભાગ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું. "મળી માતૃભાષા મને ગુજરાતી" એવા સૂત્ર સાથે યોજાયેલો આ કાર્યક્રમ માતૃભાષાના મહિમાને ઉજાગર કરનાર રહ્યો. કાર્યક્રમનો પ્રારંભ સવારે ૧૧ વાગ્યે થયો. અતિથિઓ અને ઉપસ્થિત સભ્યોનું સ્વાગત પ્રોફ. મહેશકુમાર ડે, અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ અને ઈવેન્ટ કોઓર્ડિનેટર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા કરવામાં આવ્યું. તેમણે માતૃભાષા પ્રત્યે માન અને ગૌરવ જાળવવાની આજના સાંપ્રત સમયમાં રહેલી આવશ્યકતા પર ભાર મૂક્યો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, માનનીય કુલપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ઉપસ્થિત રહ્યા. પોતાના સંબોધનમાં તેમણે દરેક વ્યક્તિએ પોતાની માતૃભાષાને જતનથી અનુસરવી અને ભાષા દ્વારા સંસ્કૃતિના પ્રતિનિધિ બનવા માટે સૌને હાકલ કરી. વિશેષ પ્રવચનમાં ડૉ. જયશ્રી જોશીએ ગુજરાતી ભાષાની સમૃદ્ધિ, વૈવિધ્યસભર બોલીઓ અને તેના સંવર્ધન–વિકાસની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો. ડૉ. ભાગ્યેશ જા, અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરે પોતાના રેકોર્ડેડ સંદેશ દ્વારા માતૃભાષાના સાંસ્કૃતિક મૂળો તથા સાહિત્ય અકાદમીની વિવિધ પ્રવૃત્તિઓ વિશે વાત કરી. વિશેષ અતિથિ અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રોફ. નરેશ શુક્લાએ પણ માતૃભાષાના જતનના મહત્વને રેખાંકિત કર્યું. કાર્યક્રમનું સંચાલન પ્રોફ. પરેશ જોશી દ્વારા કરવામાં આવ્યું. સંયોજનમાં પ્રોફ. મહેશકુમાર ડે અને ડૉ. જયેન્દ્રસિંહ જાદવ, મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનો માતૃભાષાના આ મહોત્સવમાં મહત્વનો હિસ્સો રહ્યો. અંતમાં પ્રોફ. અમિત પ્રજાપતિ દ્વારા આભારવિધિ રજૂ કરવામાં આવી અને માતૃભાષાને સાંસ્કૃતિક સંપત્તિ તરીકે જાળવી રાખવાની અપીલ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

# તા.૨૨મીથી યુનિવર્સિટી ગ્રાઉન્ડ પર રાષ્ટ્રીય પુસ્તક મેળાનું ભવ્ય આયોજન

## સેમિનાર ડોમમાં વિવિધ સ્પર્ધાઓ યોજાશે

સુરત, તા.૨૦

સાહિત્ય, સંસ્કૃતિ અને જ્ઞાનના પ્રચાર-પ્રસાર દ્વારા વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા તથા નવી પેઢીમાં વાંચન પ્રત્યે રુચિ વિકસે તેમજ વિચારશીલ અને જ્ઞાનસભર સમાજ નિર્માણના હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૨/૦૨/૨૦૨૬ થી તા.૦૧/૦૩/૨૦૨૬ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી ગ્રાઉન્ડ, સુરત ખાતે આયોજીત "સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા"ના સેમીનાર ડોમમાં દરરોજ પ્રખર વકતાશ્રીઓના વ્યાખ્યાન વિવિધ સ્પર્ધાઓ, કવિસંમેલન, વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પપેટ શો વિગેરેનું આયોજન કરવામાં આવેલ છે.

આ "સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા"ના સેમિનાર ડોમમાં વિદ્યાર્થીઓ અને કલાકારોમાં છુપાયેલી સર્જનશીલતાને બહાર લાવવા નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે."જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે આ પુસ્તક મેળાના સેમીનાર ડોમ ખાતે યોજાનાર પ્રખર વકતાશ્રીઓના વ્યાખ્યાન, કવિસંમેલન, વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ તથા પપેટ શો વિગેરે કાર્યક્રમોના સાંસ્કૃતિક રસાસ્વાદને માણવા" જાહેર જનતાને નિમંત્રણ છે.




# સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે પ્રેસિડન્સી સ્કૂલનો સાંસ્કૃતિ કાર્યક્રમ

## બે દિવસના ભવ્ય સાંસ્કૃતિ કાર્યક્રમમાં ૯૫ ટકા વિદ્યાર્થીઓએ ભાગ લીધો

સુરત, તા.૨૦

પ્રેસિડન્સી સ્કૂલનો પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગનો સાંસ્કૃતિક કાર્યક્રમ ઉજવાયો : ૨૯ મા વર્ષમાં આગેકૂચ કરી રહેલ ન્યુ રાંદેરરોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલનો શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના ઉત્તરાર્ધમાં તારીખ ૧૩ & ૧૪ ફેબ્રુઆરીના બે દિવસો દરમ્યાન ૨૮મો સાંસ્કૃતિક કાર્યક્રમ સંજીવકુમાર ઓડિટોરિયમ ખાતે પ્રસ્તુત થયો ,જેમાં પ્રથમ દિવસે પૂર્વ પ્રાથમિક વિભાગ અને પ્રાથમિક વિભાગના કાર્યક્રમમાં થીમ 'ગા લો..મુસ્કુરા લો, અને બીજા દિવસે પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના કાર્યક્રમમાં 'ઉડાન' થીમ આધારિત કૃતિઓ પ્રદર્શિત થઈ. 'ગા લો... મુસ્કુરા લો' સમારોહમાં કાર્યક્રમના પ્રમુખ તરીકે માનનીય જિલ્લાશિક્ષણાધિકારીશ્રી ડૉ. ભગીરથસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.એમણે ખીચોખીચ ભરેલા ઓડિટોરીયમમાં વાલીઓને ૧૦૦% હાજરી બદલ બિરદાવ્યા હતા. તથા શાળાની સતત ગતિશીલ પ્રવૃત્તિઓથી માહિતગાર હોવાનું જણાવી શાળાની અભ્યાસ અને અભ્યાસેતર પ્રવૃત્તિઓને બિરદાવી હતી. મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત પૂર્વ મેયર ડૉ. જગદીશભાઈ પટેલે જણાવ્યું કે તેઓ સ્થાપના સમયથી આ સંસ્થા સાથે સતત સંકળાયેલા છે. તેઓએ પ્રેસિડન્સી સ્કૂલની શિસ્ત અને સંસ્કૃતિસભર સતત ગતિશીલ પ્રવૃત્તિઓની પ્રસંશા કરી શાળાપરિવારને અભિનંદન પાઠવ્યા હતા. બીજા દિવસે 'ઉડાન' થીમ આધારિત કાર્યક્રમમાં મહેમાનપદે ઉપસ્થિત શાંતિનિકેતન વિદ્યાવિહારના ભૂતપૂર્વ આચાર્ય શ્રી હસમુખભાઈ પટેલ અને MOEC ના સંચાલક શ્રી યશવંતભાઈ વ્યાસે શાળાની અવિરત શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક ઉત્તરદાયિત્વની પ્રવૃત્તિઓની પ્રસંશા કરતા જણાવ્યું હતું સતત ગતિવંત આ શાળાની તમામ વિવિધ પ્રવૃત્તિઓની આલોચના કરી સુંદર થીમ આધારિત સાંસ્કૃતિક કૃતિઓ માટે વિદ્યાર્થીઓને તથા શિક્ષકોને બિરદાવ્યા હતા. આ બંન્ને દિવસના કાર્યક્રમમાં ૯૫% વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.. પ્રેક્ષકોએ તમામ કૃતિઓને તથા બાળકોને પ્રશંસાસભર તાળીઓથી વધાવી લીધા હતા. પ્રેસિડન્સી સ્કૂલના દ્વિદિવસીય રંગારંગ કાર્યક્રમને સફળ બનાવવામાં ટ્રસ્ટીવર્ય શ્રી હિતેન્દ્રભાઈ ચુડાવાળા તથા પ્રાધ્યાપક એન. એમ. કારિયાએ ખૂબ જ પ્રોત્સાહક સપોર્ટ આપી વ્યવસ્થાનો દોર સંભાળ્યો હતો. કાર્યક્રમના સંચાલનનો દોર આચાર્યા કુ. દીપિકા શુકલએ સંભાળ્યો હતો. શિક્ષકોએ વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સુંદર તાલિમ પૂરી પાડી સુંદર પ્રસ્તુતિ કરાવી વ્યવસ્થા પણ સંભાળી હતી. શાળાના સેવક ભાઈ-બહેનોએ પણ કાર્યક્રમને સફળ બનાવવામાં અત્યંત જહેમત ઉઠાવી હતી.




# પોદ્દાર પ્રેપ જહાંગીરાબાદ ખાતે ટ્રેની શિક્ષકો દ્વારા પપેટ શોનું ભવ્ય આયોજન

સુરત, તા.૨૦

શિક્ષણ ક્ષેત્રે કાર્યરત જાણીતી સંસ્થા પોદ્દાર પ્રેપ, જહાંગીરાબાદ ખાતે તાજેતરમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પોદ્દાર ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશનમાં 'ટીચર ટ્રેનિંગ'નો અભ્યાસ કરી રહેલા ભાવિ શિક્ષકો દ્વારા બાળકો માટે એક મનોરંજક અને શૈક્ષણિક પપેટ શો (કઠપૂતળી પ્રદર્શન) પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ આયોજનમાં ટ્રેની શિક્ષકોના બે અલગ-અલગ ગ્રુપ દ્વારા વિષય આધારિત સુંદર કૃતિઓ રજૂ કરવામાં આવી હતીઃ પ્રથમ ગ્રુપઃ "હેલ્ધી ફૂડ" વિષય પર પ્રદર્શન કરી બાળકોને પૌષ્ટિક આહારનું મહત્વ સમજાવ્યું હતું અને જંક ફૂડ છોડી સ્વાસ્થ્યપ્રદ ખોરાક લેવા પ્રેરિત કર્યા હતા. બીજું ગ્રુપઃ "રેમ્બો લોસ્ટ ઈટ્સ કલર" વાર્તા દ્વારા બાળકોને વિવિધ રંગોની ઓળખ અને જીવનમાં તેના મહત્વ વિશે રસપ્રદ માહિતી આપી હતી. મુખ્ય હેતુઃ આ એક્ટિવિટીનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને "ગમ્મત સાથે જ્ઞાન" આપવાનો હતો. પપેટ શો જેવા દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી બાળકો ખૂબ જ સરળતાથી અને ઉત્સાહપૂર્વક નવું શીખી શકે તે માટે આ સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. સંસ્થાના આ પ્રયાસને વાલીઓ અને બાળકો તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

# અંકલેશ્વર ગટ્ટૂ ચોકડી નજીક ઓઇલ ઢોળાતા માર્ગ થયો ચીકણો



## માર્ગ જોખમી બની જતા અનેક વાહનો થયા સ્લીપ

અંકલેશ્વર, તા.૨૦

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ ગટ્ટુ ચોકડી નજીક માર્ગ પર ઓઇલ ઢોળાતા અકસ્માતોની હારમાળા સર્જાઇ હતી અનેક વાહન ચાલકો ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે ખસેડવાની ફરજ પડી હતી.

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ ગટ્ટુ ચોકડી નજીક માર્ગ પર ઓઇલ ઢોળાતા અકસ્માતોની હારમાળા સર્જાઇ હતી અનેક વાહન ચાલકો ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે ખસેડવાની ફરજ પડી હતી. અંકલેશ્વરના જીઆઈડીસીમાં આવેલી ગટ્ટુ ચોકડી નજીક માર્ગ પર અજાણ્યા વાહનમાંથી ઓઇલ ઢોળાતા રોડ ચીકણો બની જતા અકસ્માતોની હારમાળા સર્જાઈ હતી. માર્ગ પર ફેલાયેલા ઓઇલના કારણે પસાર થતા અનેક વાહનો સ્લીપ થઈ ગયા હતા. ખાસ કરીને મોપેડ પર જતી એક મહિલાને ઈજા પહોંચતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ઈજાગ્રસ્ત મહિલાને પ્રાથમિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. ઘટનાની જાણ થતા ડીપીએમસીના ફાયર ટેન્ડર તાત્કાલિક સ્થળ પર પહોંચી માર્ગ પર છંટાયેલું ઓઇલ સાફ કરવાની કામગીરી હાથ ધરી હતી. ફાયર ટીમે રેતી અને પાણીનો ઉપયોગ કરી માર્ગને સુરક્ષિત બનાવ્યો હતો.આ બનાવને કારણે થોડા સમય માટે ટ્રાફિક વ્યવહાર પ્રભાવિત થયો હતો. સ્થાનિકોએ ઔદ્યોગિક વિસ્તારોમાં સલામતીના પૂરતા પગલાં લેવામાં આવે તેમજ તેલ-રાસાયણિક પદાર્થ વહન કરતા વાહનચાલકો વધુ સાવચેત રહે તેવી માંગ ઉઠાવી છે.

# અંકલેશ્વર જીઆઈડીસીમાં સુકુશળ કૌશલ્ય વિકાસ કેન્દ્રનો પ્રારંભ

અંકલેશ્વર, તા.૨૦

સુકુશળ કૌશલ્ય વિકાસ કેન્દ્રનું ઉદ્ઘાટન DDO યોગેશ કાપસે, SDM બી.એ. જાડેજા, AIA પ્રમુખ વિમલ જેઠવા, ચેરમેન અને MD રાજેશ રાઠીની હાજરીમાં કરવામાં આવ્યું અંકલેશ્વર GIDC માં સુદર્શન ગુજરાત એમએફજી પ્રાઈવેટ લિમિટેડની સીએસઆર પહેલ સુકુશળ કૌશલ્ય વિકાસ કેન્દ્રનું ઉદ્ઘાટન કરાયું. અંકલેશ્વર GIDC સ્વામી વિવેકાનંદ સોસાયટી ખાતે સુકુશળ કૌશલ્ય વિકાસ કેન્દ્રનું ઉદ્ઘાટન DDO યોગેશ કાપસે, SDM બી.એ. જાડેજા, AIA પ્રમુખ વિમલ જેઠવા, ચેરમેન અને MD રાજેશ રાઠીની હાજરીમાં કરવામાં આવ્યું હતું. જે બાદ ડાયમંડ ચિલ્ડ્રન થિયેટરમાં સમારોહ આયોજિત કરાયો હતો. બન્ને સમારોહમાં કંપનીના ડિરેકટર ડી.કે. રાણા, ગ્લોબલ હેડ શિવાલીકા રાજે, માધુરી સનાસ, ઉધોગપતિ હરીશ જોષી સહિતના જોડાયા હતા.આ સેન્ટરમાં સ્કિલ ડેવલપમેન્ટ માટે કાર્ય કરવામાં આવશે.

### સિંગલ મધરને પૂર્ણ વાલી

પહેલા પાનાનું ચાલુ

કે જે મહિલાઓ પોતાના બાળકોનો ઉછેર એકલા કરે છે, તેમના અધિકારોને વહીવટી સ્તરે પણ માન્યતા મળવી જોઈએ.

કોર્ટે કહ્યું કે સ્કૂલ રેકોર્ડ કોઈ ખાનગી નોંધ નથી. આ એક સાર્વજનિક દસ્તાવેજ છે, જે બાળક સાથે વર્ષો સુધી ચાલે છે અને આગળ તેના અભ્યાસ અને વ્યાવસાયિક જીવનમાં પણ ઉપયોગમાં લેવાય છે. આવા સંજોગોમાં, ફક્ત ફોર્મેટને કારણે પિતાનું નામ રાખવાની ફરજ યોગ્ય નથી.

બેન્ચે કહ્યું કે જે વહીવટીતંત્ર પિતાનું નામ ફરજિયાત અને માતાનું નામ વૈકલ્પિક રાખે છે, તે દસ્તાવેજીકરણ દ્વારા અસમાનતાને પુનરાવર્તિત કરે છે.

### ટ્રમ્પની બોર્ડ ઓફ પીસ મીટિંગમાં

પહેલા પાનાનું ચાલુ

સહિતના બાકીના દેશો નિરીક્ષક તરીકે સામેલ થયા.ટ્રમ્પે કહ્યું કે આ રકમ યુદ્ધ પર થતા ખર્ચની સરખામણીમાં ઘણી ઓછી છે. તેમણે સભ્ય દેશોને કહ્યું કે જો બધા દેશો સાથે આવે તો તે વિસ્તારમાં કાયમી શાંતિ લાવી શકાય છે, જે સદીઓથી યુદ્ધ અને હિંસાનો ભોગ બન્યો છે.

ટ્રમ્પે કહ્યું કે ગાઝા પર ખર્ચ કરવામાં આવેલો દરેક ડોલર વિસ્તારમાં સ્થિરતા લાવવા અને બહેતર ભવિષ્ય બનાવવા માટેનું રોકાણ છે. જો કે, તેમણે સ્પષ્ટ કર્યું નથી કે કેટલા સૈનિકો મોકલવામાં આવશે, તેઓ ક્યારે તહેનાત થશે અને આપવામાં આવેલી રકમનો ઉપયોગ કઈ રીતે કરવામાં આવશે.

૫ દેશોએ યુદ્ધગ્રસ્ત પેલેસ્ટાઈન વિસ્તારમાં સૈનિકો તહેનાત કરવા સંમતિ આપી છે. ટ્રમ્પે એ પણ સ્પષ્ટ કર્યું કે આ બોર્ડ હવે દુનિયાભરના સંઘર્ષોને ઉકેલવામાં પણ ભૂમિકા ભજવશે.

ટ્રમ્પે કહ્યું કે, બોર્ડ સંયુક્ત રાષ્ટ્ર (UN) પર નજર રાખશે અને સુનિશ્ચિત કરશે કે તે યોગ્ય રીતે કામ કરી રહ્યું છે. તેમજ, 'બોર્ડ ઓફ પીસ'ની પ્રથમ બેઠક પહેલાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ની બેઠક યોજાઈ હતી. જેમાં વેસ્ટ બેંકમાં ઈઝરાયેલના નિયંત્રણ વધારવાના પ્રયાસોની ટીકા કરવામાં આવી હતી.

બેઠકમાં ભારત સહિત મોટાભાગના દેશોએ સીનિયર અધિકારીઓને મોકલ્યા. જ્યારે પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફ, ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો, આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર માઈલી અને હંગેરીના વડાપ્રધાન વિક્ટર ઓર્બન પોતે પહોંચ્યા હતા.

જર્મની, ઇટાલી, નોર્વે, સ્વિટ્ઝર્લેન્ડ અને બ્રિટન એવા દેશોમાં છે, જેઓ બોર્ડમાં સામેલ થયા નથી, પરંતુ નિરીક્ષક તરીકે ભાગ લીધો. ટ્રમ્પે દાવો કર્યો, 'બધાએ ગાઝા પરના પ્રસ્તાવને સ્વીકારી લીધો છે અને જેમણે માન્યો નથી તેઓ પણ જલ્દી તેને સ્વીકારી લેશે.'

બેઠકની ચર્ચાનું કેન્દ્ર એક સશસ્ત્ર ઈન્ટરનેશનલ સ્ટેબિલાઈઝેશન ફોર્સ બનાવવાનું રહ્યું, જેનું કામ સુરક્ષા જાળવી રાખવાનું અને હમાસને નિઃશસ્ત્ર કરવાનું હશે. આ ઈઝરાયેલની મુખ્ય માંગ છે અને યુદ્ધવિરામ કરારનો મહત્વનો ભાગ પણ. જોકે, હમાસે અત્યાર સુધી નિઃશસ્ત્રીકરણ અંગે બહુ વિશ્વાસ અપાવ્યો નથી.

### ટ્રમ્પે દુનિયા સામે પાકિસ્તાનના

પહેલા પાનાનું ચાલુ

" ત્યારબાદ અમેરિકી રાષ્ટ્રપતિએ ફરી કહ્યું કે શરીફે દાવો કર્યો હતો કે ટ્રમ્પે બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ કરાવીને ૨.૫ કરોડ લોકોનો જીવ બચાવ્યો હતો.ટ્રમ્પે શરીફને કહ્યું, "તમે આ નિવેદન આપ્યું હતું. મેં કહ્યું હતું કે ૨.૫ કરોડ જીવ, ખરેખર તેનાથી પણ વધુ હોઈ શક્યા હોત, પરંતુ તે ખરેખર ખૂબ સારી વાત હતી. તે યુદ્ધ ભડકી રહ્યું હતું. ફાઈટર જેટ્સ નષ્ટ કરવામાં આવી રહ્યા હતા અને આ યુદ્ધ પાકિસ્તાન અને ભારત વચ્ચે હતું." એટલે કે આ વખતે ટ્રમ્પે અગાઉ કરેલા "૧ કરોડ જીવ બચાવવા"ના પોતાના દાવાને વધુ ચડાવીને રજૂ કર્યો.ટ્રમ્પે કહ્યું કે તેમણે શાંતિ કરાર કરાવવા માટે ટેરિફ નીતિનો દબાણ તરીકે ઉપયોગ કર્યો. તેમણે કહ્યું, "મેં બંને દેશનાં પીએમને ફોન કર્યા. હું તેમને થોડો જાણતો હતો. હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખૂબ સારી રીતે ઓળખું છું. મેં તેમને કહ્યું કે જો તમે લોકો આ મામલો નહીં ઊકેલો તો હું તમારા બંને સાથે વેપાર કરાર નહીં કરું. અને પછી અચાનક અમે એક મત પર આવી ગયા."ટ્રમ્પે આગળ કહ્યું, "જો તમે લડશો તો હું તમારા બંને દેશો પર ૨૦૦ ટકા ટેરિફ લગાવી દઈશ. બંને લડવા માંગતા હતા. પરંતુ જ્યારે પૈસાની વાત આવી, ત્યારે તેમણે કહ્યું કે અમે લડવા માંગતા નથી. ૧૧ જેટ વિમાન તોડી પાડવામાં આવ્યા. ખૂબ મોંઘા જેટ." આ પહેલા ટ્રમ્પ દાવો કરી ચૂક્યા હતા કે આ સંઘર્ષમાં સાત જેટ વિમાન તોડી પાડવામાં આવ્યા હતા.

### છેલ્લા એક માસમાં

પહેલા પાનાનું ચાલુ

નથી. સરકારે ઓમાન સાથેની ટ્રેડ ડીલમાં પણ ગોલ્ડને બહાર રાખ્યું હતું. સરકારનું માનવું છે કે, કિંમતી ધાતુઓ પર છૂટ આપવાથી આયાતમાં અચાનક વધારો થઈ શકે છે, જેના કારણે સ્થાનિક ઉદ્યોગ અને વેપાર સંતુલન પર અસર પડી શકે છે. ભારતે તાજેતરમાં ૬ એફટીએ દેશો સાથે ટર્મ્સ ઓફ રેફરન્સ પર હસ્તાક્ષર કર્યા છે.

### ઉજ્જૈનના મહાકાલ

પહેલા પાનાનું ચાલુ

ન આપે.૪ માર્ચથી ઠંડા જાપથી બાબાનો અભિષેક બદલશે દિનચર્યામહાકાલ મંદિરમાં ૪ માર્ચ, ચૈત્ર કૃષ્ણ પ્રતિપદાથી ગ્રીષ્મકાલીન દિનચર્યા લાગુ થશે. બાબા મહાકાલનો અભિષેક હવે ઠંડા પાણીથી કરવામાં આવશે. મંદિર પ્રશાસનના અનુસાર દરરોજ થનારી પાંચ આરતીઓમાંથી ત્રણ આરતીઓના સમયમાં ફેરફાર થશે.નવી વ્યવસ્થા શરદ પુનમ સુધી અસરમાં રહેશે. પરંપરા અનુસાર વર્ષમાં બે વાર હવામાનને અનુરૂપ ભગવાનની સેવા-પૂજા અને આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવે છે.

### અમિત શાહ માનહાની

પહેલા પાનાનું ચાલુ

તેનો અધ્યક્ષ હત્યાનો આરોપી છે.આ નિવેદન બાદ સુલતાનપુરના ભાજપ નેતા વિજય મિશ્રાએ ૪ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. સુલતાનપુર કોર્ટે ૧૯ જાન્યુઆરીએ રાહુલને વ્યક્તિગત રીતે હાજર થવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે વિરોધ પક્ષના વકીલ કાશી શુક્લાને ચેતવણી આપતા કહ્યું હતું કે આ છેલ્લી તક છે, ત્યારબાદ કડક કાર્યવાહી કરવામાં આવશે.

### ઓમાનની ખાડીમાં

પહેલા પાનાનું ચાલુ

ઈરાનની સેના, રીવોલ્યુશનથી ગાર્ડ અને રશિયાના નૌકાદળે મેરીટાઈમ સિક્યોરિટી બેલ્ટ ક્ષેત્રમાં યુદ્ધ અભ્યાસ શરૂ કર્યુ છે. ઓમાનની ખાડી ક્ષેત્રમાં આ સમુદ્રી વ્યાપારી માર્ગ છે. જયાં આંતરરાષ્ટ્રીય જળસીમામાં અમેરિકાનો જમાવડો છે. જો કે રશિયાએ આ યુદ્ધ અભ્યાસને અગાઉથી નિશ્ચિત કરેલો ગણાવ્યો છે છતાં સ્પષ્ટ શબ્દોમાં માનવામાં આવે છે કે સમુદ્રી વાસીઓ સામે વ્યાપારી જહાજોને સુરક્ષા આપવા માટે આ કવાયત છે પણ જે રીતે રશિયન યુદ્ધ જહાજોની મોજૂદગી છે તે અમેરિકાને જવાબ માનવામાં આવે છે.

### અમેરિકાને એરબેઝ

પહેલા પાનાનું ચાલુ

જેના માટે ૩૫ બિલિયન પાઉન્ડની રકમની ચર્ચા છે. ટ્રમ્પ પહેલેથી જ આ સોદાની વિરુદ્ધમાં છે. હાલની સંધિ મુજબ, ડિયેગો ગાર્સિયાથી હુમલો કરવા માટે અમેરિકાએ માત્ર બ્રિટનને જાણ કરવાની હોય છે, પરંતુ ઈછહ્ણ બેઝ માટે લેખિત પરવાનગી અનિવાર્ય છે, જે બ્રિટને અત્યારે નકારી દીધી છે.

### બાલવાટિકા

પેજ-૨ પાનાનું ચાલુ

(CRC મુળદ), હીના પટેલ (કંથરાજ પ્રા.શા.), પારૂલ પટેલ (પરીયા પ્રા.શા.), હેતલ ચૌધરી (ઉમરાછી પ્રા.શા.) તથા હેમલતા પરમાર (કઠોદરા પ્રા.શા.) એ સમજણપૂર્વકની વિગતવાર માહિતી પ્રદાન કરી હતી. આ તકે તાલીમાર્થીઓને મૂંઝવતાં પ્રશ્નોનું પરસ્પર ચર્ચા દ્વારા નિરાકરણ લાવવાનાં સંતોષકારક પ્રયત્નો કરવામાં આવ્યા હતાં. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

### માંડવી ખાતે

પેજ-૨ પાનાનું ચાલુ

દેશમાં વર્ષે સરેરાશ પાંચ લાખ જેટલા માર્ગ અકસ્માતો સર્જાય છે. આ અકસ્માતોમાં અંદાજે એક લાખ ૮૦ હજારથી લોકો પોતાનો જીવ ગુમાવે છે. સૌથી વધુ દુઃખદ બાબત એ છે કે, મૃત્યુ પામનારાઓમાં ૬૭ ટકા લોકો ૧૮ થી ૩૫ વર્ષની વયના એટલે કે દેશનું યુવાધન છે. ગત વર્ષે સુરત જિલ્લામાં કુલ ૪૬૩ જીવલેણ (ફેટલ) અકસ્માતના ગુના નોંધાયા છે, જેમાં ૪૯૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેમાં માત્ર માંડવી વિસ્તારમાં જ એક વર્ષમાં ૫૬ જીવલેણ અકસ્માતોમાં ૬૭ વ્યક્તિઓના કરૂણ મોત નીપજ્યા છે. શ્રી સિસોદિયાએ, રોડ એ રેસિંગ ટ્રેક નથી, પરંતુ આપણને આપણી મંઝિલ સુધી સુરક્ષિત પહોંચાડવાનો પથ છે એમ જણાવી યુવાનોને વાહનચાલાવતા ખૂબ કાળજી લેવા અપીલ કરી હતી. માંડવી પી.આઈ. સી.બી. ચૌહાણે ટ્રાફિક વ્યવસ્થા, વધતા જતા સાયબર ગુનાઓ, બેંકિંગ સુરક્ષા વિષે યુવાનોને જાગૃત્ત કરી કહ્યું કે, માર્ગ અકસ્માતમાં સમયસર સારવાર ન મળવાને કારણે અનેક લોકો જીવ ગુમાવે છે. અકસ્માતના પ્રથમ ૩૦ થી ૬૦ મિનિટનો સમય 'ગોલ્ડન અવર' ગણાય છે. આ સમયે જો ઈજાગ્રસ્તને હોસ્પિટલ પહોંચાડવામાં આવે, તો તેનો જીવ બચવાની શક્યતા વધી જાય છે. અકસ્માતના સમયે મૂકપ્રેક્ષક બની રહેવાને બદલે 'રાહ વીર' બનીને મદદ માટે આગળ આવો અનુરોધ કર્યો હતો. RTO બારડોલીના મોટર વાહન નિરીક્ષક ચિરાગ દલવાડીએ સૌને માર્ગ સુરક્ષાના નિયમોને ચુસ્તપણે અનુસરવા અપીલ કરી કહ્યું કે, WHના સંશોધન મુજબ, જો અકસ્માતનો દર આ જ રીતે ચાલુ રહેશે, તો વર્ષ ૨૦૩૦ સુધીમાં મૃત્યુનું મુખ્ય કારણ માર્ગ અકસ્માત હશે. વર્ષ ૨૦૨૫માં 'ઓવર સ્પીડ' એ મૃત્યુનું પ્રથમ અને સૌથી મોટું કારણ સાબિત થયું છે. વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ, હેલ્મેટ વગર ડ્રાઈવિંગ અને જોખમી રીતે ઓવરટેક કરવાથી ગંભીર દુર્ઘટનાઓ સર્જાય છે. 'ટેઈલ ગેટિંગ' આગળના વાહનથી સુરક્ષિત અંતર ન રાખવું ને કારણે કટોકટીના સમયે બ્રેક મારવાનો સમય મળતો નથી, જે જીવલેણ નીવડે છે. હાજર સૌએ માર્ગ સલામતી અને ટ્રાફિક નિયમોના પાલન અંગેની પ્રતિજ્ઞા લીધી હતી. નોંધનીય છે કે, વાહન ચાલકો અને ખાસ કરીને યુવા વર્ગમાં ટ્રાફિકના નિયમો પ્રત્યે જાગૃતિ વધારવા 'ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ' અંતર્ગત સુરત અને તાપી જિલ્લાની તમામ કોલેજોના વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમન અને માર્ગ સલામતી વિષે જાગૃત્ત કરાશે. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ નિમેશભાઈ શાહ, તા.પં. પ્રમુખ દિલીપભાઈ ચૌધરી, જિ.પં.સભ્ય અને મહામંત્રી રોહિત પટેલ, સંગઠન મહામંત્રી જગદીશ પારેખ, APMC ના ચેરમેન લલ્લુભાઈ, તાપીવન ગ્રામ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના સેક્રેટરી મિહિર પી.વસાવા, વી કેર નર્સિંગ કોલેજના આચાર્ય પૂર્વીબેન પટેલ, અગ્રણી પ્રિતેશભાઈ રાવલ, અનિલભાઈ ચૌધરી, સંગઠન હોદ્દેદારો સહિત મહાનુભાવો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જળ સંરક્ષણની

પેજ-૨ પાનાનું ચાલુ

સમાજના દરેક વર્ગમાં પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ અને સહભાગિતાની સુદ્રઢ ચેતનાનો વિસ્તાર થઈ શકે. ગીતોની મધુર રજૂઆતો, સામૂહિક ગાન, જાગૃતિ સંગોષ્ઠીઓ તથા સોશિયલ મીડિયા અભિયાનો દ્વારા જળજન્ય રોગો તથા સ્વચ્છતાના મહત્વ અંગે જનચેતનાને પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. આ પહેલ એ સ્મરણ કરાવે છે કે જ્યારે મન નિર્મળ હોય ત્યારે જ પ્રકૃતિ પણ સ્વચ્છ હોય છે, અને જ્યારે સેવામાં સમર્પણ જોડાય છે ત્યારે સમાજનું નવનિર્માણ થાય છે. સત્ગુરુ માતા જીનો સંદેશ હંમેશાં આ જ રહ્યો છે કે આપણે આ ધરતીને આવનારી પેઢીઓ માટે પહેલાં કરતાં વધુ સુંદર, સ્વચ્છ અને સંતુલિત રૂપમાં સંભાળી રાખીએ. 'સ્વચ્છ જળ, સ્વચ્છ મન' અભિયાન તે જ પવિત્ર સંકલ્પનું જીવંત પ્રતીક છે, જે માનવને પ્રકૃતિ, સમાજ અને આત્મા સાથે જોડીને કરુણા, સંતુલન અને સૌહાર્દથી પરિપૂર્ણ ભવિષ્ય તરફ માર્ગદર્શન કરે છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
શુક્રવાર, તા.૨૦ ફેબ્રુઆરી ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# રૂ.૨૧ લાખના લાંચ કેસમાં કાર્યપાલક ઈજનેર ગણેશવાળાની સંડોવણી

## લીંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર ગણેશવાળાના ખાસ માણસ નિષ્પક્ષ ગુજરાત પત્રિકાનો પત્રકાર મહંમદ ઈસ્માઈલ ઉર્ફે પરવાનાની ઓફિસમાં એસીબીની ટ્રેપ નિષ્ફળ જતા ગુનો દાખલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૦**

ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં ડિમોલીશન અટકાવી તેનો ચાર્જ વસુલ્યા બાદ બાંધકામ પુર્ણ કરવા દેવાના અવેજ પેટે રૂ.૧૫ લાખની લાંચ માંગનાર લિંબાયત ઝોનના ક્લાસવન ઓફીસર વિપુલ ગણેશવાલા અને તેના ખાસ માણસ ગણાતા નિષ્પક્ષ ગુજરાતના પત્રકાર સામે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે.

લિંબાયત ઝોન અંતર્ગત આવતા સંતોષ સબ ઈન્ડસ્ટ્રીયલના એક પ્લોટ પર ચાલતા બાંધકામ બાબતે મનાઈ હુકમ મહાનગર પાલિકા દ્વારા ફરમાવવામાં આવ્યો હતો. દરમિયાન ડિમોલીશન ચાર્જ વસુલીને કાર્યપાલક ઈજનેરની સુચનાથી ડિમોલીશન બંધકરાવાયું હતું. દરમિયાન કાર્યપાલક ઈજનેર વર્ગ-૧ લિંબાયત ઝોન, સુરત મહાનગર પાલિકાના અધિકારી વિપુલ શશીકાંતભાઈ ગણેશવાલાના ખાસ માણસ ગણાતા નિષ્પક્ષ ગુજરાત પત્રિકા દૈનિક અખબારના પત્રકાર પરવાનાએ કાર્યપાલક સાથે મુલાકાત કરાવી બાંધકામ નહીં તોડવાના અવેજ પેટે રૂ.૨૧ લાખની લાંચ માંગી હતી. જેમાં વાતચીત બાદ રૂ.૧૫ લાખ આપવાનું નક્કી થયું હતું. જોકે ફરીયાદી લાંચ આપવા માંગતા ન હોય આ અંગે એન્ટી કરપ્શન બ્યુરોનો સંપર્ક કર્યો હતો.

સુરત એસીબી પીઆઈ કે.જે.ધડુકે સુરત એસીબી મદદનીશ નિયામક આર.આર.ચૌધરીના સુપરવિઝન હેઠળ ટ્રેપ ગોઠવી હતી. અને ફરીયાદી પાસેથી રૂ.૪ લાખ મેળવી લઈ બાકીના રૂ.૧૧ લાખ સલાબતપુરા શાંતિનગર ખાતે આવેલી નિષ્પક્ષ ગુજરાતની ઓફીસે ફરીયાદી આપવા જતા એન્ટી કરપ્શન બ્યુરોએ લાંચની રકમ સ્વીકારતા પત્રકાર મહંમદ ઈસ્માઈલ ઉર્ફે પરવાના જમીલખાન પઠાણને ઝડપી પાડવા છટકુ ગોઠવ્યું હતું.



### લાંચના રોકડા રૂા.૪ લાખ લઈને ઈસ્માઈલ ઉર્ફે પરવાના ફરાર

રૂ.૪ લાખ મેળવી લઈ મહંમદ ઈસ્માઈલ ઉર્ફે પરવાનાને ગંધ આવી જતા તે લાંચની રકમ લઈ ફરાર થઈ ગયો હોવાનું એન્ટી કરપ્શન બ્યુરો પાસેથી જાણવા મળ્યું છે. બીજી તરફ રાજ્ય સેવક તરીકેના હોદ્દાનો દુરૂપયોગ કરી કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલા પણ ફરાર હોય એન્ટી કરપ્શન દ્વારા બંનેની શોધ-ખોળ હાથ ધરી છે.

### સુરત મહાનગર પાલિકા તંત્રમાં ભારે ચકચાર

એસીબીની ટ્રેપ નિષ્ફળ ગયા બાદ સુરત એન્ટી કસ્ટમ બ્યુરો દ્વારા લીંબાયત ઝોનના કાર્યપાલક ગણેશવાળા અને પત્રકાર વિરૂદ્ધ લાંચ લેવા અંગે ગુનો દાખલ કરવામાં આવતા સુરત મહાનગરપાલિકા વર્તુળમાં ભારે ચકચાર જાગી છે અને શાસકો-વિપક્ષો સહિતના રાજકીય આગેવાનોમાં પણ એસીબીની ટ્રેપનો મામલો ભારે ચર્ચાસ્પદ બન્યો છે.

# વસંતમાં કમોસમી વરસાદ ખેડૂતો વધુ એકવાર ચિંતાગ્રસ્ત

### વિવિધ પાકો ઉપરાંત આંબા પરના મોરમાં જીવાત લાગવાની સંભાવના

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૦**

રાજસ્થાન અને હરીયાણામાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાયક્લોનીક સર્ક્યુલેશનને કારણે તેની અસર ગુજરાતમાં પણ જોવા મળી રહી છે ત્યારે આજે વહેલી સવારે સુરત ઉપરાંત ભરૂચ, વડોદરા અને પંચમહાલમાં વરસાદી ઝાંપટા પડ્યા હતા. કમૌસમી વરસાદને કારણે આંબા પર આવેલા કેરીના મોરને નુકશાન થયું હોય ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. સુરત ઉપરાંત દ.ગુજરાતમાં પણ વહેલી સવારે છુટા છવાયો કમૌસમી વરસાદ પડ્યો હોવાનું ખેડુતો પાસેથી જાણવા મળ્યું છે. કેરીનો પાક આવવાની સિઝન શરૂ થઈ ગઈ હોય કમૌસમી વરસાદી ઝાંપટાને કારણે પાકને પણ નુકશાનની ભિંતી સેવાઈ રહી છે.

આજે વહેલી સવારે વાદળ છવાયા વાતાવરણ વચ્ચે કમૌસમી વરસાદ પડતા ખેડુતોની ચિંતા વધી છે. સુરત ઉપરાંત વડોદરા, ભરૂચ, પંચમહાલમાં વરસાદી ઝાંપટા પડ્યા હતા. સવારના સમયે સુરતમાં પણ અલગ-અલગ વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. બપોર બાદ તાપમાનનો પારો ઉંચો જવા સાથે ગરમીનું પ્રમાણ પણ રહયું હતું.

રાજ્યના હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર રાજસ્થાન અને તેને સંલગ્ન હરીયાણા અને પંજામાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ તેમજ સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે આજે સવારે ગુજરાતના કેટલાક જિલ્લામાં કમૌસમી વરસાદ પડ્યો હતો. સુરત શહેરમાં પણ અલગ-અલગ વિસ્તારોમાં ઝાંપટા પડ્યા હતા.

# સુરત શહેર, ભરૂચ, વડોદરા, દાહોદ અને ગોધરામાં વહેલી સવારે કમોસમી વરસાદ

### ફુલ જોશમાં ચાલતી લગ્ન સીઝનમાં ધોધમાર વરસાદ તૂટી પડતા પાર્ટી પ્લોટ અને લગ્ન મંડપો ધોવાયા

**અમદાવાદ,તા.૧૯**

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાત રાજયના વાતાવરણમાં પલટો આવ્યો છે. આજે વહેલી સવારથી જ સુરત, અંકલેશ્વર, હાંસોટ, દાહોદ, ગોધરા, પંચમહાલ, વડોદરા સહિતના વિસ્તારમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. ઝાપટાં પડ્યા બાદ ધોધમાર વરસાદ શરૂ થતાં લગ્નપ્રસંગોમાં અડચણ ઊભી થઈ છે. સુરત શહેર અને જિલ્લામાં વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો. લગ્નની સીઝન ફૂલ જોશમાં ચાલતી હોવાથી, ખુલ્લા મેદાન કે પાર્ટી પ્લોટમાં બાંધેલા લગ્ન મંડપ અને શણગાર પલળી ગયા છે.

વરસાદી ઝાપટાંને કારણે વહેલી સવારે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે, જેનાથી ઠંડીનું જોર પણ વધ્યું છે. ફેબ્રુઆરીમાં થયેલા આ માવઠાને કારણે લોકોએ એકસાથે ત્રણ ઋતુનો અનુભવ કર્યો હતો, સવારે ઠંડી, બપોરે ગરમી અને ત્યારબાદ વરસાદ.

અંકલેશ્વર અને હાંસોટ પંથકમાં સવારે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. કમોસમી વરસાદ વરસતાં સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ હતી. હાંસોટ તાલુકાના ઈલાવ, સાહોલ, બાલોતા, સુણેવ, ઓભા સહિતના ગામોમાં વરસાદ નોંધાયો છે. આ કમોસમી વરસાદને કારણે ખેતીના ઉભા પાકને નુકસાન થવાની શક્યતાથી ખેડૂતોમાં ચિંતાનો માહોલ છે. તો હવામાનમાં આવેલા આ અચાનક ફેરફારની સામાન્ય જનજીવન પર પણ અસર જોવા મળી હતી.છોટા ઉદેપુર જિલ્લાના સંખેડા પંથકમાં અચાનક વાતાવરણમાં પલટો નોંધાયો છે. સવારે ૪:૩૦ કલાકે ચોમાસાની જેમ કમોસમી વરસાદ શરૂ થયો હતો. આ કમોસમી વરસાદ કપાસની ખેતી કરતા ખેડૂતો માટે ચિંતાનો વિષય બન્યો છે. વડોદરાના વાતાવરણમાં પણ પલટો જોવા મળી રહ્યો છે. ઘણા વિસ્તારમાં છાંટા પડ્યાં હતાં. દાહોદ શહેર સહિત આસપાસના વિસ્તારોમાં સવારથી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. તો શહેર સહિત લીમખેડાના આસપાસના વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો છે.સુરત શહેરમાં વહેલી સવારથી જ ખાબકેલા વરસાદે મનપાની ચિંતામાં વધારો કર્યો છે. ખાસ કરીને મહાનગરપાલિકા દ્વારા આયોજિત 'બુક ફેર'માં મુખ્યમંત્રીના આગમનને લઈ જે ડોમ તૈયાર કરવામાં આવ્યો હતો, તે વરસાદી પાણીમાં ભીજાઈ જતા દોડધામ મચી ગઈ હતી. આ પરિસ્થિતિને થાળે પાડવા અને કાર્યક્રમમાં વિક્ષેપ ન પડે તે માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે સવારના વહેલી પોરમાં જ ટ્રકો ભરીને તાડપત્રીઓ મંગાવવામાં આવી હતી, જેથી ભીજાયેલા ડોમને સુરક્ષિત કરી શકાય અને આયોજન સુચારુ રીતે પાર પાડી શકાય.

# વહેલી સવારે અંકલેશ્વર, હાંસોટ પંથકમાં વરસાદ

### ફેબ્રુઆરી માસમાં માવઠું થતા એક સાથે ત્રણ ઋતુનો અનુભવ

**અંકલેશ્વર, તા.૨૦**

અંકલેશ્વર-હાંસોટ પંથકના વાતાવરણમાં અચાનક જ પલટો આવ્યો હતો.આજે વહેલી સવારના સમયે કમોસમી વરસાદ વરસતા વાતાવરણ ઠંડુગાર બની ગયું હતું.

અંકલેશ્વર-હાંસોટ પંથકના વાતાવરણમાં અચાનક જ પલટો આવ્યો હતો.આજે વહેલી સવારના સમયે કમોસમી વરસાદ વરસતા વાતાવરણ ઠંડુગાર બની ગયું હતું. અંકલેશ્વર–હાંસોટ પંથકમાં વહેલી સવારના સમયે કમોસમી વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. સવારથી જ આકાશમાં ઘેરા વાદળો છવાઈ જતા અનેક વિસ્તારોમાં છૂટાછવાયા ઝાપટાં પડ્યા હતા.હાંસોટ તાલુકાના ઈલાવ, સાહોલ, બાલોતા, સુણેવ, ઓભા અને આસપાસના ગામોમાં વરસાદ નોંધાયો હતો. સવારમાં ઠંડી, બપોરે ગરમી અને ત્યારબાદ અચાનક વરસેલા વરસાદને કારણે લોકોએ ત્રણ ઋતુનો અનુભવ કર્યો હતો.ફેબ્રુઆરી માસના મધ્યભાગમાં પડેલા માવઠાને કારણે ખેતીના ઉભા પાકને નુકસાન થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાનમાં આવેલા અચાનક ફેરફારને કારણે સામાન્ય જનજીવન પર પણ અસર જોવા મળી હતી. તાપમાનમાં થયેલા ઉતાર-ચઢાવને કારણે આરોગ્ય સંબંધિત સમસ્યાઓ વધવાની શક્યતા નિષ્ણાતોએ વ્યક્ત કરી છે.

# લગ્નના પ્રલોભનમાં શારીરિક છેડછાડ કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો

### ફરિયાદ પક્ષ સમક્ષ પુરાવા રજૂ નહીં કરતા કોર્ટે યુવકને છોડી દીધો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૦**

લગ્નની લાલચ આપી કિશોરીને એમપી લઈ જઈ તેણીની સાથે શારીરિક છેડછાડ કરવાના આરોપમાં ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતા આરોપીને સુરત કોર્ટે નિર્દોષ જાહેર કર્યો હતો

મહીધરપુરા પોલીસ સ્ટેશનમાં સુજલ સુરેન્દ્ર ભાલેરાવ વિરુદ્ધ અપહરણ, શારીરિક છેડછાડ અને પોક્સોનો ગુનો નોંધાયો હતો. સુજલ સામે આરોપ હતો કે તેને મહીધરપુરા ખાતે એક કિશોરી(૧૭ વર્ષ,૧૧ માસ)ને લગ્નની લાલચ આપી મધ્યપ્રદેશ ભગાડી લઈ ગયો હતો. દરમિયાન સુજલ સામે વધુ આરોપ હતો કે તેણે કિશોરી સાથે બસમાં ટ્રાવેલિંગ દરમિયાન શારીરિક છેડછાડ કરી હતી. દરમિયાન મહીધરપુરા પોલીસે આરોપી સુજલ સામે આ મામલે ગુનો નોંધ્યો હતો. ત્યારબાદ તેની ધરપકડ કરી હતી. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. સરકાર તરફે હાજર રહેલા વકીલને સાંભળ્યા જેમણે વાજબી રીતે કબૂલ્યું હતું કે મહત્વપૂર્ણ સાક્ષીઓ એ ફરિયાદ કેસને ટેકો આપ્યો નથી પરંતુ પોલીસ સાક્ષીઓ અને તબીબી પુરાવા મહત્વપૂર્ણ છે. જે આરોપોને સાબિત કરવા પૂરતા છે આ આરોપી તરફે હાજર રહેલા વકીલ સમીર રહેમાનવાલાએ દલીલો કરી હતી કે, પીડિતા જેવા મુખ્ય મહત્વપૂર્ણ સાક્ષીએ ફરિયાદ પક્ષના કેસને ટેકો આપ્યો નથી અને જયારે મુખ્ય આંખના પુરાવા ફરિયાદ પક્ષને ટેકો આપતા નથી, ત્યારે અન્ય સમર્થન પુરાવા આરોપીને દોષિત ઠેરવવા માટે પૂરતા નથી. કોર્ટે બંને પક્ષની દલીલો અને રેકર્ડ પરના પુરાવા ધ્યાને લઈ આરોપીને નિર્દોષ જાહેર કર્યો હતો.



એડવોકેટ સમીર એ. રહેમાનવાલા અને રાજેશ જી દારૂવાલા

# ચેક રિટર્ન કેસમાં આરોપી પવન ગુપ્તાને એક વર્ષની સજા

### મિત્રએ ઉછીના આપેલા રૂપિયાનો ચેક રિટર્ન થતા કોર્ટ કેસ કરાયો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૦**

મિત્રતાના દાવે લીધેલી હાથ ઉછીની રકમ પરત ન ચૂકવનાર શખ્સને સુરત કોર્ટે જેલ ભેગો કરવાનો હુકમ કર્યો હતો.

વિગત મુજબ, ફરિયાદી વિપુલભાઈ બાબુભાઈ મોરડીયા પાસેથી આરોપી પવનકુમાર આશેશ્વરપ્રસાદ ગુપ્તાએ મિત્રતાના નાતે નાણાં ઉછીના લીધા હતા. આ રકમની પરત ચુકવણી માટે આરોપીએ ?૧,૯૫,૦૦૦ નો ચેક આપ્યો હતો, જે બેંકમાં રજૂ કરતા 'વણસ્વીકાર્ય' (બાઉન્સ) થયો હતો. લીગલ નોટિસ છતાં રકમ ન ચૂકવાતા, એડવોકેટ આર.બી.મેંદપરા અને અશ્વિન રાખોલીયા મારફતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી

કેસની સુનાવણી દરમિયાન એડવોકેટ મેંદપરાની દલીલોને ગ્રાહ્ય રાખી, કોર્ટે તા. ૧૯/૦૨/૨૦૨૬ ના રોજ આરોપીને ૦૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. સાથે જ ચેકની રકમ ૯% વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કર્યો છે, જે ચૂકવવામાં કસુર થયે વધુ ૩૦ દિવસની સજાનો હુકમ કર્યો છે.

# અમરોલીની યુવાન પરિણીતાની તાપી નદીમાં ભૂસ્કા મારી આત્મહત્યા

### પરિણીતાએ કરેલી આપઘાત અંગે પોલીસે આદરેલી તપાસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

અમરોલી વિસ્તારમાં રહેતી એક ૨૨ વર્ષીય પરણિતાએ તાપી નદીમાં ઝંપલાવી આત્મહત્યા કરી હોવાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. તેણીએ કયા કારણસર પગલું ભર્યું તે જાણી શકાયું નથી.

મૂળ ઉત્તર પ્રદેશના જોનપુર જિલ્લાના કસીયાવ જલ્દીપુર ગામની વતની અને હાલ અમરોલીના છાપરાભાઠા રોડ પર તાડવાડીની નીચલી કોલોનીમાં રહેતી કુસુમ જીતેન્દરકુમાર યાદવ (ઉ.વ. ૨૨) એ ગઈકાલે તા. ૧૯/૦૨/૨૦૨૬ ના રોજ રાત્રે ૮:૩૮ વાગ્યા પહેલાં કોઈ અગમ્ય કારણોસર તાપી નદીના પાણીમાં ઝંપલાવ્યું હતું. કુસુમ શોભનાથ યાદવની પુત્રી અને જીતેન્દરકુમારની પત્ની હતી.

નદીમાં ખાબક્યા બાદ ડૂબી જવાથી તેનું કરૂણ મોત નીપજ્યું છે. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નાની ઉંમરે પરણિતાના આત્મહત્યાના પગલે પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

પરપ્રાંતિય યુવાન મહિલાએ તાપી નદીમાં ભૂસ્કો મારી આત્મહત્યા કરી લેતા મહિલાએ ક્યા કારણોસર આપઘાત કર્યો છે તે બાબતની વિસ્તૃત તપાસ અમરોલી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# ચેઇન સ્નેચીંગનો કેસ પુરવાર નહીં થતા બે આરોપીને શંકાનો લાભ મળ્યો

**સુરત, તા.૨૦**

ગૌરવપથ રોડ પર મહિલાના ગળામાંથી ચેઈન સ્નેચીંગ કરનાર બે આરોપીઓ સામેનો કેસ કોર્ટમાં પુરવાર નહીં થતા કોર્ટે બંને આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો હતો.

આ કેસની વિગત અનુસાર ગઈ તા.૨૫-૨-૨૦૨૨ના રોજ બપોરના સમયે ફરીયાદી ગૌરીબેન વિનોદભાઈ તેમના ઘરેથી રાજવર્લ્ડ શોપીંગ સેન્ટરની સામે ગૌરવપથ રોડ પાસે શાકભાજી લેવા નિકળ્યા હતા. તે સમયે ગૌરવપથ રોડ મિલન સોસાયટી પાસેથી બાઈક પર આવતા આરોપી આકાશ અરૂણસિંહ રાજપુત રહે. સાંઈ વાટીકા રેસીડેન્સી, ઓલપાડ, સાયણ રોડ મુળ ઉત્તરપ્રદેશ જી.બારાબંકી તથા કનીષકુમાર ઉર્ફે કનો ભગવતીભાઈ પટેલ (મૈસુરીયા) (રહે. સાંઈ વાટીકા રેસીડેન્સી,ઓલપાડ સાયણ રોડ) ( મુળ રહે. ભાંડુત ગામ)એ ગૌરીબેનના ગળામાંથી રૂ.૩૬ હજારની ચેઈન ઝુંટવી લીધી હતી. આ કેસની કોર્ટમાં સુનાવણી થતા આરોપીઓ તરફે એડવોકેટ નયન બી.રાજપુત અને સી.જે.લાકડાવાલાએ દલીલો કરી હતી. ગુનાહીત કૃત્યમાં આરોપીની સંડોવણી હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર ન આવતા તેમજ નિશંકપણે કેસ પુરવાર ન થતા કોર્ટે આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ કર્યો હતો.

# કિડિયા બેટ પર ઝીંગા તળાવો અંગે તપાસ કરવા મુખ્યમંત્રીનો આદેશ

### કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા ફરિયાદ કરાતા સીએમનો હુકમ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

સુરત શહેરના મજુરા તાલુકામાં કિડિયા બેડ વિસ્તારમાં સરકારી જમીન પર ગેરકાયદેસર ઝીંગા તળાવોના નિર્માણ અને તેના દૂર કરવા અંગેના નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)ના આદેશોના પાલનમાં નિષ્ફળતા તેમજ જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી કરવા બાબતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શનભાઈ નાયક દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય સુરત જિલ્લા કલેક્ટર શ્રી ને તા.૨૨/૦૧/૨૦૨૬ નાં રોજ રજૂઆત કરવામાં આવેલ હતી.

જેના અનુંસંધાનમાં અધિક રજીસ્ટ્રાર,કલેકટર કચેરી સુરત દ્વારા તા. ૦૩/૦૨/૨૦૨૬ ના રોજ ઉપરોક્ત વિષય બાબતે અરજદારની રજૂઆતને ધ્યાને લઈ મેનેજીંગ ડાઈરેક્ટર,DGVCL ને તેમજ નાયબ કલેક્ટર અને સબ ડીવીઝન પ્રાંત અધિકારી શ્રી,ઓલપાડ ને નિયમોનુસાર ની કાર્યવાહી કરવા કરવા સૂચના આપવામાં આવી.

નાયબ કલેક્ટર અને સબ ડીવીઝન ઓલપાડ પ્રાંત અધિકારીશ્રી દ્વારા અધિક રજીસ્ટ્રાર સુરત કલેક્ટર કચેરી થી સૂચના મુજબ તા.૧૦/૦૨/૨૦૨૬ ના રોજ મામલતદાર શ્રી,ચોર્યાસી તાલુકાને ઉપરોક્ત બાબતે જરૂરી કાર્યવાહી કરી વિગતવાર અહેવાલ રજુ કરવા આદેશ આપવામાં આવ્યો.

# એપાર્ટમેન્ટની છતનો પોપડો માથા પર પડતા વૃદ્ધનું મોત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

પીપલોદ વિસ્તારમાં એક અત્યંત કરુણ અને આઘાતજનક દુર્ઘટના સામે આવી છે, જેમાં એપાર્ટમેન્ટના પેસેજમાંથી પસાર થઈ રહેલા એક વૃદ્ધનું છતનું પ્લાસ્ટર માથે પડતા મોત નીપજ્યું હતું.પીપલોદમાં જૂની રાજહંસ સિનેમા પાસે આવેલા 'સાંસ્કૃત એપાર્ટમેન્ટ'માં રહેતા ૬૧ વર્ષીય શિરીષચંદ્ર હરદયાલ શ્રીવાસ્તવ ગઈકાલે બપોરે પાર્કિંગના પેસેજમાંથી ચાલીને જઈ રહ્યા હતા. તે સમયે અચાનક છત પરથી પ્લાસ્ટરનો મોટો હિસ્સો તેમના માથા પર પડતા તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.તેમને તાત્કાલિક ૧૦૮ મારફતે પીપલોદની સનસાઈન ગ્લોબલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તપાસીને બપોરે વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતા. બિલ્ડિંગના જર્જરિત પ્લાસ્ટરને કારણે નિર્દોષ નાગરિકે જીવ ગુમાવતા સ્થાનિકોમાં તંત્ર અને સોસાયટીના મેન્ટેનન્સ સામે રોષ જોવા મળી રહ્યો છે.

# ચેક રિટર્ન કેસમાં રાંદેરના રાજ શાહને એક વર્ષની સજા

### મૂળ રકમ ૯ ટકા વ્યાજ સાથે ચૂકવી દેવા ઓલપોડ કોર્ટનો હુકમ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૦**

મિત્રાતાના દાવે ઉછીના લીધેલા નાણાં પરત ન કરવાના કિસ્સામાં ઓલપાડ કોર્ટે ચેક રીટર્ન કેસમાં રાંદેરના રાજ શાહને કોર્ટે એક વર્ષની કેદની સજા કરી હતી.

કેસની વિગતો મુજબ, ઓલપાડના ફરીદખાન પઠાણે તેમના મિત્ર પંકજભાઈ શાહના પુત્ર રાજ પંકજ શાહ (રહે. રાંદેર, સુરત) ને આર્થિક મુશ્કેલીના સમયે મદદ કરવા રૂા. ૧૦ લાખ ચેકથી આપ્યા હતા. જેમાંથી રાજે ૫ લાખનો ચેક પરત આપ્યો હતો, જે બેંકમાં અપૂરતા ભંડોળના કારણે રિટર્ન થયો હતો.

ફરિયાદીએ એડવોકેટ પરેશ એન. ગલીઆવાલા મારફતે ઓલપાડ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. કેસની સુનાવણી બાદ કોર્ટે આરોપી રાજ શાહને એક વર્ષની સાદી કેદ અને રૂા. ૨,૦૦૦ દંડની સજા ફટકારી છે. વધુમાં, કોર્ટે આરોપીને ચેકની રકમ રૂા. ૫ લાખ વાર્ષિક ૯% વ્યાજ સાથે વળતર તરીકે ચૂકવવાનો આદેશ કર્યો છે, જે ફરિયાદી આરોપીની મિલકતમાંથી વસૂલ કરી શકશે.